દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ/2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 103 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ વૈશાખ સુદ-૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 2 May 2025, Friday ■ REGD.No. MCS/058/2018-20
શુક્રવાર, ૨ મે ૨૦૨૫ (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
મેટિની પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ગૃહ પ્રધાન અમિત શાહની ગર્જના

## વીણી-વીણીને આતંકવાદીઓનો સફાયો કરાશે

નવી દિલ્હીઃ આતંકવાદીઓની વીણી વીણીને મારીશું એમ જણાવતાં ગૃહ પ્રધાન અમિત શાહે ગુરુવારે કહ્યું હતું કે ઈંચ ઈંચ જમીન પરથી આતંકવાદને નેસ્તનાબૂદ કરવામાં આવશે.

આતંકવાદ અને આતંકવાદીઓને નેસ્તનાબૂદ કરવાની ઝુંબેશમાં વિશ્વના તમામ દેશ ભારતની પડખે છે એમ જણાવતાં અમિત શાહે કહ્યું હતું કે આતંકવાદ જ્યાં સુધી સંપૂર્ણપણે નેસ્તનાબૂદ ન થાય ત્યાં સુધી તેમને સજા કરવામાં આવશે.

દિલ્હીમાં એક કાર્યક્રમને સંબોધન કરતાં અમિત શાહે કહ્યું હતું કે પહલગામ આતંકવાદી હુમલાનો ગણી ગણીને બદલો લેવામાં આવશે. આ નરેન્દ્ર મોદીની સરકાર છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારતે પાકિસ્તાન વિરુદ્ધ અનેક કડક પગલાં લીધાં છે.

કોઈ એમ ન સમજે કે ભારતના ૨૭ જણને મોતને ઘાટ ઉતારીને તેમણે લડાઈ જીતી લીધી છે. હું એમને એમ કહેવા માગું છું કે જવાબદાર તમામ વ્યક્તિને વળતો જવાબ આપવામાં આવશે અને તેમની પાસેથી જવાબ લેવામાં પણ આવશે.

કોઈ કાયરતાપૂર્ણ હુમલો કરીને એમ ન સમજે કે આ એમની જીત છે. એ લોકોએ સમજી લેવાની જરૂર છે કે ગણી ગણીને બદલો લેવામાં આવશે. આજે ફરી એ સંકલ્પની યાદ અપાવું છું કે ડાબેરી ઉગ્રવાદ હોય કે પછી કાશ્મીરનો મુદ્દો હોય વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાનીમાં આતંકવાદ વિરુદ્ધની અમારી લડત ચાલુ રહેશે.

જો કોઈ કાયરતાપૂર્ણ કૃત્ય કરશે તો તેમને બક્ષવામાં નહીં આવે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે ઈંચ ઈંચ પરથી આતંકવાદનો સફાયો કરવામાં આવશે. આ ઝુંબેશમાં વિશ્વના તમામ દેશ ભારતની પડખે છે. જ્યાં સુધી આતંકવાદને નેસ્તનાબૂદ નહીં થાય ત્યાં સુધી તેમને સજા કરવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું.

પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારત સતત પાકિસ્તાન વિરુદ્ધ મોટા નિર્ણય લઈ રહ્યું છે. પાકિસ્તાનના વિમાન માટે હવાઈ સીમા બંધ કરવાનો ભારત સરકારે બુધવારે નિર્ણય લીધો હતો. હુમલાના એક દિવસ બાદ એટલે કે ૨૩ એપ્રિલે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી સીસીએસની બેઠકમાં પાકિસ્તાન વિરુદ્ધ મોટા નિર્ણયો લેવામાં આવ્યા હતા.

સૌથી પહેલા ભારતે પાકિસ્તાની નાગરિકોને ભારતમાંથી હાંકી કાઢવા અટારી બોર્ડર ચેક પૉસ્ટ બંધ કરી દીધી હતી જેથી કોઈ પણ પાકિસ્તાની નાગરિક તેની પાસે ભારતીય વિઝા હોય

(જુઓ પાનું ૨) ▸▸



## એપ્રિલમાં જીએસટીનું ₹ ૨.૩૭ લાખ કરોડનું વિક્રમજનક કલેક્શન

નવી દિલ્હીઃ આ વરસે એપ્રિલ મહિનામાં ગુડ્સ ઍન્ડ સર્વિસ ટૅક્સ (જીએસટી)નું રૂ. ૨.૩૭ લાખ કરોડનું વિક્રમજનક કલેક્શન થયું હોવાનું સરકાર દ્વારા ગુરુવારે જાહેર કરવામાં આવેલા આંકડાઓમાં દર્શાવવામાં આવ્યું હતું. જીએસટીનું અત્યાર સુધીનું આ સર્વોચ્ચ કલેક્શન હતું. એપ્રિલમાં જીએસટીના કલેક્શનમાં ૧૨.૬ ટકાનો વધારો જોવા મળ્યો હતો.

વર્ષ ૨૦૨૪ના એપ્રિલમાં જીએસટીના કલેક્શનનો આંક રૂ. ૨.૧૦ લાખ કરોડ રહ્યો હતો.

વર્ષ ૨૦૧૭ની પહેલી જુલાઈએ જીએસટી અમલમાં મુકાયા બાદ જીએસટી કલેક્શનનો આ બીજા ક્રમાંકનો સર્વોચ્ચ આંક હતો.

વર્ષ ૨૦૨૫ના માર્ચમાં જીએસટી કલેક્શનનો આંક રૂ. ૧.૯૬ લાખ કરોડ રહ્યો હતો.

સ્થાનિક ટ્રાન્ઝેક્શન મારફતે જીએસટી કલેક્શનનો આંક ૧૦.૭ ટકા વધીને રૂ. ૧.૯ લાખ કરોડ રહ્યો હતો તો આયાત મારફતે થયેલા જીએસટી કલેક્શનનો આંક ૨૦.૮ ટકા વધીને રૂ. ૪૬,૯૧૩ કરોડ રહ્યો હતો. એપ્રિલમાં રિફંડમાં ૪૮.૩ ટકાનો વધારો જોવા

(જુઓ પાનું ૨) ▸▸

શું તમે સેનાનો નૈતિક જુસ્સો તોડવા માગો છો?

## સુપ્રીમે પહલગામ હુમલા અંગેની જનહિતની અરજીની સુનાવણી કરવાનું નકાર્યું

નવી દિલ્હીઃ બાવીસ એપ્રિલે કરવામાં આવેલા પહલગામ આતંકવાદી હુમલાને મામલે જ્યૂડિશિયલ તપાસની માગણી કરતી જનહિતની અરજીની સુનાવણી હાથ ધરવાનું સુપ્રીમ કોર્ટે ગુરુવારે એમ કહીને નકારી કાઢ્યું હતું કે શું તમે સેનાનો નૈતિક જુસ્સો તોડવા માગો છો?

નિવૃત્ત ન્યાયાધીશની દેખરેખ હેઠળ પહલગામ આતંકવાદી હુમલાને મામલે તપાસ યોજવાની માગણી કરનાર અરજકર્તાનો ન્યાયાધીશ સૂર્યકાન્ત અને એન. કોટિશ્વરની ખંડપીઠે ઊધડો લીધો હતો અને કહ્યું હતું કે આ પ્રકારની અરજી દાખલ કરીને શું તમે સેનાનો નૈતિક જુસ્સો તોડવા માગો છો?

અદાલત સમક્ષ આ પ્રકારના મુદ્દા લઈને ન આવો, એમ ખંડપીઠે કહ્યું હતું.

અરજકર્તા ફાતેશકુમાર શાહુ અને અન્યોને કોર્ટે આ

(જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકા આતંકવાદ સામે ભારત સાથે સહયોગ કરવા પ્રતિબદ્ધ

નવી દિલ્હીઃ પહલગામ આતંકવાદી હુમલાને પગલે ભારત અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રુબિયોએ વિદેશ પ્રધાન એસ. જયશંકર સાથે ફોન પર વાતચીત કરી હતી. વાતચીત દરમ્યાન આતંકવાદ સામે લડવા માટે અમેરિકા ભારત સાથે સહયોગ કરવા માટે પ્રતિબદ્ધ હોવાનું રુબિયોએ જણાવ્યું હતું.

જયશંકરે રુબિયોને કહ્યું કે પહલગામ આતંકવાદી હુમલાના ગુનેગારો, સહયોગીઓ અને કાવતરાખોરોને ન્યાયના કઠેડામાં લાવવા જ જોઇએ. વિદેશ પ્રધાને એક્સ પર જણાવ્યું કે ગઇકાલે અમેરિકી વિદેશ પ્રધાન માર્કો રુબિયો સાથે પહેલગામ આતંકવાદી હુમલા અંગે ચર્ચા કરી હતી. હુમલાના ગુનેગારો, સહયોગીઓ અને કાવતરાખોરોને ન્યાયના કઠેડામાં લાવવા જ જોઇએ.

૨૨ એપ્રિલના રોજ થયેલા હુમલા પાછળ સીમાપાર સંબંધોનો હવાલો આપતા ભારતે હુમલામાં સામેલ લોકોને આકરી સજા આપવાનું વચન આપ્યું છે. જેમાં ૨૬ નાગરિકોનાં મોત થયા હતા. અમેરિકી વિદેશ વિભાગે જણાવ્યું કે રુબિયોએ પહલગામમાં થયેલા ભયંકર

(જુઓ પાનું ૨) ▸▸

## ટ્રેડ વૉરને કારણે ચીને વધુ સહન કરવું પડશેઃ ટ્રમ્પ

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે બુધવારે કહ્યું હતું કે ટૅરિફમાં કરવામાં આવેલા વધારાને કારણે અમેરિકાના ઉત્પાદનો મોંઘા થશે અને અમેરિકાના બાળકોને ભલે ૩૦ને બદલે બે ઢીંગલી મળશે જે કદાચ થોડી મોંઘી પડશે પણ ટ્રેડ વૉરને કારણે ચીને વધુ સહન કરવું પડશે. વર્ષના પ્રથમ ત્રણ મહિનામાં અમેરિકાનું અર્થતંત્ર ૦.૩ ટકા સંકોચાયું હોવાનાં સરકારના અહેવાલ બાદ ટ્રમ્પે ટૅરિફમાં વધારાને કારણે હતાશ થયેલા દેશોને ખાતરી આપી હતી કે અમેરિકાએ વધારેલા ટૅરિફને કારણે મંદી નહીં આવે.

વર્ષના પ્રથમ ત્રણ મહિનામાં અમેરિકાનું અર્થતંત્ર સંકોચાયું હોવા માટે ટ્રમ્પે પોતાના પુરોગામી જૉ બાઈડનને દોષી ઠેરવ્યા હતા. ટ્રમ્પે કહ્યું હતું કે ટૅરિફ વધારાને કારણે ચીન ભારે મુશ્કેલીમાં મુકાયું છે કેમ કે તેમની ફેક્ટરીઓમાં ઉત્પાદન ઘટી રહ્યું છે.

ટ્રમ્પે કહ્યું હતું કે હકીકતમાં વિશ્વના સૌથી મોટા ઉત્પાદક દેશ પાસેથી આયાત કરવાની અમેરિકાને કોઈ જરૂર નથી.

નવી ટૅરિફ ટૂંક સમયમાં જ લાગુ પડશે અને વિક્રમજનક સંખ્યામાં કંપનીઓએ અમેરિકામાં આવવાનું શરૂ કરી દીધું છે એમ જણાવતાં ટ્રમ્પે કહ્યું હતું કે અમેરિકાના અર્થતંત્રમાં જલદી જ સુધારો જોવા મળશે. જોકે એને થોડો સમય લાગશે, પરંતુ ટૅરિફ સાથે તેને કોઈ લેવાદેવા નથી, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)■

વેવ્ઝ ખાતે વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો મંત્ર

## ક્રિએટ ઈન ઈન્ડિયા, ક્રિએટ ફોર વર્લ્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે જણાવ્યું હતું કે વેવ્ઝ સમિટ આંતરરાષ્ટ્રીય પ્રતિભા અને સર્જનાત્મકતાને એક સ્થળે લાવતી વૈશ્વિક ઇકોસિસ્ટમનો પાયો નાખશે.

અહીં પ્રથમ વર્લ્ડ ઑડિઓ વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેનમેન્ટ સમિટ (વેવ્ઝ)નું ઉદ્‌ઘાટન કરતાં તેમણે કહ્યું હતું કે જ્યારે દુનિયા વાર્તા કહેવાની નવી રીતો શોધી રહી છે, જ્યારે ભારત પાસે આપવા માટે ઘણું બધું છે, આ બાબતને ધ્યાનમાં રાખીને 'ભારતમાં બનાવો, વિશ્વ માટે બનાવો' (ક્રિએટ ઈન ઈન્ડિયા, ક્રિએટ ફોર વર્લ્ડ) માટે આ યોગ્ય સમય છે. મોદીએ સર્જનાત્મક જવાબદારીની તરફેણ કરતાં કહ્યું કે ટેક્નોલોજી લોકોના જીવનમાં વધુને વધુ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે અને માનવ સંવેદનશીલતા જાળવવા માટે વધારાના પ્રયત્નોની જરૂર છે. 'માનવોને રોબોમાં ફેરવવા જોઈએ નહીં.

(જુઓ પાનું ૨) ▸▸




**સંબોધન...:** મુંબઈના બીકેસીમાં યોજાયેલા વેવ્ઝ સમિટને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સંબોધ્યો હતો. (પીટીઆઇ)

'વેવ્ઝ'ના વધુ અહેવાલ ૯

## ઉદ્‌ઘાટન સમારોહ માટે કેદારનાથ ધામને ૧૦૮ ક્વિન્ટલ વિવિધ ફૂલોથી શણગારવામાં આવ્યું

કેદારનાથઃ કેદારનાથ ધામના કપાટ શુક્રવારે વહેલી સવારે ભક્તો માટે ફરીથી ખુલ્લા મુકાયા છે અને આ પ્રસંગને અનુરૂપ મંદિરને દેશ અને વિદેશથી લાવવામાં આવેલા ૧૦૮ ક્વિન્ટલ વિવિધ ફૂલોથી શણગારવામાં આવ્યું છે.

મંદિરને સજાવવા માટે ૧૫૦થી વધુ સ્વયંસેવકોએ દિવસ-રાત કામ કર્યું છે અને તેમાંથી દરેકે ભગવાન શિવની સેવા કરવાની તક મેળવીને ધન્યતા અનુભવી હોવાની વાત જણાવી હતી.

મંદિરને શણગારવા માટે નેપાળ, થાઇલેન્ડ, શ્રીલંકા, દિલ્હી, કાશ્મીર, પુણે, કોલકાતા અને પટના સહિત ભારતભરમાંથી લાવવામાં આવેલા ગુલાબ અને ગલગોટા સહિત ચોપન પ્રકારના ફૂલોનો ઉપયોગ કરવામાં આવ્યો છે, એમ વડોદરાના શ્રીજલ વ્યાસે જણાવ્યું હતું, જેઓ મંદિરને શણગારવામાં રોકાયેલા સ્વયંસેવકોનું નેતૃત્વ કરે છે.

ગલગોટાના ફૂલો ખાસ કરીને કોલકાતા ગામમાંથી લાવવામાં આવે છે કારણ કે સ્થાનિક જાતોથી વિપરીત, તેઓ ઝડપથી કરમાતા નથી, સરેરાશ ૧૦-૧૫ દિવસ સુધી ચાલે છે, એમ વ્યાસે જણાવ્યું હતું.

અગાઉ મંદિરના મુખ્ય પૂજારી રાવલ ભીમાશંકર લિંગે જણાવ્યું હતું કે શુક્રવારે સવારે ૭ વાગ્યે મંદિરના દરવાજા ખોલવામાં આવશે. કેદારનાથમાં શ્રદ્ધાળુઓ માટે આ વખતે એક

(જુઓ પાનું ૨) ▸▸



**ચારધામ યાત્રાનો આરંભઃ** રુદ્રપ્રયાગ જિલ્લામાં કેદારનાથ મંદિરના દરવાજા શુક્રવારે ખોલવામાં આવે તે અગાઉ ગુરુવારે લોકો ઉમટી પડ્યાં હતાં અને દેશ-વિદેશના ફૂલોથી કેદારનાથને શણગારવામાં આવ્યું હતું. (એજન્સી)

## જમ્મુ અને કાશ્મીર માટે એપ્રિલ મહિનો જીવલેણ રહ્યોઃ ૩૪નાં મોત

સુરેશ એશ. ડુગ્ગર

જમ્મુ : જમ્મુ અને કાશ્મીર માટે એપ્રિલનો મહિનો છેલ્લાં પાંચ વર્ષમાં સૌથી જીવલેણ સાબિત થયો. આ મહિનામાં આતંકવાદી હિંસામાં વધારો જોવા મળ્યો હતો. પચીસ પર્યટક સહિત ૨૭ નાગરિક માર્યા ગયા. આ ઘાતક ઘટનાઓની આખી શૃંખલા જોવા મળે છે. આ મહિનામાં પાંચ અથડામણ થઈ. આમાં પાંચ બિનસ્થાનિક આતંકવાદી માર્યા ગયા જેમાં બે ઘૂસણખોર હતા. આમાં બે સૈનિક શહીદ થયા હતા.

સૌથી કાતિલ હુમલો પહલગામના પર્યટક સ્થળે થયો. બૈસરન વિસ્તારમાં એક ક્રૂર હુમલામાં ૨૮ લોકોએ જાન ગુમાવ્યા હતા. આમાં હાપતનાર્ડ ગામમાં એક સ્થાનિક નિવાસી સૈયદ આદિલ હુસૈન શાહ પણ સામેલ છે. આ હુમલામાં અજ્ઞાત પર્યટકોને લક્ષ્ય બનાવવામાં આવ્યા. આને લીધે વેલી અને અન્ય સ્થાનોમાં ખળભળાટ મચી ગયો.

મહિનાની શરૂઆતમાં આતંકવાદી ગતિવિધિમાં વધારાનો સંકેત મળી ગયો. કથુઆના પંજતીર્થી વન ક્ષેત્રમાં અથડામણ થઈ. ભારત અને પાકિસ્તાની લશ્કર વચ્ચે ગોળીબાર પછી અંકુશ રેખામાં પૂંચમાં એક માઈન બ્લાસ્ટ થયો હતો. બિલાવર કથુઆમાં શંકાસ્પદ ઉગ્રવાદી ગતિવિધિને કારણે અભિયાન સમૂહ તરફથી ગોળીબાર થયો હતો.

આ મહિનાના અંતમાં એક જ દિવસે રામનગરના જોફર વનક્ષેત્ર અને ચતરો કિશ્તવાડમાં બે મોટી અથડામણે જમ્મુના પહાડી વિસ્તારોમાં આતંકવાદીની હાજરીમાં વૃદ્ધિનો સંકેત આપ્યો હતો. કિશ્તવાડ ઓપરેશનમાં ત્રણ આતંકવાદીઓને ઠાર કરાયા હતા. અખનૂરના કેરી બટાલ ક્ષેત્રમાં ભીષણ ગોળીબારમાં જુનિયર કમિશન્ડ અધિકારી કુલદીપ ચંદ શહીદ થયા હતા.

બારામુલ્લામાં ઉરી સેક્ટરમાં સીમા ઉલ્લંઘનને વિફળ બનાવીને બે આતંકવાદીને ઠાર મારવામાં આવ્યા હતા. તેના એક દિવસ બાદ ઉધમપુરના દુદુ વસંતગઢ વિસ્તારમાં સામસામા ગોળીબારમાં વધુ એક જવાન માર્યા ગયો જેથી મૃતકોની સંખ્યામાં વધારો થયો. ■

## અજમેરની હોટેલમાં અગ્નિતાંડવ, ચારનાં મોત

ઈસ્લામાબાદ : ગુરુવારે રાજસ્થાનના અજમેરના દિગ્ગિ બજાર એરિયાની હોટેલમાં આગ લાગતાં ચાર જણનાં મોત થયાં હતાં, એવી માહિતી અધિકારીઓએ આપી હતી. પાંચ માળની ઈમારતમાં અમુક મહેમાનોએ બારીમાંથી કૂદકો મારીને પોતાના જીવ બચાવ્યા હતા.

જેએલએન મેડિકલ કૉલેજના પ્રિન્સિપલ ડૉક્ટર અનિલ સમારિયાએ કહ્યું હતું કે ગુરવારે સવારે દિગ્ગિ બજાર એરિયાની હોટેલમાં આગની ઘટના બની હતી. પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. બે પુરુષ, એક મહિલા અને એક બાળક એમ ચાર જણ ગૂંગળામણ અને દાઝવાની ઈજાને લીધે મરણ પામ્યાં હતાં.

વધારાના એસપી હિમાંશુ જનગિડે કહ્યું હતું કે હોટેલ તરફ જતા સાંકડા રોડને લીધે બચાવ કામગીરીમાં અડચણ ઊભી થઈ હતી. શોર્ટ સર્કિટને લીધે આગ લાગી હતી.

હોટેલના એક મહેમાન મંગિલા કાલોસિયાએ કહ્યું હતું કે એક ધડાકાનો અવાજ આવતા હું અને મારી પત્ની બહાર ધસી આવ્યાં હતાં. એક મહિલાએ તેના બાળકને મારા ખોળામાં ફેંક્યું હતું. તેણે પણ કૂદકો મારવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ અમે તેને રોકી હતી. મંગિલાએ વધુમાં કહ્યું હતું કે એક માણસે બારીમાંથી કૂદકો માર્યો હતો અને તેને માથામાં ઈજા થઈ હતી. (એજન્સી)■




**આગઃ** અજમેરમાં ગુરુવારે એક હોટલમાં આગ લાગ્યા બાદ ઘટનાસ્થળે પહોંચેલી પોલીસ અને અગ્નિશમન દળની ટુકડી. આ આગમાં એક બાળક સહિત ચાર જણ જીવતા ભુંજાઈ ગયા હતા. (એજન્સી)

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કેનેડામાં કાર્નીની જીત ભારત માટે ફાયદાકારક

**અમેરિકા** અને કેનેડા વચ્ચે ચાલી રહેલી ટૅરિફ વોર વચ્ચે કેનેડામાં લિબરલ પાર્ટીની જીત થતાં ડોનલ્ડ ટ્રમ્પને વધુ એક ફટકો પડ્યો છે કેમ કે ટ્રમ્પ વિરોધી માર્ક કાર્ની ફરી વડા પ્રધાન બનશે. લિબરલ પાર્ટી આ જીત સાથે ચોથી વખત સત્તામાં આવી છે.

લિબરલ પાર્ટીએ સંસદની ચૂંટણીમાં સંસદની ૩૪૩માંથી ૧૬૯ બેઠક જીતતાં સ્પષ્ટ બહુમતી નથી મળી પણ ૧૭૨ બેઠકના બહુમતી આંકડાથી માત્ર ૩ બેઠક ઓછી મળી છે તેથી માર્ક કાર્નીની સરકાર આખી ટર્મ પૂરી કરશે એ નક્કી છે. લિબરલ પાર્ટીની મુખ્ય હરીફ કન્ઝર્વેટિવ પાર્ટી ફક્ત ૧૪૪ બેઠક જીતી શકી છે. કન્ઝર્વેટિવ પાર્ટી માટે ખરાબ વાત એ છે કે, પાર્ટીના નેતા પિયર પોઇલીવરે પોતે લિબરલ પાર્ટીના ઉમેદવાર સામે હારી ગયા છે તેથી લિબરલ પાર્ટી જોરમાં છે.

આ પરિણામો અમેરિકા અને ખાસ તો ડોનલ્ડ ટ્રમ્પ માટે મોટા ફટકા સમાન છે કેમ કે માર્ક કાર્ની ઘોર અમેરિકા વિરોધી છે. અમેરિકાના પ્રમુખપદે ડોનલ્ડ ટ્રમ્પની એન્ટ્રી પછી કેનેડાના તત્કાલિન વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોને વારંવાર અપમાનિત કરીને તેમને વિદાય થવાની ફરજ પાડી હતી. ટ્રુડોના સ્થાને ડોનલ્ડ ટ્રમ્પ પોતાની કઠપૂતળી જેવા કોઈને વડા પ્રધાન બનાવવા માગતા હતા પણ લિબરલ પાર્ટીએ માર્ક કાર્નીને પસંદ કરીને ટ્રમ્પને ફટકો મારી દીધેલો.

ટ્રુડોના સ્થાને આવેલી માર્ક કાર્ની પહેલેથી અમેરિકા વિરોધી છે તેથી ટ્રમ્પ ઈચ્છતા હતા કે, માર્ક કાર્ની ચૂંટણીમાં હારી જાય પણ ટ્રમ્પની આ મનસા ફળી નથી. કાર્ની વડા પ્રધાન બન્યા ત્યારે લિબરલ પાર્ટીની જીતની શક્યતાઓ ખૂબ ઓછી હતી. લોકપ્રિયતા રેટિંગમાં માત્ર ૨૫ ટકા પોઈન્ટ સાથે લિબરલ પાર્ટી ફરી સત્તામાં નહીં આવે એવું લાગતું હતું પણ માર્ક કાર્નીએ અમેરિકા સામે આકરુ વલણ અપનાવીને બાજી પલટી નાંખી.

ડોનલ્ડ ટ્રમ્પે કેનેડા પર ૨૫ ટકા ટૅરિફ લાદ્યા તો કાર્નીએ વળતો જવાબ આપીને અમેરિકાના માલ પર ૨૫ ટકા ટૅરિફ લાદી દીધા. કાર્નીએ અમેરિકા સામે જેવા સાથે તેવાની નીતિ અપનાવીને જોરદાર જવાબ આપ્યો તેના કારણે કેનેડાની પ્રજા તેમના પર વારી ગઈ અને તેમને ફરી સત્તા સોંપી દીધી.

માર્ક કાર્નીએ એ જ આકરા તેવર ચાલુ રાખ્યા છે અને પોતાની જીત પછીના પોતાના પહેલા ભાષણમાં કાર્નીએ યુનાઇટેડ સ્ટેટ્સ સાથે કેનેડાના સંબંધોનો અંત લાવવાની જાહેરાત કરી દીધી. કાર્નીએ એલાન કર્યું કે અમેરિકાએ દગો આપ્યો છે અને કેનેડા આ વાત ક્યારેય ભૂલશે નહીં. અમેરિકા સાથેના આપણા જૂના સંબંધો એકતા પર આધારિત હતા પણ હવે સમાપ્ત થઈ ગયા છે. બીજા વિશ્વયુદ્ધથી કેનેડા અમેરિકા પર આધાર રાખતું આવ્યું છે અમેરિકાએ આપણા દેશને ઘણા વર્ષો સુધી સમૃદ્ધિ આપી હતી પણ હવે યુએસની વૈશ્વિક વેપાર નીતિ બદલાઈ રહી છે તેથી આપણી સામે નવી વાસ્તવિકતા છે. અમેરિકાના વિશ્વાસઘાતના આઘાતમાંથી આપણે બહાર આવી ગયા છીએ પણ આપણે આ પાઠ ક્યારેય ભૂલવો જોઈએ નહીં.

કાર્નીના પ્રવચન પરથી સ્પષ્ટ સંકેત મળે છે કે, કેનેડા હવે અમેરિકા પર નિર્ભર રહેવાની નીતિ છોડીને આગળ વધી રહ્યું છે. કેનેડા માટે તો આ સારો સંકેત છે જ પણ ભારત માટે પણ આ સારો સંકેત છે કેમ કે કાર્ની વડા પ્રધાન બન્યા પછી તેમણે ભારત સાથેના સંબંધો સારા રાખવાની તરફેણ કરી હતી.

કાર્નીએ ચૂંટણી પ્રચાર દરમિયાન પણ સતત કહેલું કે, હું ફરી સત્તામાં આવીશ તો ભારત સાથેના સંબંધો ફરી મજબૂત કરીશ. કાર્નીએ અમેરિકા સાથેના સંબંધો મર્યાદિત કરવાનો સંકેત આપીને કહેલું કે, કેનેડા હવે પોતાના વ્યાપારી સંબંધોમાં વિવિધતા લાવવા માગે છે અને પોતાના જેવી માનસિકતા ધરાવતા દેશો સાથે પોતાના વ્યાપારી સંબંધો મજબૂત કરવા માગે છે. કાર્નીએ અમેરિકા ભારતને પોતાના માલ પર ટૅરિફ ઓછો કરવા માટે દબાણ કર્યા કરે છે એ સંદર્ભમાં કાર્નીએ કહેલું કે, ભારત સાથેના સંબંધો ફરી મજબૂત કરવાની પુષ્કળ તકો છે.

કાર્ની ફરી પ્રમુખ બનતાં પોતાનું વચન પાળશે એવી આશા રાખી શકાય. કાર્ની એ વચન પાળી શકે તેમ પણ છે કેમ કે કાર્ની ભારતના અર્થતંત્રને સારી રીતે સમજે છે. કાર્ની પહેલાં બ્રુકસફિલ્ડ એસેટ મેનેજમેન્ટમાં કામ કરી ચૂક્યા છે. બ્રુકસફિલ્ડનું ભારતમાં રીયલ એસ્ટેટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રીન્યુએલ એનર્જી, પ્રાઈવેટ ઈક્વિટી વગેરે ક્ષેત્રોમાં લગભગ ૩૦ અબજ ડૉલરનું રોકાણ છે અને બ્રુકસફિલ્ડને ભારતમાં અલગ અલગ સેક્ટરમાં મોટા ભાગનું રોકાણ કાર્નીએ કરાવેલું. તેના કારણે ભારતમાં કરેલું રોકાણ ઉગી નિકળે છે અને ભારતમાં કમાણીની પુષ્કળ તકો છે તેનો તેમને પાકો અનુભવ છે. કેનેડા-ભારતના સંબંધો મજબૂત થાય તો કેનેડાને ભારે ફાયદો થશે તેની તેમને બરાબર ખબર છે તેથી કાર્ની ભારતને માટે ફાયદાકારક સાબિત થશે તેમાં શંકા નથી.

ભારત માટે એક સારી વાત પાછી ખાલિસ્તાનવાદીઓને મળેલી પછડાટ છે. ખાલિસ્તાનવાદીઓને પંપાળતી ન્યૂ ડેમોક્રેટિક પાર્ટી (NDP) ખરાબ રીતે હારી ગઈ છે. પાર્ટી પોતાનો રાષ્ટ્રીય પક્ષનો દરજ્જો પણ ગુમાવી શકે છે, કારણ કે રાષ્ટ્રીય પક્ષ બનવા માટે ઓછામાં ઓછી ૧૨ બેઠકો જીતવી જરૂરી છે. ખાલિસ્તાનવાદી નેતાઓ માટે આ કારમી પછડાટ છે.

વધારે મોટી પછડાટ એ છે કે, ખાલિસ્તાનની માગણીનો સમર્થક અને અગ્રણી ન્યૂ ડેમોક્રેટિક પાર્ટી (NDP)નો નેતા જગમીત સિંહ પોતે પોતાની બેઠક હારી ગયો છે. જગમીત બ્રિટિશ કોલંબિયાના બર્નાબી સેન્ટ્રલની બેઠક પર લિબરલ ઉમેદવાર વેડ ચાંગ સામે હારી ગયો. હાર્યા પછી ધ્રૂસકે ધ્રૂસકે રડી પડેલા જગમીતે બહુ નાટક કર્યાં પણ મતદારોએ તેને પાઠ ભણાવી દીધો છે.

જસ્ટિન ટ્રુડોએ હળાહળ ભારત વિરોધી વલણ અપનાવ્યું હતું કેમ કે ખાલિસ્તાનવાદીઓના ટેકાથી તેમની પાર્ટી ટકેલી હતી. ૨૦૨૧ની ફેડરલ ચૂંટણીમાં એનડીપીએ ૨૫ બેઠકો જીતી તેથી કેનેડાની લોકસભા જેવી હાઉસ ઓફ કોમન્સમાં ચોથો સૌથી મોટો પક્ષ બન્યો હતો. લિબરલ પાર્ટીને બહુમતી ન મળતાં ટ્રુડોએ એનડીપીના ટેકાથી સરકાર ચલાવવી પડતી હતી તેથી ટ્રુડો તેમની સામે વારંવાર ઝૂક્યા કરતા હતા.

કાર્ની ખાલિસ્તાનવાદીઓના ઓશિયાળા નથી તેથી તેમણે ખાલિસ્તાનવાદીઓ નારાજ થઈ જશે તેની ચિંતા કરવાની જરૂર નથી. આ કારણે ભારત સાથેના સંબંધો ફરી મજબૂત કરીને ભારત અને કેનેડા બંનેને ફાયદો કરાવશે એવી આશા વધારે પડતી નથી.

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

ઉત્તરાયણ-સૌર ગ્રીષ્મઋતુ, શુક્રવાર, તા. ૨-૫-૨૦૨૫
શ્રી આદ્યશંકરાચાર્ય જયંતી, શ્રી રામાનુજાચાર્ય જયંતી (દક્ષિણ ભારત).

- ભારતીય દિનાંક ૧૨, માહે વૈશાખ, શકે ૧૯૪૭, વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, વૈશાખ સુદ -૫
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે વૈશાખ, તિથિ સુદ-૫
- પારસી શહેનશાહી રોજ ૨૧મો રામ, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૧મો રામ, માહે ૧૦મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૩મો તીર, માહે ૨જો અર્દીબહેસ્ત, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૩જો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૪થો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- નક્ષત્ર આર્દ્રા બપોરે ક. ૧૩-૦૩ સુધી, પછી પુનર્વસુ, ચંદ્ર મિથુનમાં, ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૭, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૯, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૬, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૫-૩૩, મધ્યરાત્રિ પછી ક. ૩.૧૬ (તા. ૧લી), ઓટઃ સવારે ક. ૮.૪૧, રાત્રે ક.૨૧.૫૫.
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શકસંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, વૈશાખ શુક્લ-પંચમી. શ્રી આદ્યશંકરાચાર્ય જયંતી, શ્રી રામાનુજાચાર્ય જયંતી (દક્ષિણ ભારત). શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.મુહૂર્ત વિશેષઃ વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા, ઉપનયન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શુક્ર -રાહુ ગ્રહ દેવતાનું પૂજન, શીવ પાર્વતી પરિવાર પૂજા. રુદ્રાભિષેક. શિવલિંગ ઉપર અગરની ઔષધીનુ લેપન કરવો. સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજાઔષધ ઉપચારનો પ્રારંભ, બાળકને અન્નપ્રાશન, નામકરણ, દેવદર્શન, વિદ્યારંભ, મંદિરોમાં પાટ અભિષેક પૂજા, ધજા, કળશ પતાકા ચઢાવવી. નવી નોકરી, નવું પદ ગ્રહણ, નવો હોદ્દો સંભાળવો. બગીચો બનાવવો, ધાન્ય ઘરે લાવવું. ધાન્ય ભરવું, નવા વસ્ત્રો આભૂષણ, પશુ લેવડ-દેવડ, ઘર, ખેતર, જમીન, મકાન, ફ્લેટ લેવડ દેવડ, પ્રાણી પાળવાં, પરદેશ પ્રવાસનું પસ્તાનું. પ્રથમ વાહન, નૌકા બાંધવી, વૃક્ષ વાવવા. ઉપવાટિકા બનાવવી. મે-૨૦૨૫નાં સંક્ષિપ્ત ગ્રહ-રાશિ-નક્ષત્ર, ઉદય-અસ્તઃ તા. ૨ મે ૨૦૨૫ નાં સૂર્યાદિ ગ્રહનાં ઉદય અસ્તઃ તા. ૧. મુંબઈ સૂર્યોદયઃ ક. ૦૬ મિ. ૧૨, સૂર્યાસ્તઃ ક. ૧૮ મિ. ૫૮, ચંદ્ર ઉદયઃ ક. ૧૦.૧૨, ચંદ્ર અસ્તઃ ક. ૦૦-૦૬, બુધ ઉદયઃ ક. ૦૪-૫૭,બુધ અસ્તઃ ક. ૧૭-૦૭, શુક્ર ઉદયઃ ક.૦૩-૫૬, અસ્તઃ ક. ૧૫-૫૯, મંગળ ઉદયઃ ક. ૧૨-૦૨, અસ્તઃ ક.૦૧-૦૨, ગુરુ ઉદયઃ ક. ૦૮-૪૮, અસ્તઃ ક. ૨૧-૫૪, શનિ ઉદયઃ ક.૦૩-૫૬, અસ્તઃ રાત્રે ક.૧૫-૫૦,તા. ૨મે સૂર્યોદયના સમયે મેષ રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્યાસ્તના સમયે તુલા રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્ય તા. ૧૧ મેએ કૃતિકા નક્ષત્ર, સૂર્ય તા. ૨૫મીએ રોહિણી નક્ષત્રમાં આવે છે. તા.૧૫મીએ સૂર્ય મિથુન રાશિમાં આવે છે. મંગળ પ્રારંભે પુષ્ય નક્ષત્રમાં રહે છે.તા.૧૨મીએ આશ્લેષા નક્ષત્રમાં આવે છે. મંગળ કર્ક રાશિમાં આખો માસ મધ્યમ ગતિએ માર્ગી ભ્રમણ કરે છે. પ્રારંભે મીન રાશિમાં, રેવતી નક્ષત્ર બુધ માર્ગી ભ્રમણ કરે છે. તા. ૭મીએ બુધ મેષ રાશિમાં, અશ્વિની નક્ષત્રમાં, તા. ૧૫મીએ ભરણી નક્ષત્રમાં તા. ૨૧મીએ કૃતિકામાં, તા.૨૩મીએ બુધ વૃષભ રાશિમાં આવી માસાંત સુધી વૃષભ રાશિમાં રહે છે. બુધ માર્ગી ગતિએ પ્રારંભે મધ્યમથી અતિચારી ગતિએ માસાંત સુધિમાં ભ્રમણ કર છે. માર્ગી ગુરુ વૃષભ રાશિમાથી તા. ૧૪મીએ મિથુન રાશિમાં પ્રવેશે છે. ગુરુ સમગ્ર માસમાં મૃગશીર્ષ નક્ષત્રમાં ભ્રમણ કરે છે. માર્ગી શુક્ર મીન રાશિમાથી ૩૧મીએ મેષ રાશિમાં પ્રવેશે છે. શુક્ર પ્રારંભે ઉત્તરા ભાદ્રપદામાં રહે છે. તા. ૧૬મીએ રેવતી નક્ષત્રમાં, તા. ૩૧મીએ અશ્વિની નક્ષત્રમાં આવે છે. સમગ્ર માસમાં માર્ગી શનિ મીન રાશિમાં ભ્રમણ કરે છે. શનિ ઉત્તરાભાદ્રપદા નક્ષત્રમાં ભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. આચમનઃ ચંદ્ર-બુધ ચતુષ્કોણ અનિયંત્રિત વાણી વિલાસ, શુક્ર-નેપ્ચૂન યુતિ મહેનત વગર નાણાં મેળવવાનો અભિગમ. ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ ચતુષ્કોણ, શુક્ર-નેપ્ચૂન યુતિ. ચંદ્ર-પુનર્વસુ યુતિ. ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, મંગળ-કર્ક, બુધ-મીન, ગુરુ-વૃષભ, શુક્ર-મીન, શનિ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## જાતિ આધારિત જનગણનાઃ સરકારે હેડલાઈન આપી પરંતુ ડેડલાઈનનું શું: કૉંગ્રેસ

કોલકાતા : કૉંગ્રેસે ગુરુવારે દાવો કર્યો હતો કે વડા પ્રધાન ડેડલાઈન (સમયમર્યાદા) વિના હેડલાઈન (સમાચારના મથાળા) આપવામાં નિપુણ છે. પહલગામ આતંકવાદી હુમલાને પગલે પાકિસ્તાન સામે કડક પગલાં લેવાની માગણી થઈ રહી છે ત્યારે સરકારની જાતીય ગણતરી કરવાના નિર્ણયને ધ્યાન ભટકાવાની વ્યૂહરચના કૉંગ્રેસે ગણાવી હતી.

કૉંગ્રેસના મહામંત્રી (કમ્યુનિકેશન) જયરામ રમેશે કહ્યું હતું કે આ નિર્ણય અંગે ઘણા અને ખાસ કરને ઈરાદા અંગે સવાલો ઊભા થાય છે. કૉંગ્રેસે પૂછ્યું હતું કે જાતીય ગણતરી કરવાની ડેડલાઈન કયા છે. પક્ષની ૨૪, અકબર રોડ ઑફિસમાં વડા પ્રધાને જે જાહેરાત કરી તેની આલોચના કરતાં જયરામે કહ્યું હતું કે મોદી ડેડલાઈન દીધા વગર હેડલાઈન દેવામાં નિપૂણ છે.

રમેશે વધુમાં કહ્યું હતું કે ભાજપ સરકારે જે રીતે જાતીય ગણતરી માટે સંમતિ દાખવી એ તેનો 'નૈતિક અને રાજકીય પરાજય' સૂચવે છે. પહેલા દિવસથી મોદી અને આરએસએસ જાતીય ગણતરીનો વિરોધ કરતા હતા. આથી રાહુલ ગાંધીએ બુધવારે કહ્યું હતું કે આ ઓચિંતી બનેલી ઘટના છે. રમેશે કહ્યું હતું કે વડા પ્રધાને સૌથી મોટો યુ-ટર્ન લીધો છે. તેમણે જીએસટી, આધાર, મનરેગા, અન્ન સુરક્ષા કાયદો અને હવે જાતીય ગણતરી અંગે યુ-ટર્ન લીધો છે. હવે આપણને ખબર પડી કે નીતીશ કુમારને યુ-ટર્નની આદત ક્યાંથી પડી છે. આ યુ-ટર્નની જુગલબંધી છે. અગાઉ કોઈ વડા પ્રધાને આટલા યુ-ટર્ન લીધા નથી.

રમેશે કહ્યું હતું કે દેશ સામે અત્યારે સૌથી મોટો મુદ્દો પહલગામ હુમલાનો છે. મોટો મુદ્દો એ પણ છે કે આતંકવાદી હુમલાના સૂત્રધાર સામે આપણે શું પગલાં લઈએ છીએ. આ જ ફક્ત મુખ્ય મુદ્દો છે. બીજા મુદ્દા પણ મહત્ત્વના છે પરંતુ તેમનો સમય આવશે. મુખ્ય મુદ્દો એ છે કે પાકિસ્તાનને આપણે શો જવાબ આપીએ છીએ અને ભોગ બનેલાઓના કુટુંબને તમે શું ન્યાય આપો છો.

## રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને વડા પ્રધાને મહારાષ્ટ્ર અને ગુજરાતના લોકોને રાજ્ય સ્થાપના દિવસની શુભેચ્છા પાઠવી

નવી દિલ્હીઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે મહારાષ્ટ્ર અને ગુજરાતના લોકોને તેમના રાજ્ય સ્થાપના દિવસની શુભેચ્છા પાઠવી હતી. તેમ જ બંને રાજ્યોની ઝડપી પ્રગતિની પ્રશંસા કરી હતી. રાષ્ટ્રપતિએ બંને રાજ્યો ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે તેવી આશા વ્યક્ત કરી હતી.

રાષ્ટ્રપતિ મુર્મૂએ એક્સ પર હિન્દીમાં જણાવ્યું કે ગુજરાત રાજ્યના સ્થાપના દિવસ નિમિત્તે હું બધા દેશવાસીઓને ખાસ કરીને ભારત અને વિદેશમાં રહેતા મારા ગુજરાતી ભાઇઓ અને બહેનોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું. વિશ્વને શાંતિ અને અહિંસાનો સંદેશ આપનારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને ભારતને એક કરનારા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલ જેવા સપુતોની આ ભૂમિએ હંમેશાં માનવતાનો માર્ગ બતાવ્યો છે.

રાષ્ટ્રપતિએ અન્ય એક પોસ્ટમાં મહારાષ્ટ્રના તમામ લોકોને તેમના રાજ્યના સ્થાપના દિવસની શુભેચ્છા પાઠવી હતી. તેમણે કહ્યું કે છત્રપતિ શિવાજી મહારાજની આ ભૂમિના લોકોમાં હંમેશા દેશભક્તિની ભાવના અને અન્યાય સામે લડવાની હિંમત રહી છે. જ્યોતિબા ફૂલે, સાવિત્રીબાઇ ફૂલે અને મહાદેવ ગોવિંદ રાનડે, બાલ ગંગાધર તિલક, ગોપાલકૃષ્ણ ગોખલે અને બાબા સાહેબ આંબેડકર જેવી મહાન હસ્તીઓએ સમાજને નવી દિશા આપી છે.

દેશના સૌથી સમૃદ્ધ રાજ્યોમાંના બે પશ્ચિમ રાજ્યોની ૧૯૬૦માં તત્કાલીન બોમ્બે રાજ્યના વિભાજન બાદ રચના કરવામાં આવી હતી. ઉપરાષ્ટ્રપતિએ તેમના સંદેશમાં કહ્યું કે મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઇ પટેલની ભૂમિ ગુજરાત તેના નેતૃત્વ, સ્થિતિ સ્થાપકતા અને નવીનતાના વારસા દ્વારા પ્રેરણા આપતું રહે છે. મહારાષ્ટ્રનો ઉલ્લેખ કરતા ધનખડે જણાવ્યું કે રાજ્યનો સામાજિક સુધાર, સાંસ્કૃતિક જીવંતતા અને આર્થિક નેતૃત્વનો રાજકીય વારસો રાષ્ટ્રીય ગૌરવનો સ્રોત છે.

વડા પ્રધાન મોદીએ એક્સ પર જણાવ્યું કે મહારાષ્ટ્રે હંમેશાં ભારતના વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેમણે કહ્યું કે જ્યારે કોઇ મહારાષ્ટ્ર વિશે વિચારે છે ત્યારે તેનો ભવ્ય ઇતિહાસ અને લોકોની હિંમત આપણા મગજમાં આવે છે. વડા પ્રધાને કહ્યું કે રાજ્ય પ્રગતિનો મજબૂત સ્તંભ છે અને સાથે તેના મૂળ સાથે જોડાયેલું પણ છે. તેમણે કહ્યું કે રાજ્યની પ્રગતિ માટે મારી શુભેચ્છાઓ.

પોતાના ગૃહ રાજ્ય ગુજરાતના લોકોને અભિનંદન પાઠવતા મોદીએ કહ્યું કે રાજ્યએ તેની સંસ્કૃતિ, ઉદ્યોગસાહસિક ભાવના અને ગતિશીલતા માટે પોતાની અલગ ઓળખ ઊભી કરી છે. ગુજરાતના લોકોએ વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. રાજ્ય પ્રગતિની નવી ઊંચાઇઓને આંબતું રહે તેવી શુભેચ્છા.

## અમદાવાદમાં સારવાર લેતાં કૉંગ્રેસના પૂર્વ કેન્દ્રીય પ્રધાન ગિરિજા વ્યાસનું નિધન

(અમારા પ્રતિનિધિ તરફથી)



અમદાવાદ : કૉંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય પ્રધાન ગિરિજા વ્યાસ (ઉ.વ.૭૯)નું નિધન થયું હતું. થોડા દિવસો પહેલા ઉદયપુરમાં તેઓ ઘરમાં આરતી કરતી વખતે ગંભીર રીતે દાઝ્યા હતા, જે બાદ સારવાર અર્થે અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું.

૩૧ માર્ચે ગિરિજા વ્યાસ ઉદયપુર શહેરમાં તેમના ઘરે આરતી કરતી વખતે દાઝી ગયા હતા જે બાદ તેમને તાત્કાલિક ઉદયપુરની ખાનગી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ લાવવામાં આવ્યા હતા.

ગિરિજા વ્યાસના નિધનના સમાચાર આવતાં જ રાજસ્થાન કૉંગ્રેસમાં શોકની લહેર ફરી વળી હતી. પૂર્વ મુખ્ય પ્રધાન અશોક ગહલોતે એક્સ પર લખ્યું, પૂર્વ કેન્દ્રીય મંત્રી તથા પૂર્વ કૉંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ ડૉ. ગિરિજા વ્યાસનું નિધન અમારા માટે એક મોટી ખોટ છે. તેમણે રાજનીતિ તથા સમાજ સેવામાં મોટું યોગદાન આપ્યું હતું.

## અમેરિકા અને યુક્રેન વચ્ચે થયા કરાર, દુર્લભ ખનીજોના બદલામાં ઝેલેન્સ્કીને મળશે સૈન્ય મદદ

વૉશિંગ્ટનઃ અમેરિકા અને યુક્રેને એક ઐતિહાસિક આર્થિક કરારની જાહેરાત કરી હતી. આ કરાર પછી યુક્રેનને અમેરિકાની લશ્કરી અને આર્થિક સહાય મળી શકશે. પરંતુ તેના બદલામાં યુક્રેને અમેરિકાને તેના ખનિજ સંસાધનો આપવા પડશે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પના ઘણા અઠવાડિયાના દબાણ બાદ બંને દેશો વચ્ચે આ કરાર થયો છે. અમેરિકાએ અત્યાર સુધીમાં યુક્રેનને અબજો ડોલરની લશ્કરી અને આર્થિક સહાય પૂરી પાડી છે. અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટે એક્સ પર એક પોસ્ટમાં એક વીડિયોમાં કહ્યું હતું કે ''આ ભાગીદારી અમેરિકાને યુક્રેન સાથે રોકાણ કરવા, યુક્રેનની વિકાસ સંપત્તિઓનો ઉપયોગ કરવા અને અમેરિકન પ્રતિભા, મૂડી અને શાસન ધોરણોનો લાભ લેવાની મંજૂરી આપે છે. અમે યુક્રેનના રોકાણ માહોલમાં સુધારો કરીશું અને આર્થિક સુધારાને વેગ આપીશું.''

નોંધનીય વાત એ છે કે આ જાહેરાત એવા સમયે થઇ છે જ્યારે ટ્રમ્પ રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધને સમાપ્ત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. ટ્રમ્પ પણ લડાઈ લંબાઈ રહી હોવાથી નિરાશ હતા. અમેરિકન રાષ્ટ્રપતિએ યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સ્કીની ટીકા કરતા કહ્યું હતું કે તેમની નીતિઓ યુદ્ધને લંબાવી રહી છે અને નિર્દોષ લોકોની હત્યા કરી રહી છે. ટ્રમ્પે વાટાઘાટોને જટિલ બનાવવા બદલ રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની પણ ટીકા કરી છે.

આ કરાર ત્રણ વર્ષથી ચાલી રહેલા યુદ્ધની એક મહત્ત્વપૂર્ણ ક્ષણ છે. કારણ કે ટ્રમ્પ બન્ને પક્ષોથી સતત નિરાશ થઇ રહ્યા હતા. ટ્રમ્પે લાંબા સમય સુધી ઝેલેન્સ્કીની ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે તેમની પાસે યુદ્ધ જીતવા માટે 'કાર્ડ' નથી. ટ્રમ્પે રશિયાના રાષ્ટ્રપતિ પુતિનની પણ ટીકા કરી હતી. તેમણે કહ્યું કે તે યુક્રેન પર ઘાતક હુમલાઓ કરીને વાર્તાને જટિલ બનાવી રહ્યા છે. ટ્રમ્પે કહ્યું કે અમેરિકાએ યુક્રેનમાં જેટલું યોગદાન આપ્યું છે તેનાથી વધુ મળશે. હું સુરક્ષિત રહેવા માંગતો હતો.

## ગંદી રાજનીતિ બંધ કરો નહીં તો પંજાબમાંથી પણ ફેંકાઇ જશોઃ ભાજપ સરકારે આપ સરકાર પર લગાવ્યો દિલ્હીનું પાણી રોકવાનો આરોપ

નવી દિલ્હીઃ પંજાબ અને હરિયાણા વચ્ચેના પાણી વિવાદને કારણે દિલ્હીમાં રાજકારણ શરૂ થઇ ગયું છે. વિવાદને કારણે દિલ્હીમાં પાણીના પુરવઠાને અસર થઇ શકે છે. આ અંગે દિલ્હી સરકારે આમ આદમી પાર્ટીની પંજાબ સરકારની ટિકા કરી હતી. દિલ્હીના જળ મંત્રી પ્રવેશ વર્માએ કહ્યું હતું કે પંજાબ સરકાર દિલ્હીમાં પાણીનું સંકટ પેદા કરવા માંગે છે. હરિયાણાએ પંજાબ સરકાર પર ભાખરા જળાશયમાંથી પાણીનો તેમનો હિસ્સો ન આપવાનો આરોપ લગાવ્યો છે.

આ અંગે હરિયાણાના મુખ્ય પ્રધાન નાયબ સિંહ સૈનીએ બુધવારે કહ્યું હતું કે પંજાબ સરકાર દ્વારા પાણી રોકવાથી દિલ્હીમાં પાણીની સપ્લાય થઇ શકશે નહીં. તેમણે કહ્યું હતું કે દિલ્હીમાં હાર બાદ આમ આદમી પાર્ટીએ દિલ્હીમાં પાણી પુરવઠો ખોરવવા માટે આ કામ કર્યું છે.

બીજી તરફ, દિલ્હીના જળ મંત્રી પ્રવેશ વર્માએ ગુરુવારે એક્સ પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે ''પંજાબ સરકારે હરિયાણા અને દિલ્હીનું પાણી રોકીને ગંદી રાજનીતિ કરવા લાગી છે. દિલ્હીમાં હાર્યા બાદ તે હવે દિલ્હીમાં જળ સંકટ પેદા કરવા માંગે છે.

અમે દિલ્હીના દરેક ઘરને સ્વચ્છ પાણી પૂરું પાડવા માટે દિવસ-રાત કામ કરી રહ્યા છીએ અને હવે પંજાબ સરકાર આ રીતે દિલ્હીના લોકો પાસેથી બદલો લેવા માગે છે. આ ગંદી રાજનીતિ બંધ કરો નહીંતર પ્રજા તમને પંજાબમાંથી પણ બહાર ફેંકી દેશે.''

નોંધનીય છે કે ૩૦ એપ્રિલના રોજ દિલ્હીનાં મુખ્યપ્રધાન રેખા ગુપ્તા અને જળ મંત્રી પ્રવેશ વર્માએ દિલ્હી જળ બોર્ડના મુખ્યાલયમાં અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. જેમાં રાજધાનીની વધતી જતી વસ્તી અને ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને પાણી અને ગટર વ્યવસ્થા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

## પહેલા પાનાનું ચાલુ

### વીણી-વીણીને

તો પણ ભારતમાં દાખલ ન થઈ શકે. પાકિસ્તાનસ્થિત ભારતીય એલચી કચેરી બંધ કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો. ભારતસ્થિત પાકિસ્તાની રાજદૂતોને ૪૮ કલાકમાં ભારત છોડી જવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત પાકિસ્તાની નાગરિકોને ભારતનો વિઝા ન આપવાનો કઠોર નિર્ણય પણ લેવામાં આવ્યો હતો. ભારત તરફથી પાકિસ્તાનને આપવામાં આવતી સાર્ક વિઝાની છૂટ પણ તાત્કાલિક અસરથી રોકી દેવામાં આવી હતી. આ વિઝા હેઠળ પણ હવે પાકિસ્તાની નાગરિકોને ભારત આવવાની પરવાનગી નહીં હોય. આ બેઠકમાં સૌથી મોટો લેવાયેલો નિર્ણય સિંધુ જળકરાર રદ કરવાનો હતો.

### અમેરિકા આતંકવાદ સામે

આતંકવાદી હુમલામાં મોતને ભેટેલા લોકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. તેમ જ આતંકવાદ સામે ભારત સાથે સહયોગ કરવાની અમેરિકાની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરી હતી. વિભાગે જણાવ્યું કે તેઓએ ભારતને પાકિસ્તાન સાથે મળીને તણાવ ઘટાડવા અને દક્ષિણ એશિયામાં શાંતિ અને સુરક્ષા જાળવવા માટે કામ કરવા પ્રોત્સાહિત કર્યું હતું.

### એપ્રિલમાં જીએસટીનું

મળ્યો હતો. એપ્રિલમાં જીએસટી રિફંડનો આંક વધીને રૂ. ૨૭,૩૪૧ કરોડ થયો હતો.

રિફંડ ઍડજસ્ટ કર્યા બાદ વાસ્તવિક જીએસટી કલેક્શનમાં ૯.૧ ટકાનો વધારો જોવા મળ્યો હતો. ગયા વર્ષના એપ્રિલમાં આ આંક રૂ. ૨.૦૯ લાખ કરોડ રહ્યો હતો. એપ્રિલ મહિનામાં દેશના મોટાભાગના રાજ્યમાં જીએસટીના કલેક્શનમાં લગભગ એકસમાન વધારો એટલે કે ૧૧થી ૧૬ ટકાનો વધારો થયેલો જોવા મળ્યો હતો. એપ્રિલમાં મોટાભાગના રાજ્યમાં જીએસટી કલેક્શનનો વધારો ૧૧થી ૧૬ ટકા વચ્ચે રહ્યો હતો.

અગાઉના મહિનાઓમાં અમુક મોટાં રાજ્યોમાં જીએસટી કલેક્શનનો વૃદ્ધિદર ઓછો જોવા મળ્યો હતો. એપ્રિલમાં ડોમેસ્ટિક ટ્રાન્ઝેક્શન મારફતે થયેલા જીએસટી કલેક્શનનો આંક રૂ. ૪૮,૬૩૪ કરોડ, સ્ટેટ જીએસટી (એસજીએસટી)નો આંક રૂ. ૫૯,૩૭૨ કરોડ, ઈન્ટીગ્રેટેડ જીએસટી (આઈજીએસટી) અને સેસ કલેક્શનનો આંક અનુક્રમે રૂ. ૬૯,૫૦૪ કરોડ અને રૂ. ૧૨,૨૯૩ કરોડ રહ્યો હતો. ઈવાય ટૅક્સ પાર્ટનર સૌરભ અગ્રવાલે કહ્યું હતું કે વૈશ્વિક આર્થિક અચોક્કસતા જોતાં જીએસટી કલેક્શનનો વિક્રમજનક આંક ભારતીય અર્થતંત્રની અંદરની તાકાતને ઓછી આંકી રહ્યો છે. નિકાસનો વેગ વધારવા સરકાર દ્વારા લેવાયેલાં પગલાં અને અન્ય જીએસટી રિફંડે ઉદ્યોગો પરના વર્કિંગ કેપિટલના ભારને ઓછો કર્યો છે જેનો લાભ લાંબાગાળે ગ્રાહકોને થશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

### ક્રિએટ ઈન ઈન્ડિયા

આપણે તેમને વધુ સંવેદનશીલ બનાવવાની જરૂર છે,' એમ તેમણે ભારપૂર્વક કહ્યું હતું. 'ભારતીય 'ખાના' ની જેમ, મને ખાતરી છે કે ભારતીય 'ગાના' પણ વૈશ્વિક સ્તરે લોકપ્રિય બનશે,' એમ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું અને ઉમેર્યું હતું કે સ્ક્રીનનું કદ કદાચ નાનું બની રહ્યું છે, પરંતુ સંદેશ (ભારતની વાર્તાઓ) મેગા બની રહ્યો છે.

### ઉદ્‌ઘાટન સમારોહ

આકર્ષક નવી સુવિધા વારાણસી, હરિદ્વાર અને ઋષીકેશમાં ગંગા આરતીની જેમ મંદિરની નજીક મંદાકિની અને સરસ્વતી નદીઓના સંગમ પર ભવ્ય ''આરતી'' હશે. તેમણે જણાવ્યું હતું કે, આરતી માટે તમામ વ્યવસ્થા કરવામાં આવી છે, જેમાં બે પ્રાચીન નદીના સંગમની ત્રણ બાજુઓ પર રેમ્પ બનાવવામાં આવ્યા છે જેથી ભક્તો આ દ્રશ્ય જોઈ શકે. મંદિરની સામે નંદીની મૂર્તિ અને મંદિરની નજીક શંકરાચાર્યની મૂર્તિને પણ આ વખતે ફૂલોથી શણગારવામાં આવી છે, એમ એમણે જણાવ્યું હતું.

### સુપ્રીમે પહલગામ

અરજી પાછી ખેંચી લેવા જણાવ્યું હતું. કોર્ટે અરજકર્તાને આ મુદ્દાની સંવેદનશીલતા સમજવા જણાવ્યું હતું અને સેનાનું મનોબળ તોડી નાખે એવી કોઈ પણ અરજી દાખલ ન કરવા કહ્યું હતું.

તમે સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ દ્વારા આ મામલે તપાસ કરાવવાની માગણી કરો છો, પરંતુ તેઓ આવી તપાસના નિષ્ણાત નથી હોતા એમ જણાવતાં ખંડપીઠે કહ્યું હતું કે આ પ્રકારના મુદ્દે તેઓ માત્ર ન્યાય તોળીને ચુકાદો આપી શકે છે. પહલગામ આતંકવાદી હુમલાને મામલે ચુકાદો આપવાનું અમને ન જણાવો. એ માટે તમારે જ્યાં જવું હોય ત્યાં જાઓ. અરજી પાછી ખેંચી લો એ જ વધુ સારું રહેશે, એમ ખંડપીઠે અરજકર્તાને કહ્યું હતું. (એજન્સી)

# એટીએફના ભાવમાં ચાર ટકાનો ઘટાડો, કમર્શિયલ એલપીજીના ભાવ ઘટ્યાં

નવી દિલ્હીઃ સરકારે આજે આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડતેલના બૅન્ચમાર્ક ભાવમાં ઘટાડો થયો હોવાથી જેટ ફ્યુઅલ અથવા તો એવિયેશન ટર્બાઈન ફ્યુઅલ (એટીએફ)નાં ભાવમાં ૪.૪ ટકાનો ઘટાડો કર્યો છે. આ સાથે જ એક મહિનામાં બીજી વખત મોટો ભાવઘટાડો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત હૉટેલ અને રૅસ્ટૉરન્ટમાં વપરાતા કોમર્શિયલ એલપીજીનાં ભાવમાં પણ સિલિન્ડરદીઠ રૂ. ૧૪.૫૦નો ઘટાડો કરવામાં આવ્યો છે. જાહેર ક્ષેત્રના ઑઈલ રિટેલરોનાં જણાવ્યાનુસાર સૌથી વ્યસ્ત એરપોર્ટ ધરાવતી રાજધાની દિલ્હીમાં એટીએફનાં ભાવ કિલોલિટરદીઠ રૂ. ૩૯૫૪.૩૮ અથવા તો ૪.૪ ટકા ઘટાડીને રૂ. ૮૫,૪૮૬.૮૦ નિર્ધારિત કર્યા છે. આ પૂર્વે ગત પહેલી એપ્રિલનાં રોજ એટીએફના ભાવ ૬.૧૫ ટકા (કિલોલિટરદીઠ રૂ. ૫૮૭૦.૫૪)નો ઘટાડો કરવામાં આવ્યો હતો. આમ આ બે વખતના ભાવઘટાડાથી જ વર્ષના આરંભમાં કરવામાં આવેલો ભાવવધારો સરભર થઈ ગયો છે.

તે જ પ્રમાણે મુંબઈ ખાતે એટીએફનાં ભાવ જે કિલોલિટરદીઠ રૂ. ૮૩,૫૭૫.૪૨ હતા તે ઘટીને રૂ. ૭૯,૮૫૫.૫૯ અને ચેન્નાઈ તથા કોલકાતા ખાતે ભાવ ઘટીને અનુક્રમે રૂ. ૮૮,૪૯૪.૫૨ અને રૂ. ૮૮,૨૩૭.૦૫ના મથાળે રહ્યા છે.

વધુમાં તેલ કંપનીઓએ રાજધાની દિલ્હીમાં કોમર્શિયલ એલપીજીના ભાવ ૧૯ કિલોગ્રામના સિલિન્ડિરના રૂ. ૧૪.૫૦ ઘટાડીને રૂ. ૧૭૪૭.૫૦ અને મુંબઈ ખાતે રૂ. ૧૬૯૯ કર્યા છે. નોંધનીય બાબત એ છે કે અગાઉ પહેલી એપ્રિલનાં રોજ કોમર્શિયલ એલપીજીનાં સિલિન્ડરના ભાવમાં રૂ. ૪૧નો ઘટાડો કરવામાં આવ્યો હતો.

એકંદરે આંતરરાષ્ટ્રીય સ્તરે ટ્રેડ વૉરનો તણાવ હળવો થવાને કારણે બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ ઘટીને ત્રણ વર્ષની નીચી બેરલદીઠ રૂ. ૬૧ આસપાસની સપાટીએ રહ્યા હોવાથી ઈંધણના ભાવમાં ઘટાડો શક્ય બન્યો છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે એટીએફ અને એલપીજીના વિવિધ રાજ્યોમાં ભાવ વેટ સહિતનાં અન્ય સ્થાનિક વેરાઓ અનુસાર જૂદા જૂદા હોય છે.

વધુમાં તેલ કંપનીઓએ ઘરગથ્થુ ધોરણે વપરાશમાં આવતાં રાંધણ ગૅસનાં ૧૪.૨ કિલોગ્રામના સિલિન્ડરદીઠ ભાવ રૂ. ૮૫૩ની સપાટીએ યથાવત્ રાખ્યા હતા, જોકે ગયા મહિને ઘરગથ્થુ રાંધણ ગૅસનાં ભાવમાં સિલિન્ડરદીઠ રૂ. ૫૦નો ઘટાડો કરવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે જાહેર ક્ષેત્રની ઈન્ડિયન ઑઈલ કોર્પોરેશન, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. આંતરરાષ્ટ્રીય સ્તરનાં ઈંધણના સરેરાશ ભાવ અને વિનિમય દરને ધ્યાનમાં રાખીને એટીએફ, ઘરગથ્થુ રાંધણ માટેનાં એલપીજી અને કોમર્શિયલ એલપીજીના ભાવમાં દર મહિનાની પહેલી તારીખે ફેરફાર કરતી હોય છે. જોકે, તાજેતરમાં વૈશ્વિક બજારમાં ક્રૂડતેલના ભાવમાં ઘટાડો થયો હોવા છતાં સ્થાનિકમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ યથાવત્ રહ્યા છે. અગાઉ ગત સાલ માર્ચ મહિનામાં ચૂંટણી પૂર્વે ભાવમાં લિટરદીઠ રૂ. બેનો ઘટાડો કરવામાં આવ્યો હતો. હાલ દિલ્હી ખાતે પેટ્રોલનાં ભાવ લિટરદીઠ રૂ. ૯૪.૭૨ અને ડીઝલના ભાવ લિટરદીઠ રૂ. ૮૭.૬૨ની સપાટીએ રહ્યા છે.

## સોનામાં ભાવવધારા છતાં મૂલ્યના ધોરણે અક્ષયતૃતીયામાં વેચાણ વધ્યું

મુંબઈઃ સોનાના ભાવ વિક્રમી ઊંચી સપાટીએ પહોંચ્યા હોવા છતાં બુધવારે અક્ષયતૃતીયાના અવસર પર ભારતીયો સોના અને ચાંદીની ખરીદી માટે ઉમટી પડ્યા હતા. ઉદ્યોગના અંદાજ મુજબ સોનાના વેચાણમાં ગયા વર્ષની સરખામણીમાં મૂલ્યની દ્રષ્ટિએ ૩૫ ટકાનો વધારો થયો છે, જોકે માત્ર વોલ્યુમ વૃદ્ધિ નજીવી થઈ છે.નિષ્ણાતોએ નોંધ્યું છે કે તાજેતરના વર્ષોમાં ભાવમાં વધારો થવા છતાં ભારતમાં સોનાની માગ સતત મજબૂત રહી છે, ધાતુની વાર્ષિક આયાત ૭૦૦ થી ૮૦૦ ટન વચ્ચે છે, જે ભારતને વિશ્વના સૌથી મોટા ગ્રાહક તરીકે સ્થાન અપાવે છે. ઓલ ઈન્ડિયા જેમ એન્ડ જ્વેલરી ડોમેસ્ટિક કાઉન્સિલ (જેજીસી)એ દિવસના પહેલા ભાગમાં ખાસ કરીને દક્ષિણ ભારતમાં ખરીદીની સ્થિર ગતિ દર્શાવી હતી. મહારાષ્ટ્ર અને ઉત્તરીય રાજ્યોમાં પ્રવૃત્તિમાં પાછળથી તેજી આવવાની અપેક્ષા હતી, કારણ કે ગ્રાહકોએ પરંપરાગત ખરીદી કરવા માટે ઉનાળાની તીવ્ર ગરમીનો સામનો કરવો પડ્યો હતો. દેશભરમાં સોનાના ભાવ રૂ. ૯૯,૫૦૦થી રૂ. ૯૯,૯૦૦ પ્રતિ ૧૦ ગ્રામ વચ્ચે રહ્યા, જે ૨૦૨૪માં અક્ષય તૃતીયા દરમિયાન નોંધાયેલા રૂ. ૭૨,૩૦૦ સામે ૩૭.૬ ટકાનો તીવ્ર વધારો હોવાનું જણાવતાં જેજીસીના ચેરમેન રાજેશ રોકડેએ કહ્યું હતું કે જે ખરીદદારો અગાઉ અસ્થિરતાને કારણે થંભી ગયા હતા, તેઓ હવે બજારમાં પાછા ફર્યા છે. સોનાનું વેચાણ લગભગ ૨૦ ટન વોલ્યુમ સ્થિર રહેવાની અપેક્ષા છે.

## કોરોના રેમેડીઝ મૂડી બજારમાંથી ઓએફએસ મારફત ₹ ૮૦૦ કરોડ એકત્રિત કરશે

ક્રિસ કેપિટલની સહયોગી સેપિયા ઇન્વેસ્ટમેન્ટ સમર્થિત તથા ભારત કેન્દ્રિત બ્રાન્ડેડ ફાર્માસ્યુટિકલ્સ ફોર્મ્યુલેશન કંપની કોરોના રેમેડીઝ લિમિટેડે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)માં તેનું ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (ડીઆરએચપી) ફાઇલ કર્યું છે. કંપની મહિલાઓના હેલ્થકેર, કાર્ડિયો, ડાયાબિટી, પેઇન મેનેજમેન્ટ, યુરોલોજી અને અન્ય થેરાપેટિક ક્ષેત્રોમાં પ્રોડક્ટ્સનું ડેવલપમેન્ટ, મેન્યુફેક્ચરિંગ અને માર્કેટિંગ કરે છે અને આઈપીઓ થકી રૂ. ૮૦૦ કરોડ સુધીનું ફંડ એકત્રિત કરવાની યોજના ધરાવે છે. સમગ્ર રકમ ઓફર ફોર સેલ છે. ઇક્વિટી શેર્સ બીએસઈ અને એનએસઈ પર લિસ્ટિંગ થશે. જેએમ ફાઈનાન્શિયલ લિમિટેડ, આઈઆઈએફએલ કેપિટલ સર્વિસીઝ લિમિટેડ અને કોટક મહિન્દ્રા કેપિટલ કંપની લિમિટેડ આ ઇશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર્સ છે.

## ઝોમેટોના ચોખ્ખા નફામાં ૭૮ ટકાનો તોતિંગ કડાકો

મુંબઇઃ ફૂડ ડિલિવરી કંપની એટર્નલ (અગાઉ ઝોમેટો)નો ચોખ્ખો નફો માર્ચ ૨૦૨૫ ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે ૭૮ ટકા ઘટીને રૂ. ૩૯ કરોડ નોંધાયો છે. કામગીરીમાંથી આવક ૬૪ ટકા વાર્ષિક ધોરણે વધીને રૂ. ૫,૮૩૩ કરોડ નોંધાઇ છે. ઊંચા ખર્ચને કારણે નફા પર અસર પડી, છે, જે ૬૮ ટકા વાર્ષિક ધોરણે વધીને રૂ. ૬,૧૦૪ કરોડના સ્તરે પહોંચી ગઈ છે.

## HPCL અને ADNOC ટ્રેડિંગે પ્રથમ LNG ટ્રેડિંગ સપ્લાય કરાર પર હસ્તાક્ષર કર્યા



મુંબઈઃ ભારતની અગ્રણી ઊર્જા કંપની હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL) અને ક્રૂડ ઓઇલ, LNG અને અન્ય ઉત્પાદનોના અગ્રણી વ્યવસાયી સંગઠન ADNOC ટ્રેડિંગે LNG ટ્રેડિંગ સપ્લાય કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ કરાર ઊર્જા સુરક્ષા અને ટકાઉપણું વધારવા માટે બંને સંગઠનો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીમાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે.

HPCLની કેપ્ટિવ માંગને પહોંચી વળવા અને અન્ય ડાઉનસ્ટ્રીમ ગ્રાહકોને માર્કેટિંગ કરવા માટે, સંપૂર્ણ માલિકીની પેટાકંપની HPCL LNG લિમિટેડ દ્વારા તાજેતરમાં કાર્યરત થયેલા છારા LNG ટર્મિનલ પર LNG પ્રાપ્ત કરવામાં આવશે. છારા એલએનજી ટર્મિનલ હાલમાં કુલ ૫ એમએમટીપીએ પુનર્ગેસીકરણ ક્ષમતા ધરાવે છે અને બે સમાન કદની એલએનજી ટાંકીમાં ૪૦૦,૦૦૦ ઘન મીટર એલએનજીની કુલ સંગ્રહ ક્ષમતા ધરાવે છે. HPCL અને ADNOC ટ્રેડિંગ વચ્ચેનો આ કરાર ભારત અને UAE વચ્ચેના ગાઢ આર્થિક સંબંધોને રેખાંકિત કરે છે અને ભારતના ઊર્જા પરિવર્તનને ટેકો આપવામાં LNGની ભૂમિકાને મજબૂત બનાવશે. આ ભાગીદારી ADNOC ટ્રેડિંગને HPCL માટે એક મુખ્ય સપ્લાયર તરીકે સ્થાપિત કરે છે, જેનાથી ભારતના અગ્રણી ઊર્જા સંગઠનોને તેના પુરવઠા પોર્ટફોલિયોમાં વૈવિધ્યીકરણ લાવવા અને લાંબા ગાળાની ઊર્જા સમાધાન પ્રાપ્ત કરવામાં મદદ મળશે. ■

## સેબી પાસે સૌથી મોટા મશીનરી એક્સપોર્ટરે ડીઆરએચપી જમા કરાવ્યું

મુંબઇઃ અમેરિકા અને યુએઇમાં હાજરી ધરાવતી બાંધકામ મશીનરીના નિકાસ વેપારમાં સૌથી મોટી ખેલાડી જિંકુશાલ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ (જેકેઆઇપીએલ)એ પ્રારંભિક જાહેર ઓફર માટે ડીઆરએચપી ફાઇલ કર્યું છે. કંપનીને ભારત સરકારના ડીજીએફટી દ્વારા થ્રીસ્ટાર એક્સપોર્ટ હાઉસ તરીકે માન્યતા આપવામાં આવી છે. આ ડીઆરએચપીની તારીખ સુધીમાં, કંપનીએ યુએઇ, મેક્સિકો, નેધરલેન્ડ્સ, બેલ્જિયમ, દક્ષિણ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા અને યુકે સહિત ત્રીસથી વધુ દેશોમાં બાંધકામ મશીનોની નિકાસ કરી છે. કેર એજના રિપોર્ટ અનુસાર કંપની ૬.૯૦ ટકાના બજાર હિસ્સા સાથે નોન-ઓઇએમ સેગમેન્ટની સૌથી મોટી કન્સ્ટ્રક્શન મશીન એક્સપોર્ટર છે, જે વૈશ્વિક બજારોમાં નવા અથવા કસ્ટમાઇઝ્ડ અને વપરાયેલા અથવા નવીનીકૃત બાંધકામ મશીનોના નિકાસ વેપારમાં સંકળાયેલી છે. કંપની હાઇડ્રોલિક એક્સકેવેટર્સ, મોટર ગ્રેડર્સ, બેકહો લોડર્સ, સોઇલ કોમ્પેક્ટર્સ, વ્હીલ લોડર્સ, બુલડોઝર, ક્રેન્સ અને ડામર પેવર્સ જેવા બાંધકામ મશીનોના નિકાસ વેપારમાં નિષ્ણાત છે.

## વર્તમાન નાણાકીય વર્ષમાં દેશનો જીડીપી ૬.૫થી ૬.૭ ટકા રહેશેઃ ડિલોઈટ

નવી દિલ્હીઃ વૈશ્વિક વેપારોમાં અનિશ્ચિતતા પ્રવર્તી રહી હોવા છતાં વર્તમાન નાણાકીય વર્ષ માટેના અંદાજપત્રમાં વેરાકીય રાહતો આપવામાં આવી હોવાથી સ્થાનિક માગ પ્રોત્સાહિત થતાં દેશનો આર્થિક વિકાસ દર અથવા તો જીડીપી ૬.૫થી ૬.૭ ટકા આસપાસ રહે તેવી શક્યતા ડિલોઈટે વ્યક્ત કરી છે.

ડિલોઈટે ગત નાણાકીય વર્ષ ૨૦૨૫ માટે દેશના જીડીપીનો અંદાજ ૬.૩થી ૬.૫ ટકાનો મૂક્યો છે અને જણાવ્યું હતુ કે વર્તમાન નાણાકીય વર્ષનાં આર્થિક અંદાજનો આધાર વેપારી સંબંધો અને સ્થાનિક માગને પ્રોત્સાહિત કરનારા સરકારી પગલાંઓ પર અવલંબિત રહેશે. વર્તમાન નાણાકીય વર્ષમાં વૃદ્ધિનો અંદાજ બે વિરોધી પરિબળો પર નિર્ભર રહેશે, એમ ડિલોઈટ ઈન્ડિયા ઈકોનોમી આઉટલૂકમાં જણાવતાં ઉમેર્યું હતું કે પહેલું પરિબળ નાણાકીય વર્ષ ૨૦૨૫માં જાહેર કરેલા આવકવેરાના પ્રોત્સાહનો છે તેને કારણે ગ્રાહકલક્ષી ખર્ચમાં વધારો થશે અને બીજું પરિબળ વૈશ્વિક વેપારનાં નેટવર્કની અનિશ્ચિતતાની ભારતીય અર્થતંત્ર પર થનારી સંભવિત નકારાત્મક અસરો છે. આમ આવકવેરાને લગતાં પ્રોત્સાહનો અને વેપાર અનિશ્ચિતતાને કારણે વર્તમાન નાણાકીય વર્ષમાં વૃદ્ધિદર ૬.૫થી ૬.૭ ટકા આસપાસ રહે તેવી શક્યતા અહેવલમાં વ્યક્ત કરી છે. નોંધનીય બાબત એ છે કે ગત ફેબ્રુઆરીમાં જાહેર કરેલા વર્તમાન નાણાકીય વર્ષના અંદાજપત્રમાં વેરાને લગતા રૂ. એક લાખ કરોડનાં પ્રોત્સાહનોની જાહેરાત કરવામાં આવી હતી, જેનો લાભ મધ્યમ વર્ગને મળશે તેમ છતાં ઉચ્ચ આર્થિક પ્રવૃત્તિથી આવકમાં ઘટાડો થતાં સરકારને રાજકોષીય ખાધનો લક્ષ્યાંક પૂર્ણ કરવામાં મદદરૂપ થશે.

# ગુજરાત

## ગરવી ગુર્જરીમાં સતત બીજા વર્ષે રેકોર્ડ ૩૧.૪૭ કરોડનું વેચાણ થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત પાસે ભવ્ય અને ભાતીગળ હાથશાળ-હસ્તકલાનો પરંપરાગત વારસો છે. રાજ્યની હસ્તકલા અને હાથશાળની સમગ્ર દેશ અને વિશ્વમાં આગવી ઓળખ પ્રસ્થાપિત કરવા, તેને ટકાવી રાખવા અને તેના વિકાસના મુખ્ય ઉદ્દેશ સાથે કાર્યરત ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ છેલ્લાં ૫૨ વર્ષથી ગુજરાતના આ પરંપરાગત વારસાના વેલાને સતત સિંચી રહ્યું છે.જીએસએચએચડીસીના ગરવી-ગુર્જરી એમ્પોરિયમ થકી રાજ્યમાં ગ્રામ્ય કક્ષાના પરંપરાગત કલા-કારીગરીના વ્યવસાય ઝડપથી પ્રગતિ કરી રહ્યા છે. ગરવી-ગુર્જરી હાથશાળ-હસ્તકલાની શ્રેષ્ઠ કૃતિઓનું સર્જન કરતા દૂરસુદૂર ગામોના હજારો કારીગરોના કલા-કસબ તથા પરિશ્રમને લોકો સુધી પહોંચાડે છે અને તેમના ઉત્પાદનોના વેચાણમાં વધારો કરવાના સતત પ્રયત્નો કરે છે. ગરવી-ગુર્જરીના વિક્રમી વેચાણ પર નજર નાખીએ તો, વર્ષ ૨૦૨૩-૨૪માં છેલ્લાં ૫૦ વર્ષનાં ઇતિહાસમાં સૌથી મહત્તમ એટલે કે રૂ. ૨૫ કરોડથી વધુના ઉત્પાદનોનું વેચાણ થયું હતું. ૨૦૨૪-૨૫માં તો ગરવી ગુર્જરીએ ગત વર્ષનો રેકોર્ડ તોડીને અંદાજીત રૂ. ૩૧.૭૦ કરોડનું વેચાણ થયું હતું.

ઉલ્લેખનીય છે કે, નિગમ સાથે રાજ્યના આશરે ૮૦૦૦ કરતા પણ વધારે કારીગરો જોડાયેલા છે. નિગમે આ કારીગરોના રૂ. ૨૦.૮૯ કરોડના ઉત્પાદનોની ખરીદી કરી હતી. આમ, નિગમનું વારસાના આ વેલાનું સિંચન કરવાનું મિશન કારીગરો માટે વરદાન બન્યું છે.

## ગુજરાત ગૌરવ દિને મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે પંચમહાલ જિલ્લાને ₹ ૬૪૪.૭૨ કરોડનાં વિકાસકામોની ભેટ આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે પંચમહાલ ખાતે ગુજરાત ગૌરવ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણીનો પ્રારંભ નાગરિકોને રૂ. ૬૪૪.૭૨ કરોડના વિકાસ કામોની ભેટ આપીને કરાવ્યો હતો. મુખ્ય પ્રધાને ગુજરાતના વિકાસના ૨૦૦૧ પહેલા અને તે પછીના એમ બે કાલખંડોનો સ્પષ્ટ નિર્દેશ કરી ભેદરેખા આલેખી હતી.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગુજરાત ગૌરવ દિને પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતેથી રૂ. ૬૪૪.૭૨ કરોડના વિવિધ ૮૫ જેટલા વિકાસ પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ, ઈ- ખાતમુહૂર્ત કર્યું હતું. મુખ્ય પ્રધાને ગોધરામાં રૂ. ૫.૦૫ કરોડ ઉપરાંતના ખર્ચે નિર્માણ થયેલ પોલીસ મહાનિરીક્ષકની કચેરીનું લોકાર્પણ કર્યું હતું. તેમણે ગુજરાત પોલીસ એક્સ્પો - ૨૦૨૫ અંતર્ગત યોજાયેલ શસ્ત્ર પ્રદર્શનની પણ મુલાકાત લીધી હતી.

મુખ્ય પ્રધાને સ્પષ્ટપણે જણાવ્યું કે, પહેલા આખા વર્ષના જિલ્લાના વિકાસ કામોના બજેટ જેટલી રકમના વિકાસ કામો આજે એક જ દિવસમાં લોકોને આપવામાં આવી રહ્યાં છે. રાજ્યમાં આરોગ્ય, શિક્ષણ, પીવાના પાણી, માર્ગો, વીજળીની સુદ્રઢ વ્યવસ્થા કરવામાં આવી છે. રાજ્યમાં અંબાજીથી ઉમરગામ સુધીના પૂર્વ વિસ્તારમાં વનબંધુ કલ્યાણ યોજનાએ આરોગ્ય સુખાકારીના નવા દ્વાર ખોલ્યા છે તેમ જણાવતાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું કે, આદિવાસી વિસ્તારોના દૂર દરાજના ગામડાઓમાં અસરકારક આરોગ્ય સેવાઓ પહોંચાડવામાં આવી છે, જે અંતર્ગત પંચમહાલ જિલ્લાના મોરવા હડફમાં ૧૦૦ બેડની સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ શરૂ કરવામાં આવશે. જેનાથી ગામડાઓમાં નજીકના સ્થળે લોકોને આરોગ્યની વધુ સારી સેવાઓ મળી રહેશે.

ભારે ટ્રાફિક અને વધુ અવરજવર વાળા ૧૨ માર્ગોને ગરવી ગુજરાત હાઈસ્પીડ કોરિડોર બનાવવા ચાલુ વર્ષના બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે, તેનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, સંતરામપુર મોરવા હડફ માર્ગને રૂ.૬૭૬ કરોડના ખર્ચે હાઈ સ્પીડ કોરિડોર બનવામાં આવશે, જેથી આ વિસ્તારના ત્રણ લાખ નાગરિકોને રાજસ્થાન, મધ્યપ્રદેશ, માનગઢ હિલ અને એસઓયુ જવા માટે ઝડપી પરિવહન સેવા ઉપલબ્ધ થશે. કાલોલ બાયપાસને ચારમાર્ગીય કરવા રૂ.૧૧૦ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. આદિજાતિ વિસ્તારોમાં પ્રધાન ગ્રામ સડક યોજના હેઠળ નિર્માણ થયેલ ૧૭૧ માર્ગોના રિસર્ફેસિંગ માટે રૂ. ૨૫૦ કરોડ મંજૂર કરવામાં આવ્યા હોવાનું તેમણે ઉમેર્યું હતું.

## કાંકરિયાની જેમ ચંડોળા તળાવની પણ આવશે રોનકઃ સાત તબક્કામાં વિકસાવવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના ઈતિહાસમાં સૌથી મોટું ડિમોલિશન અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. ચંડોળા તળાવ વિસ્તારમાં ગેરકાયદે રહેતા બાંગ્લાદેશીઓનાં કાચાં-પાકા મકાનોને અમદાવાદ મનપા દ્વારા તોડી પાડવામાં આવ્યાં હતાં. મનપા દ્વારા આશરે ૪૦૦૦ જેટલાં કાચાં-પાકા મકાનોનું ડિમોલિશન કરવામાં આવ્યું હતું. ચંડોળા તળાવ વિસ્તારમાં આશરે ૧.૫ લાખ ચોરસ જેટલી સરકારી જમીનને ખાલી કરવામાં આવી છે. આ કાર્યવાહી દરમિયાન ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ રાખવામાં આવ્યો હતો. દબાણો દૂર કર્યા બાદ હવે કાંકરિયા તળાવની જેમ ચંડોળા તળાવ પર ડેવલપમેન્ટની કામગીરી ખૂબ જ ઝડપી કરવામાં આવશે. એટલું જ નહીં પરંતુ ચંડોળા તળાવમાં નર્મદાનું પાણી ભરવામાં આવશે અને કાંકરિયા જેવો વિકાસ કરવામાં આવશે. આ કાર્ય માટે અમદાવાદ મનપા દ્વારા ૨૦૨૪માં જ મંજૂરી આપવામાં આવી હતી. દાણીલીમડા અને ઇસનપુર વિસ્તારમાં ફેલાયેલું સૌથી મોટું તળાવ છે જે અંદાજે ૧,૨૦૦ એકરની જગ્યામાં ફેલાયેલું છે. ડેવલપમેન્ટની કામગીરી કુલ સાત તબક્કામાં કરવામાં આવશે. જેમાં પહેલા ફેઝમાં ડિમોલિશનની કામગીરી કરવામાં આવી છે. ચંડોળા તળાવનો આધુનિક રીતે વિકાસ કરવામાં આવશે. જેથી લોકો અહીં હરવા ફરવા માટે આવી શકે અને તેમાંથી પણ આવક મેળવી શકાય. અમદાવાદ મનપા દ્વારા દાણીલીમડામાં ચંડોળા તળાવ ૨૭.૫૩ કરોડના ખર્ચે ડેવલપમેન્ટ કરવામાં આવશે. ચંડોળા તળાવની ફરતે ડ્રેનેજ લાઈન, વોક વે, બીઆરટીએસ રોડ ઉપર ડેવલપમેન્ટ એરિયામાં અપર પ્રોમીનાડ અને લોઅર પ્રોમીનાડ, એમ્પીથીયેટર, ખંભાતી કુવા, સુએજ પંપીંગ સ્ટેશન વગેરે બનાવીને તળાવની રોનક વધારવામાં આવશે.

## વડોદરામાંથી નકલી બર્થ સર્ટિફિકેટનું કૌભાંડ ઝડપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં નકલીનો રાફડો ફાટ્યો હોય તેમ સમયાંતરે રાજ્યના કોઈને કોઈ ખૂણામાં નકલી વસ્તુ પકડાતી રહે છે. વડોદરામાંથી નકલી બર્થ સર્ટિફિકેટનું કૌભાંડ ઝડપાયું હતું. મળતી વિગત અનુસાર, મકરપુરા જીઆઈડીસીમાં રહેતા મૂળ ઉત્તર પ્રદેશના કાશિદ સિદ્દિકી અને રાબિયા સિદ્દિકી કોર્પોરેશનના રાવપુરા ખાતેના કેન્દ્ર પર આધાર કાર્ડ કઢાવવા આવ્યા હતા. તેમણે જમનાબાઈ હૉસ્પિટલના નામનું બર્થ સર્ટિફિકેટ રજૂ કર્યું હતું. હોસ્પિટલને જન્મનો દાખલો આપવાની સત્તા ન હોવાથી પ્રાથમિક દૃષ્ટિએ જ આ દાખલો બોગસ હોવાનું સામે આવ્યું હતું. જે બાદ પાલિકાના સેશન્સ ઓફિસરે પોલીસને જાણ કરી હતી. સેશન્સ ઓફિસરે આ કૌભાંડની ઊંડાણપૂર્વક તપાસ કરવાની માગ સાથે રાવપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. કાશિદ સિદ્દિકીના કહેવા મુજબ, તેનો જન્મ ઉત્તર પ્રદેશમાં થયો હતો અને આ બર્થ સર્ટિફિકેટ થોડા સમય પહેલા તેના પિતાએ મિત્રની મદદથી બનાવ્યું હતું. પોલીસે બોગસ બર્થ સર્ટિફિકેટ રજૂ કરનારા યુવક અને તેની માતાની ધરપકડ કરી હતી. ઉલ્લેખનીય છે કે આ બંને જણા બે વર્ષથી જીઆઈડીસીમાં રહેતા હતા.

આ કેસમાં ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે તો અમદાવાદના ચંડોળા તળાવના લલ્લા બિહારી જેવું કૌભાંડ બહાર આવી શકે છે.

## ક્રિમિનલ કેસ પેન્ડિંગ હોય તો પણ ૧૦ વર્ષ માટે પાસપોર્ટ રિન્યૂ થશેઃ ગુજરાત હાઈ કોર્ટેનો ચુકાદો

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટ દ્વારા એક મહત્ત્વપૂર્ણ ચુકાદો આપવામાં આવ્યો હતો. કોર્ટે ક્રિમિનલ કેસ પેન્ડિંગ હોય તો પણ ૧૦ વર્ષ માટે પાસપોર્ટ રિન્યૂ થઈ શકે છે તેવો ચુકાદો આપ્યો હતો. ટ્રાયલ કોર્ટ દ્વારા વિદેશ જવા અંગેની શરતો લાદી શકાય છે, પરંતુ પાસપોર્ટ વિભાગ પાસે આવી કોઈ સત્તા નથી તેમ પણ કોર્ટે જણાવ્યું હતું. બંધારણના અનુચ્છેદ ૨૧નું અવલોકન કરતા જણાવ્યું, દુનિયામાં ગમે ત્યાં મુસાફરી કરવી બંધારણનો મૂળભૂત અધિકાર છે. આરોપીને ટ્રાયલ દરમિયાન કોર્ટ સમક્ષ હાજર કરવાની જવાબદારી આરોપી અને ટ્રાયલ કોર્ટ બંનેની છે. આરોપી સામે કેવા પ્રકારનો ક્રિમિનલ કેસ પેન્ડિંગ છે તેના આધારે પાસપોર્ટ રિન્યુ કરવો કે નહીં તેનો અધિકાર પાસપોર્ટ ઓફિસને નથી. આ સિવાય કોર્ટે કેન્દ્ર દ્વારા લાગુ કરવામાં આવેલા પાસપોર્ટ એક્ટ હેઠળના નિયમોનું અર્થઘટન કરવાની પણ ટકોર કરી હતી.

## અમદાવાદમાં ત્રણ વર્ષથી બંધ હાટકેશ્વર બ્રિજને તોડવા નવું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના હાટકેશ્વર બ્રિજને તોડવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશનના બ્રિજ પ્રોજેક્ટ વિભાગ દ્વારા નવું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. ૯.૩૧ કરોડના ખર્ચે આ બ્રિજને તોડવા માટેનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. બે વર્ષ પહેલા તત્કાલીન મ્યુનિસિપલ કમિશ્નર દ્વારા બ્રિજને તોડીને નવો બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી.

આ બ્રિજ બનાવવા માટે ૪૨ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો અને ૧૦ કરોડના ખર્ચે તોડાશે. આમ લોકોના ટેક્સના બાવન કરોડ રૂપિયા પાણીમાં જશે તેવી સ્થાનિકોમાં ચર્ચા થઈ રહી છે. લોકોના કહેવા મુજબ, આટલા મોટા ખર્ચે બનેલા બ્રિજને થોડાં જ વર્ષોમાં તોડી પાડવા પાછળ બીજા કરોડોનો ખર્ચ થવો એ જાહેર નાણાંના મોટા પાયે થતા વ્યય અને તંત્રની બેદરકારી દર્શાવે છે.

બ્રિજ પર પડેલા ગાબડાંના લીધે જોખમી સ્થિતિ સર્જાતાં આ બ્રિજ વાહનવ્યવહાર માટે ત્રણ વર્ષથી બંધ કરવામાં આવ્યો હતો.

હાલ આ બ્રિજનો વાહન પાર્કિંગ તરીકે ઉપયોગ થઈ રહ્યો છે. વર્ષ ૨૦૧૭માં બ્રિજને વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકાયો હતો, પરંતુ ચાર વર્ષથી પણ ઓછા સમયમાં, એપ્રિલ, ૨૦૨૧માં મુખ્ય ઓબલીગેટરી સ્પાનમાં પ્રથમવાર ડેક સ્લેબમાં સેટલમેન્ટ (બેસી જવાની)ની સમસ્યા સર્જાઈ હતી, જેને માઈક્રો કોંક્રીટથી રીપેર કરવામાં આવ્યું હતું.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

(હાઈડ્રોલિક એન્જીનિયરનો વિભાગ)

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર, નીચે આપેલા કામ માટે ત્રણ પૅકેટ સિસ્ટમમાં ટકાવારી ધોરણે લાઇનમાં વ્યવહાર કરતી પેઢીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવે છે.

| | |
|---|---|
| ટેન્ડર દસ્તાવેજ નં. | ૨૦૨૫_MCGM_૧૧૭૪૭૧૧ |
| સંસ્થાનું નામ | બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન |
| વિષય | ૧૨ મહિના માટે A.E.(M.) W.W. શહેર- II સેક્શન હેઠળ મલબાર હિલ જળાશય ખાતે કમલા નેહરુ પાર્કની બાગાયતી જાળવણી. |
| ટેન્ડર ફી | રૂા. ૨૧,૪૧૭/- (રૂા. ૧૮,૧૫૦ + ૧૮% GST) |
| ઈ-ટેન્ડરની કિંમત (અંદાજીત કિંમત) | રૂ. ૧,૦૨,૩૮,૨૦૦.૦૦ |
| બીડ સુરક્ષા ડિપોઝિટ/બારડી | રૂા. ૧,૦૩,૦૦૦/- (૧૦૦% બારડી ઓનલાઈન ચુકવણી) |
| ટેન્ડરની ઈશ્યૂ કરવાની અને વેચાણની તારીખ | ૦૨/૦૫/૨૦૨૫ ૧૧.૦૦ ક. થી |
| ટેન્ડરના વેચાણ માટેની છેલ્લી તારીખ અને સમય & બીડ સુરક્ષા ડિપોઝિટની પ્રાપ્તિ | ૧૦/૦૫/૨૦૨૫ ૧૨.૦૦ ક. સુધી |
| પેકેટ A, B & પેકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન) | ૧૦/૦૫/૨૦૨૫ ૧૬.૦૦ ક. સુધી |
| પેકેટ A ખૂલશે | ૧૩/૦૫/૨૦૨૫ ૧૨.૦૫ ક. પછી |
| પેકેટ B ખૂલશે | ૧૫/૦૫/૨૦૨૫ ૧૨.૧૦ ક. પછી |
| પેકેટ C ખૂલશે | ૨૦/૦૫/૨૦૨૫ ૧૫.૦૦ ક. પછી |
| વેબસાઈટ | http://portal.mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિ | ૧. શ્રી S. મોહિતે (ASG) :- ૯૯૬૭૩૦૨૧૯૯<br>૨. P.T. શિંદે (AE) :- ૯૯૩૦૨૬૦૫૦૯ |
| સંચાર માટેનું સરનામું | એક્ઝીક્યૂટિવ એન્જિનિયર (જાળવણી) મિટર વર્કશોપ, BMC, ૫૬૬, N. M. જોષી માર્ગ, 'એસ' બ્રિજ પાસે, ભાયખલા (પ), મુંબઈ-૪૦૦૦૧૧ની ઓફિસ. |
| બીડ ખોલવાનું સ્થળ | એક્ઝીક્યૂટિવ એન્જિનિયર (જાળવણી) મિટર વર્કશોપ, BMC, ૫૬૬, N. M. જોષી માર્ગ, 'એસ' બ્રિજ પાસે, ભાયખલા (પ), મુંબઈ-૪૦૦૦૧૧ની ઓફિસમાં ઓનલાઈન. |

આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફર પાત્ર નથી. BMC કોઈપણ અરજી સ્વીકારવાનો અથવા ઉપરોક્ત વિષય માટે મળેલી કોઈપણ અથવા બધી અરજીને કોઈપણ કારણ આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે.

સહી/-
ડે. હાઈડ્રોલિક એન્જિનિયર (જાળવણી)

PRO/290/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**

# અલ્કેમ લેબના ડિરેક્ટરે બાન્દ્રા કાર્ટર રોડ પર ૧૭૪ કરોડ રૂપિયામાં ડુપ્લેક્સ ખરીદ્યું

મુંબઈઃ અલ્ટ્રા-લક્ઝરી હોમ્સની માંગ સતત વધી રહી છે ત્યારે અલ્કેમ લેબોરેટરીઝના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સર્વેશ સિંહે બાન્દ્રામાં કાર્ટર રોડ પર સી-ફેસિંગ એપાર્ટમેન્ટ ૧૭૪ કરોડ રૂપિયામાં ખરીદ્યું છે. આ ઘર સુપ્રીમ યુનિવર્સલ દ્વારા હાઇ-એન્ડ સુપ્રીમ આર્ટ હાઉસ પ્રોજેક્ટનો એક ભાગ છે. આ અપાર્ટમેન્ટ ૧૨,૧૪૮ ચોરસ ફૂટમાં ફેલાયેલો વિશાળ ડુપ્લેક્સ છે. ત્રણ બાજુથી અરબી સમુદ્રનો નજારો જોવા મળે છે. સીએનબીસીના રિપોર્ટ અનુસાર આ સોદામાં ૧૦.૪૪ કરોડ રૂપિયાની સ્ટેમ્પ ડ્યૂટીની ચૂકવણીનો પણ સમાવેશ થાય છે. બાન્દ્રા દરિયા કિનારાના વિસ્તારમાં આ અત્યાર સુધીનો સૌથી મોટો રહેણાંક સંપત્તિનો સોદો છે. બિલ્ડિંગમાં દરેક ફ્લોર પર માત્ર એક જ અપાર્ટમેન્ટ છે.

આ વેચાણ વિશે મુંબઇ અને પુણેમાં પ્રીમિયમ ઘરો બનાવવા માટે જાણીતા સુપ્રીમ યુનિવર્સલના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર સની બિજલાનીએ જણાવ્યું હતું કે 'દક્ષિણ મુંબઈ કે વરલીમાં આ પ્રકારના વ્યવહાર વધુ જોવા મળે છે, પરંતુ બાન્દ્રાના દરિયાકિનારા વિસ્તારમાં આ પ્રકારનો સૌથી મોટો સોદો છે. મોટા બિઝનેસમેન અને હાઈ નેટવર્થ ધરાવતા લોકો પ્રીમિયમ રહેઠાણ શોધી રહ્યા છે ત્યારે બાંદ્રા હાઇ-એન્ડ રિયલ એસ્ટેટ ફેવરિટ બની રહ્યું છે.

# 'ખેડૂતોના આપઘાત છે મહાયુતિ સરકારની ૧૦૦ દિવસની સિદ્ધિ'

છત્રપતિ સંભાજી નગરઃ બેફામ જાહેરાતોને કારણે આર્થિક તણાવ અને વધુ ખેડૂતોની આત્મહત્યા મહાયુતિ સરકારની છેલ્લા ૧૦૦ દિવસ દરમિયાનની સિદ્ધિ છે એવો દાવો વિધાન પરિષદમાં વિપક્ષના નેતા અંબાદાસ દાનવેએ ગુરુવારે કર્યો હતો. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે તેમની સરકારના ૧૦૦ દિવસના રિપોર્ટ કાર્ડને સોશ્યલ મીડિયા પર શેર કર્યા બાદ શિવસેના (યુબીટી)ના નેતાએ ભાજપ, શિવસેના અને એનસીપીના શાસક ગઠબંધન પર નિશાન સાધ્યું હતું. ગયા વર્ષે ડિસેમ્બરમાં વિધાનસભાની ચૂંટણીમાં મહાયુતિની શાનદાર સફળતા બાદ સીએમની જવાબદારી સંભાળ્યા બાદ ફડણવીસે મહત્ત્વાકાંક્ષી લક્ષ્યાંક નક્કી કરીને દરેક વિભાગ માટે ૧૦૦ દિવસનો કાર્યક્રમ નક્કી કર્યો હતો. ફડણવીસે સવારે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર જણાવ્યું હતું કે ૪૮ વિભાગ પોતાના બધા લક્ષ્યાંક પાર પાડવામાં સફળ રહ્યા છે અને અન્ય ૧૮ વિભાગોએ આપેલા સમયગાળામાં તેમના લક્ષ્યોને ૮૦ ટકાથી વધુ હાંસલ કર્યા છે. જોકે, દાનવેએ 'એક્સ' પર દાવો કર્યો હતો કે 'સરકાર દ્વારા કરવામાં આવેલી બેફામ જાહેરાતોને કારણે રાજ્ય પર આર્થિક ભારણ વધ્યું છે. ખેડૂતોની આત્મહત્યામાં ગયા વર્ષની તુલનામાં આ વર્ષે ૬૫નો વધારો થયો છે. છેલ્લા ૧૦૦ દિવસમાં નવી સરકારની આ ''સિદ્ધિઓ'' છે.' (પીટીઆઈ)

### અઠવાડિયું સસ્તાઈ માણી લો...

# આવતા સપ્તાહથી બેસ્ટના ટિકિટ ભાડાંમાંનો વધારો અમલી બની શકે

મુંબઈઃ આવક ઓછી અને ખર્ચ વધુ જેવી પરિસ્થિતિ હોવાથી થઈ રહેલા નુકસાનને ધ્યાનમાં રાખી 'બેસ્ટ' દ્વારા ભાડા વધારાનો નિર્ણય લેવામાં આવ્યો છે. બુધવારે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ટ્રાન્સપોર્ટ ઓથોરિટીની બેઠકમાં ભાડા વધારાને અંતિમ મંજૂરી મળી હતી. બેઠકની મિનિટ્સ તૈયાર કરવા માટે લાગતો સમય, ટિકિટ મશીનોમાં ફેરફાર સહિત અન્ય ટેકનિકલ સમસ્યાઓના કારણે ભાડા વધારાનો તાત્કાલિક અમલ નથી કરવામાં આવ્યો. ભાડામાં વધારો ટૂંક સમયમાં અમલમાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. આ મંજૂરી બાદ નોન એસી બસોનું લઘુત્તમ ભાડું પાંચ રૂપિયાથી વધારીને ૧૦ રૂપિયા પ્રતિ ૫ કિમી કરવામાં આવશે, જ્યારે એસી બસોનું લઘુત્તમ ભાડું ૬ રૂપિયાથી વધારીને ૧૨ રૂપિયા કરવામાં આવશે. જોકે આ ભાડાં વધારાનો અમલ આવતા સપ્તાહથી થવાની સંભાવના છે. ૨૦૧૯માં બેસ્ટ ઉપક્રમ દ્વારા ભાડું ઘટાડી પાંચ કિલોમીટર અને વધુ અંતર માટે નવા દર નક્કી કર્યા હતા. અગાઉ એસી બસોનું લઘુતમ ભાડું ૧૫ રૂપિયા અને નોન એસી બસનું ભાડું ૮ રૂપિયા હતું. આ ભાડું ઘટાડીને અનુક્રમે ૬ રૂપિયા અને પાંચ રૂપિયા કરવામાં આવ્યું હતું. જોકે, આ નિર્ણયને કારણે બેસ્ટની દૈનિક કમાણી પર પણ અસર પડી હતી. આર્થિક નુકસાન પણ થયું હતું. આ કારણોસર 'બેસ્ટ'દ્વારા ભાડામાં વધારાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. મુંબઈ મહાનગરપાલિકાએ પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. ત્યારબાદ આ દરખાસ્ત મુંબઈ મેટ્રોપોલિટન રિજન ટ્રાન્સપોર્ટ ઓથોરિટીને મંજૂરી માટે મોકલવામાં આવી હતી. હાલમાં પેસેન્જર ટિકિટ દ્વારા વાર્ષિક ૮૪૫ કરોડ રૂપિયા એકઠા થાય છે. સાપ્તાહિક, માસિક અને ત્રિમાસિક બસ પાસના દરમાં પણ વધારો કરવામાં આવ્યો છે. પાંચ થી ૧૨ વર્ષની વયના બાળકો માટે પણ અડધી ટિકિટ લાગુ પડશે.

### મહારાષ્ટ્ર સરકારના ૧૦૦ દિવસનો રિપોર્ટ કાર્ડ

# સીએમ અને બંને ડેપ્યુટી સીએમનાં જ ખાતાં ફેઈલ

### ત્રણ મંત્રાલયની ભયંકર કામગીરી, જ્યારે ૧૨ ખાતાને મળ્યાં ૧૦૦માંથી ૧૦૦ માર્ક

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યમાં મહાયુતિ સરકારના ૧૦૦ દિવસના કામનું રિપોર્ટ કાર્ડ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું અને આમાં અજિત પવાર જૂથના મિનિસ્ટર અદિતિ તટકરેનો મહિલા અને બાળ વિકાસ વિભાગ ૮૦ ટકા ગુણ સાથે શ્રેષ્ઠ વિભાગ તરીકે ઊભરી આવ્યો છે.

જાહેર બાંધકામ વિભાગ બીજા સ્થાને છે અને કૃષિ વિભાગ ત્રીજા સ્થાને છે. બીજી તરફ ૪૮માંથી ત્રણ વિભાગ પાસિંગ માર્ક મેળવવામાં પણ નિષ્ફળ ગયા છે. સામાન્ય વહીવટ ખાતું, અન્ન અને નાગરી પુરવઠા અને ગ્રાહક સુરક્ષા ખાતું અને નગર વિકાસ વિભાગોની ૧૦૦ દિવસની કામગીરી નબળી હોવાનું બહાર આવ્યું છે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે, 'આ ઝુંબેશ ફક્ત મેનેજમેન્ટ વિશે નથી, પરંતુ જાહેર હિત માટે જવાબદારી, પારદર્શિતા અને કાર્યક્ષમ વહીવટ વિશે પણ છે. આ ઉત્તમ અધિકારીઓએ અન્ય લોકો માટે એક ઉદાહરણ પૂરું પાડ્યું છે.'

તમામ ૪૮ સરકારી વિભાગોએ મહત્વપૂર્ણ નવી નીતિઓ, દૂરગામી નિર્ણયો અને લોકોલક્ષી પહેલનું આયોજન કરવા માટે ૧૦૦ દિવસના વ્યૂહાત્મક કાર્યસૂચિ પર કામ શરૂ કર્યું છે. છેલ્લા ૧૦૦ દિવસમાં આ તમામ વિભાગો દ્વારા નિર્ધારિત ૯૦૨ વ્યૂહાત્મક ઉદ્દેશોમાંથી, ૭૦૬ ઉદ્દેશો (૭૮ ટકા) સંપૂર્ણ પ્રાપ્ત થયા છે, જ્યારે બાકીના ૧૯૬ લક્ષ્યો પૂર્ણ ન થાય ત્યાં સુધી સંબંધિત વિભાગો તેમનું કાર્ય ચાલુ રાખશે.

કુલ ૪૮ વિભાગોમાંથી, બાર વિભાગોએ તેમના લક્ષ્યાંકોના ૧૦૦ ટકા પ્રાપ્ત કર્યા છે, જ્યારે ૧૮ વિભાગોએ તેમના લક્ષ્યાંકોના ૮૦ ટકાથી વધુ મેળવ્યા છે. આ મૂલ્યાંકનમાં નોંધપાત્ર કામગીરી કરનાર કચેરીઓ અને અધિકારીઓની યાદી નીચે મુજબ છે, જેની ટકાવારી કૌંસમાં આપવામાં આવી છે.

**શ્રેષ્ઠ જિલ્લા પરિષદના મુખ્ય કાર્યકારી અધિકારી**

થાણે (૯૨.૦૦), નાગપુર (૭૫.૮૩), નાશિક (૭૪.૭૩), પુણે (૭૪.૬૭), વાશિમ (૭૨.૦૦)

શ્રેષ્ઠ મ્યુનિસિપલ કમિશનર

ઉલ્હાસનગર (૬૫.૨૧), પિંપરી-ચિંચવડ (૬૫.૧૩), પનવેલ (૬૪.૭૩), નવી મુંબઈ (૬૪.૫૭)

શ્રેષ્ઠ પોલીસ કમિશનર

મીરા ભાયંદર (૬૮.૪૯), થાણે (૬૫.૪૯), મુંબઈ રેલવે (૬૩.૪૫)

શ્રેષ્ઠ વિભાગીય કમિશનર

કોંકણ (૭૫.૪૩), નાસિક (૬૨.૨૧), નાગપુર (૬૨.૧૯)

શ્રેષ્ઠ પોલીસ વિસ્તાર મહાનિરીક્ષક/નાયબ મહાનિરીક્ષક

કોંકણ (૭૮.૬૮), નાંદેડ (૬૯.૮૭)

**શ્રેષ્ઠ મિનિસ્ટ્રી**

મહિલા અને બાળ વિકાસ (૮૦.૦૦), જાહેર બાંધકામ વિભાગ (૭૭.૯૪), કૃષિ (૬૬.૫૪), ગ્રામીણ વિકાસ (૬૩.૫૮), પરિવહન અને બંદરો (૬૨.૨૬)

શ્રેષ્ઠ કમિશનર / ડિરેક્ટર

નિયામક, ટેકનિકલ શિક્ષણ (૭૭.૧૩), કમિશનર, જમાબંધી (૭૨.૬૬), આદિજાતિ વિકાસ (૭૨.૪૯), રાજ્ય ગ્રામીણ આજીવિકા સુધારણા મિશન (૭૦.૨૮), તબીબી શિક્ષણ (૬૮.૫૩)

શ્રેષ્ઠ જિલ્લા કલેક્ટર

ચંદ્રપુર (૬૮.૨૯), કોલ્હાપુર (૬૨.૪૫), જળગાંવ (૬૦.૬૫), અકોલા (૬૦.૫૮), નાંદેડ (૫૬.૬૬)

શ્રેષ્ઠ પોલીસ અધિક્ષક

પાલઘર (૭૦.૨૧), જળગાંવ (૬૦.૦૦), નાગપુર-ગ્રામીણ (૬૦.૦૦), ગોંદિયા (૫૬.૪૯), સોલાપુર-ગ્રામીણ (૫૬.૦૦)

આ યાદીમાં, ચંદ્રપુર, થાણે, પુણે, ઉલ્હાસનગર, મીરા ભાયંદર, પાલઘર, ગોંદિયા, નાંદેડ, કોલ્હાપુર અને અકોલા જેવા જિલ્લાઓમાં આવેલી ઓફિસોએ નોંધપાત્ર પોઈન્ટ મેળવીને અન્ય લોકો માટે સારું ઉદાહરણ સ્થાપિત કર્યું છે, એમ જણાવતાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે તમામ વિજેતા અધિકારીઓને અભિનંદન પાઠવ્યા છે.

# સાંતાક્રુઝમાં હિટ ઍન્ડ રનની ઘટનામાં નવ મહિને ગુનો દાખલ

મુંબઈઃ સાંતાક્રુઝમાં હિટ ઍન્ડ રનની ઘટનામાં પરિવાર દ્વારા ફરિયાદ નોંધાવવાનો ઇનકાર કરવામાં આવતાં આખરે પોલીસે જ છેક નવ મહિને ગુનો દાખલ કર્યો હતો. અકસ્માત બાદ જખમીને મદદ કરવાને બદલે ફરાર થઈ ગયેલા બાઈકસવારની ઓળખ મેળવવા પોલીસ સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસી રહી છે. અકસ્માતની ઘટના ૨૭ જુલાઈ, ૨૦૦૪ના રોજ સાંતાક્રુઝ પૂર્વમાં વાકોલા નજીક વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર બની હતી. પીટર ડીસોઝા (૫૬) હાઈવેના કિનારેથી ચાલતો જતો હતો ત્યારે પૂરપાટ વેગે આવેલી બાઈકને તેને અડફેટે લીધો હતો. ગંભીર જખમી ડીસોઝાને હૉસ્પિટલે લઈ જવાને બદલે બાઈકસવાર ઘટનાસ્થળેથી પસાર થઈ ગયો હતો.

અકસ્માત સ્થળેથી પસાર થનારો રાહુલ ઍન્થની ડીસોઝાની મદદે દોડી આવ્યો હતો. તેણે ડીસોઝાને નજીકની વી. એન. દેસાઈ હૉસ્પિટલમાં દાખલ કરાવી પોલીસને જાણ કરી હતી. ડીસોઝાની હાલત ગંભીર હોવાથી તેને આઈસીયુમાં રાખવામાં આવ્યો હતો.

ડીસોઝાના પરિવારની કોઈ માહિતી મળતી નહોતી. પોલીસે ડીસોઝાના ઓળખપત્રને આધારે તપાસ કરી તેની ભાણેજ નૅન્સીને શોધી કાઢી હતી. બાદમાં વધુ સારવાર માટે ડીસોઝાને નાયર હૉસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં સારવાર દરમિયાન ૧૪ ઑગસ્ટની સવારે તેનું મૃત્યુ થયું હતું.

આ પ્રકરણે ડીસોઝાની ભાણેજે બાઈકસવાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવવાનો ઇનકાર કર્યો હતો. પરિણામે વાકોલા પોલીસે ઘટનાની વિગતો વરિષ્ઠ અધિકારીઓને મોકલી હતી. પ્રાથમિક તપાસ અને અમુક કાનૂની પ્રક્રિયાને આધારે પોલીસ પોતે જ ફરિયાદી બની હતી. કોન્સ્ટેબલ યોગેશ નાગરેની ફરિયાદને આધારે વાકોલા પોલીસે બુધવારે અજાણ્યા બાઈકસવાર વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. પોલીસ ઘટનાસ્થળ અને આસપાસના પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાને આધારે આરોપીની ઓળખ મેળવવાના પ્રયાસ કરી રહી છે.

# કૉંક્રીટીકરણના કામમાં બેદરકારી બદલ સુધરાઈનો સબ-એન્જિનિયર સસ્પેન્ડ

### કૉન્ટ્રેક્ટરને ૫૦ લાખ રૂપિયા અને ક્વોલિટી કંટ્રોલ એજન્સીને પચીસ લાખનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રસ્તાઓને ખાડામુક્ત કરવા મુંબઈના રસ્તાઓનું સિમેન્ટ-કૉંક્રીટીકરણ કરવામાં આવી રહ્યું છે ત્યારે તાજેતરમાં એચ-પશ્ચિમ વૉર્ડમાં એક રસ્તાના કામમાં હલકી ગુણવત્તાનું મટિરિયલ વાપરવામાં આવ્યું હોવાનું જણાઈ આવતા તાત્કાલિક ધોરણે પાલિકાના સબ-એન્જિનિયરને બેદરકારી દાખવવા બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. તો રોડ કૉન્ટ્રેક્ટરને ૫૦ લાખ રૂપિયાનો અને કામની ગુણવત્તા પર નજર રાખવા માટે નીમેલી ક્વૉલિટી મોનિટરિંગ એજન્સીને પચીસ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. મુંબઈમાં હાલ રસ્તાના ચાલી રહેલા કૉંક્રીટીકરણના કામ ૩૧ મે, ૨૦૨૫ પહેલા પૂરા કરવાના છે. રસ્તાના કામની જોકે ગુણવત્તા જળવાઈ રહે તે માટે સુધરાઈએ હલકી ગુણવત્તાનું કામ કરનારા અથવા કામમાં બેદરકારી દાખવનારા સંબંધિત અધિકારીઓ અને સંસ્થા સામે આકરાં પગલાં લઈ રહી છે. જે અંતર્ગત તાજેતરમાં પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે રસ્તાના ચાલી રહેલા કામનું ઈન્સ્પેક્શન કર્યું હતું એ દરમ્યાન તેમને એચ-પશ્ચિમ વૉર્ડમાં એક રસ્તાના કામમાં નસબ બેઝ લેયરથ તરીકે વાપરવામાં આવતા ડ્રાય લીન કૉંક્રીટ મિશ્રણમાં ગુણવત્તાનો અભાવ જણાઈ આવ્યો હતો.

એડિશનલ કમિશનરે જણાવ્યું હતું કે ડ્રાય લીન કૉંક્રીટના ક્યુરિંગનો સમયગાળો ઓછામાં ઓછા સાત દિવસનો હોવો જોઈએ. સાઈટ પર સંબંધિતોએ પણ સાત દિવસનો સમયગાળો કહ્યું હતું પણ બાદમાં કૉન્ટ્રેક્ટર આ સમયગાળો ફક્ત ત્રણ દિવસનો હોવાનું માન્ય કર્યું હતું. હલકી ગુણવત્તાનું કામ જણાઈ આવતા એન્જિનિયર સહિત કૉન્ટ્રેક્ટર અને એજન્સીને શો-કોઝ નોટિસ ફટકારીને ખુલાસો માગવામાં આવ્યો હતો.

પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીના આદેશ મુજબ રસ્તાના કામાં બેદરકારી દાખવવા બદલ સંબંધિત સબ-એન્જિનિયરને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. રોડ કૉન્ટ્રેક્ટરને ૫૦ લાખ રૂપિયાનો અને ક્વોલિટી મોનિટરિંગ એજન્સીને પચીસ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. તેમ જ હલકી ગુણવત્તાનું કામ તાત્કાલિક કાઢીને નવેસરથી ફરી રસ્તાનું કામ કરવાનો આદેશ પણ કૉન્ટ્રેક્ટરને આપવામાં આવ્યો હતો.

# મુંબઈમાં એપ્રિલમાં ૧૩,000 ઘરનું વેચાણ

મુંબઈઃ મુંબઈમાં એપ્રિલમાં ૧૩,૦૦૦ ઘરનું વેચાણ થયું છે અને આ ઘર વેચાણથી સ્ટેમ્પ ડ્યુટી તરીકે સરકારને ૧,૦૮૨ કરોડ રૂપિયાની મહેસૂલ મળી છે. માર્ચની સરખામણીમાં એપ્રિલમાં ઘરનું વેચાણ ઓછું થયું છે. રેડી રેકનરના દરમાં વધારો થયા પછી પણ મુંબઈમાં ઘરના વેચાણમાં બહુ મોટો ઘટાડો થયો નથી. તેથી એપ્રિલમાં ઘરનું વેચાણ સમાધાનકારક હોવાનું નિષ્ણાતોનું કહેવું છે.

મુંબઈના ૧૫,૦૦૦થી વધુ ઘરનું વેચાણ માર્ચમાં વેચાઇ ગયા હતા અને તેના દ્વારા સ્ટેમ્પ ડ્યુટી તરીકે સરકારને ૧,૧૨૨ કરોડ રૂપિયા મહેસૂલની આવક થઇ હતી. માર્ચની સરખામણીમાં એપ્રિલમાં ઘરનું વેચાણ ઘટી ગયું છે, છતાં સ્થિતિ હજી સ્થિર છે. દર વર્ષે માર્ચમાં ઘરનું વેચાણ વધુ થતું હોય છે. નાણાકીય વર્ષ થવાનું હોય અથવા રેડી રેકનરના દરમાં વધારો થવાની શક્યતાને કારણે માર્ચમાં ઘરોનું વધુ રજિસ્ટ્રેશન થતું હોય છે. એપ્રિલમાં રેડી રેકનરના દરમાં વધારો થવાને કારણે ઘરના વેચાણમાં ઘટાડો

થતો હોય છે, પરંતુ આ વખતે બહુ મોટો ઘટાડો થયો નથી.

એપ્રિલ, ૨૦૨૪માં ૧૧,૬૪૮ ઘરનું વેચાણ થયું અને રાજ્ય સરકારને ૧,૦૫૭ કરોડ રૂપિયાની મહેસૂલ મળી હતી, જ્યારે એપ્રિલ, ૨૦૨૩માં ૧૦,૫૧૩ ઘરનું વેચાણ થયું હતું અને તેનાથી સરકારને ૮૯૯ કરોડ રૂપિયા મહેસૂલ મળી હતી.

# મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે પર પાંચ કિ.મી. લાંબો ટ્રાફિક જૅમ

મુંબઈઃ મહારાષ્ટ્ર દિને જાહેર રજા હોવાને કારણે પુણે-મુંબઈ એક્સપ્રેસ-વે પર ભારે ટ્રાફિક જૅમ જોવા મળ્યો હતો જેમાં કલાકો સુધી વાહનો ફસાયાં હતાં, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

પુણે તરફ જનારા માર્ગમાં ભોર ઘાટમાં પાંચ કિલોમીટર સુધીની વાહનોની લાંબી લાઇનો લાગી હતી જ્યારે મુંબઈ તરફ જનારા માર્ગમાં ટ્રાફિક સામાન્ય હતો, એમ એક્સપ્રેસ કન્ટ્રોલ રૂમ દ્વારા માહિતી આપવામાં આવી હતી. ટ્રાફિક કન્ટ્રોલ સ્ટાફ દ્વારા બપોર સુધી પુણે જનારા માર્ગ પર વાહન વ્યવહાર સામાન્ય કરવામાં

આવ્યો હતો, એમ સૂત્રોએ કહ્યું હતું.

પુણેમાં બુધવારે રાત્રે લગ્નપ્રસંગમાં ગયેલા પ્રવાસીએ કહ્યું હતું કે ઘાટ સેકશનમાં અમૃતાંજન બ્રિજ પાર કરવામાં તેમની બસને એક કલાકથી વધુ સમય લાગ્યો હતો.

એક્સપ્રેસવે પર બ્રિજ નજીક હંમેશા ટ્રાફિક રહે છે, કારણ કે તે વિસ્તારમાં ભારે વાહનો ધીમા પડી જાય છે. આ સેકશનને બાયપાસ બનાવવા માટે મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા ઘાટ સેકશન અને સિંહગઢ ઈન્સ્ટિટ્યૂટથી પૂર્વ લોનાવાલા વચ્ચે 'મિસિંગ લિંક' રોડ બનાવવામાં આવી રહ્યો છે.

# અંધેરી આરટીઓમાં મહિલાનો હંગામોઃ કમ્પ્યુટરની તોડફોડ

મુંબઈઃ વાહનની માલિકીને મુદ્દે થયેલા વિવાદમાં મહિલાએ અંધેરી રિજનલ ટ્રાન્સપોર્ટ ઑફિસમાં હંગામો કરી કમ્પ્યુટરની તોડફોડ કરી હતી. આ પ્રકરણે આરટીઓની સિનિયર ક્લર્ક વૃષાલી કાળેએ નોંધાવેલી ફરિયાદને આધારે અંબોલી પોલીસે હંગામો કરનારી મહિલા ઈશા છાબરા વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. પોલીસ ફરિયાદ અનુસાર ઘટના સોમવારે બની હતી. વૃષાલી કાળે અને જુનિયર ક્લર્ક સુસ્મિતા ભોગલે ફરજ બજાવી રહી હતી ત્યારે કાળે આરટીઓમાં આવી હતી. છાબરાએ દાવો કર્યો હતો કે તેણે તેનું વાહન વેચ્યું ન હોવા છતાં કોઈ પણ એગ્રીમેન્ટ વિના સ્નેહા પાંડે નામની મહિલાના નામ પર વાહનનું રજિસ્ટ્રેશન ટ્રાન્સફર કરવામાં આવ્યું હતું. એ વાહન તાત્કાલિક ફરી તેના નામે રજિસ્ટર્ડ કરવાની માગણી છાબરાએ કરી હતી. આમ તાત્કાલિક રજિસ્ટ્રેશન શક્ય ન હોવાનું કાળેએ સમજાવ્યું હતું. એ સિવાય પાંડેએ કાનૂની દસ્તાવેજો અને જરૂરી અરજી કરી હોવાનું પણ કાળેએ કહ્યું હતું.

બધી પ્રકિયા કાયદાને અનુસરીને થઈ હોવાનું છાબરાને કહેવામાં આવ્યું હતું. જોકે મહિલા આરટીઓ સ્ટાફની વાત માનવા તૈયાર નહોતી. જમીન પર પટકાયેલા કમ્પ્યુટરને નુકસાન થયું હતું.

## હિન્દુ મરણ

જૂના સાવરવાળા હાલ સિકન્દ્રાબાદ સ્વ. રમણિકલાલ હરીલાલ મહેતાના ધર્મપત્ની ગં. સ્વ. અરુણાબેન (ઉં. વ. ૮૫ )તે નૈનેશ, સ્વ. જયેશ, ગં સ્વ. દામીનીબેન નરેશકુમાર મહેતાના માતુશ્રી. સૌ. ચૌલાબેનના સાસુ. પિનાલી તથા જીતના દાદીમા. ધવલના નાની. મોટા ખુટવડાવાળા સ્વ. અમૃતલાલ કાનજી મોદીની દિકરી. શનિવાર તા. ૨૬/૦૪/૨૫ના સિકન્દ્રાબાદ ખાતે શ્રીજીચરણ પામેલ છે. લૌકીક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ બેરાજાવાળા હાલ મુલુંડ સ્વ. જશોદાબહેન લાલજી ભીંડેના સુપુત્ર વસંતભાઇ (ઉં. વ. ૮૦) તે તા. ૨૯-૪-૨૫ મંગળવારના શ્રીરામશરણ પામેલ છે. સ્વ. મધુબેનનાં પતિ. મનિષ, નિલેશનાં પિતા. ડિમ્પલબેન, અલકાબેનના સસરા. સ્વ. શાંતાબેન ખીમજી પરસોતમ કક્કડના જમાઇ. મોટી બેંરવાળા ગં.સ્વ. લક્ષ્મીબહેન જીવરામ કારિયા, સ્વ. ચંદ્રિકાબેન પ્રવીણ પવાણી, ગં. સ્વ. રંજનબેન શંકરલાલ કારિયા, ગં. સ્વ. પ્રવીણાબેન પ્રવીણ સચદે, ગં. સ્વ. ઝવેરબેન બાબુલાલ સોમયા, મંજુલાબેન વિજય ચોથાણીનાં ભાઇ. બન્ને પક્ષની પ્રાર્થના તા. ૨-૫-૨૫ના શુક્રવારે ૫થી ૭. ઠે. પવાણી હોલ, ૧લે માળે, કચ્છી લોહાણા મહાજનવાડી, આર.આર.ટી. રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**વિશા લાડ વણિક**

નવસારીના ચત્રભુજ રસીકલાલ કાપડીયા (દાસકાકા) (ઉં. વ. ૭૮) સ્વ. જાન્હવી ચત્રભુજ કાપડીયાના પતિ. વિરલ અને હિરલના પિતા. ધૃતિ અને પ્રયાગ કિનારીવાલાના સસરા. કુશ, આર્યના દાદા. તનયના નાના. ધનલક્ષ્મી ગાંધી, સ્વ. ભૂપેન્દ્રભાઈ, જગદીશભાઈ, સ્વ. ઘનશ્યામભાઈ, કૃષ્ણભાઈ સ્વ. અરૂણભાઈ, શીલા મરચન્ટ અને હરસ્મિતા પારેખ (હંસી)ના ભાઈ ૨૭-૪-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**આદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ (હળવદ)**

ડૉક્ટર અરુણધતી લક્ષ્મીશંકર આચાર્ય (ઉં. વ. ૭૨) (હળવદ) હાલ ગોરેગામ તે સ્વ. લક્ષ્મીશંકર પુરસોત્તમ આચાર્ય તથા સ્વ. ભારતીબેનના પુત્રી. સ્વ. માલવિકા એમ. રાવલ, ગં. સ્વ. તીલોતમા વાય. જાની, મૈત્રી, ઘનશ્યામ, કૃષ્ણાર્જુનના બેન. સુષ્મા ઘનશ્યામ, વૈશાલી કૃષ્ણાર્જુનના નણંદ. કૃણાલના ફોઈ. સ્વ. સંતોકરામ દલસુખરામ ભટ્ટ (વરિયાવ સુરત) તથા સ્વ. ચંદનગૌરી એસ. ભટ્ટના દોહીત્રી ગોરેગામ તા. ૨૯-૪-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨-૫-૨૫, શુક્રવારે ૫ થી ૬. ઠે. સરદાર વલ્લભભાઈ પટેલ (જવાહરનગર હોલ), એસ. વી. રોડ, સિટી સેન્ટરની સામે, ૧લે માળે.

**કચ્છી લોહાણા**

નરેન્દ્ર ઠક્કર (ઉં. વ. ૭૫) કચ્છ ગામ મંગવાણા (મંઝલ) હાલ મુલુંડ તે સ્વ. કાનજી કરશનદાસ ઠક્કર તથા સ્વ. વીરબાળા ઠક્કરના સુપુત્ર. હેમલતાબેન ઠક્કરના પતિ. તે સ્વ. કુમારી રાજલ તથા મિત્તલના પિતાશ્રી. સ્વ. ગોવિંદજી ચત્રભુજ ચંદન તથા સ્વ. શાંતાબેન ચત્રભુજ ચંદન કચ્છ ગામ તેરાવાળાના જમાઇ. તા. ૩૦-૪-૨૫ બુધવારના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**મેઘવાળ**

ગામ ચાવંડ હાલ મુંબઇ રામુબાઇ વાઘેલા (ઉં. વ. ૬૯) તા. ૨૬-૪-૨૫ના અવસાન પામ્યા છે. દુદાભાઇ ભુરાભાઇ વાઘેલાના ધર્મપત્ની. નરેશભાઇ, વનીતાબેન બકુલચંદના માતુશ્રી. મિત્તલબેન, જયાબેન દિપેશકુમારના સાસુ. પ્રણવ, હેમાની, માહી. માહિરના દાદી. વિવાનના નાની. બારમાની વિધિ તા. ૨-૫-૨૫ શુક્રવારે સાંજે ૪.૦૦. નિવાસસ્થાને : આઇ-૧૦૪, એ. એમ. રેસીડેન્સી, નેસબિટ રોડ, મઝગાંવ કોર્ટની સામે, મુંબઇ-૪૦૦૦૧૦.

**દેસાઇ અનાવિલ**

વાપી, હાલ મુંબઇ રાજેશ દેસાઇ (ઉં. વ. ૭૮) તા. ૩૦-૪-૨૫ના દેવલોક પામ્યા છે. તે સ્વ.પર્વતરાય દેસાઇ તથા સ્વ. પાર્વતીબેનના પુત્ર. જ્યોત્સનાના પતિ. તથા અનીષા, કવિતા, શ્વેતા, નિકુંજના પિતા. બીરેન, તેજસ, અભિજીત અને ધરાના સસરા. લૌકિક રિવાજ બંધ રાખેલ છે, સાદડી રાખેલ નથી.

**કપોળ**

મહુવાવાળા, હાલ બોરીવલી સ્વ. લક્ષ્મીબેન જગમોહનદાસ પારેખના પુત્ર જગદીશભાઈ (ઉં. વ. ૭૫) તા.૨૮-૦૪-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે ઉષાબેનના પતિ. અ. સૌ. મીરા પ્રશાંત નાયમપલ્લી અને દર્શન મોનાલીસા પારેખના પિતા. હિમ્મતભાઈ તથા સ્વ. કમલેશભાઈના નાનાભાઈ. સ્વ હર્ષદરાય ધનજીભાઈ મેહતાના જમાઈ. પ્રાર્થના સભા અને સર્વ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**મેઘવાળ**

ગામ વાળુકડ હાલ મુંબઈ, સ્વ. રત્નબેન બારીયા તે સ્વ. હમીરભાઈ ભાણાભાઈ બારીયાના ધર્મપત્ની. સ્વ. સોનાબેન અને સ્વ. કાનજીભાઈ પરમારના સુપુત્રી. સ્વ. કંકુબેન અને સ્વ. ભાણાભાઈ બારીયાના પુત્રવધૂ, હરીશભાઈ જયંતીભાઈ જીતુભાઈ રમેશભાઈ શાંતાબેન નીરૂબેનના માતુશ્રી, રત્નબેન હંસાબેન હંસાબાઇ નીતાબેનના સાસુ. તા. ૨૯/૦૪/૨૫ મંગળવારે રામચરણ પામ્યા છે. તેમના બારમાની વિધિ તા.૦૩/૦૫/૨૫ શનિવારે ૫ વાગે. અપ શિવકૃપા હા.સો. સંતશ્રી વીરમેઘમાયા માર્ગ, તુલસીવાડી, મુંબઈ ૩૪.

**મેઘવાળ**

ગામ ભાદ્રોડ, હાલ મુંબઈ, સ્વ.ગંગાબાઈ કોળી તે સ્વ.વાલજીભાઈ રામજીભાઈ કોળીના ધર્મપત્ની. સ્વ. પાલુબાઈ અને સ્વ. રાજાભાઈ વાઘના સુપુત્રી. સ્વ. લક્ષ્મીબાઈ અને સ્વ. રામજીભાઈ કોળીના પુત્રવધૂ. હરીશભાઈ ભુપતભાઈ અશોકભાઈ મંજુલાબેન અંજુબેનના માતુશ્રી. પાલુબાઈ હર્શદા કંચનબાઇના સાસુ. તા.૨૩/૦૪/૨૫ બુધવારે રામચરણ પામ્યા છે. બારમાની વિધિ તા.૨૭/૦૪/૨૫ રવિવારે સાંજે ૫:૦૦ વાગે. એ૪, હા.સો. સંતશ્રી વીરમેઘમાયા માર્ગ તુલસીવાડી મુંબઈ ૩૪.

**પાંચગામ વિશા ઝારોળા વણિક.**

મહેસાણા સાજના હાલ મલાડ, અ.સૌ. સ્વ. મંજુલાબેન શાહ (ઉં. વ. ૭૬) તે સુબોધભાઈ જમનાદાસના ધર્મપત્ની, બાવલા નિવાસી સ્વ. શેઠ હરિલાલ જાદવજીની તથા સ્વ. વિદ્યાબેન હરિલાલ શેઠનીસુપુત્રી. તુષાર, કામિનીના માતુશ્રી. અ.સો. શીતલાબેનના સાસુ. ચી.સાહિલના દાદી. ઈશાનના નાની. બુધવાર તા.૩૦.૪.૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝા.સ.તા.ઔદિચ્ય બ્રાહ્મણ**

મૂળગામ વાંકાનેર હાલ મુંબઈ, સ્વ. ભગવતપ્રસાદ ભટ્ટના ધર્મપત્ની લીલાવતી ભટ્ટ (ઉં. વ. ૮૫) તા. ૩૦.૪.૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે ભરત, વિજય, અરુણ, આશા(આરતી)ના માતા. હિમા, કલ્પના, વંદના, મુકેશ જોષીના સાસુ. સ્વ ઊમિયાબેન હરિલાલ નરભેશંકરના પુત્રી. પ્રાર્થનાસભા શનિવાર ૫ થી ૬. લૌકિક ક્રિયા બંધ છે. સી, વિંગ, ફ્લેટ નં ૩૦૪/ત્રીજો માળ. એચડીએલ ટાવર. ઓપ, કિન્નરી હોલ વિક્રોલી પૂર્વ.

## પારસી મરણ

શાહરૂખ મેહલી કાપડીયા તે રોશની એસ. કાપડીયાના ખાવીંદ. તે મરહુમો રતી તથા મેહલી કાપડીયાના દીકરા. તે મેહેર ને કાર્લના પપ્પા. તે સાયરસ કુપર ને બીનાયસા સી. કાપડીયાના સસરા. તે પરવીન કેન્ટીનવાલાના ભાઇ. તે વિહાન ને ડીઆનાના બપાવા. (ઉં.વ. ૭૦) રે. ઠે. ઇ-૨૯, ખુશરુબાગ, શહીદ ભગતસિંહ રોડ, કોલાબા, મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયા : તા. ૨-૫-૨૫ને બપોરે ૩.૪૦ કલાકે કોલાબા ખુશરૂબાગ મધે કરાની અગિયારીમાં.

કોલી પાલનજી ખોદાયજી તે મરહુમો પીલામાય તથા પાલનજી ખોદાયજીના દીકરી. તે નોશીર, વિલુ અદી તારમાસ્તર તથા મરહુમો બચુ ફરામરોઝ તોડીવાલા, કેટી સામ માસ્તર, આલુ તથા કાવસીના બહેન. સાયરસ ને દારાયસના ફૂઇજી. તે આરમયતી વિસ્પી કલવચીયા, કાશ્મીરા આદિલ મુશ, ડાયના તંબોલી, આવાં રૂસ્તમ કાવીના, તથા મરહુમ હોશી સામ માસ્તરના માસી. તે પાકઝાન, પાકઝીન, ઝકશીશ ને જેહાનના મોટા ફૂઇજી. (ઉં. વ. ૯૭) રે. ઠે. ૫/૫, માલકમ બાગ, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ-૪૦૦૧૦૨. ઉઠમણાંની ક્રિયા : તા. ૨-૫-૨૫ને બપોરે ૩.૪૦ કલાકે માલકમ બાગ અગિયારીમાં થશેજી.

રોહિન્ટન રતનશો કોતવાલ (ઉં.વ. ૮૦) તે વીરા રોહિન્ટન કોતવાલના પતિ. તે મરહૂમ રતનશો કોતવાલ અને મરહૂમ ખોરશેદ કોતવાલના પુત્ર. તે ડાયના અને કમલરુખના પિતા. તે રોહિતના સસરા. તે કિઆન અને લીલીના ગ્રાન્ડફાધર. તે મરહૂમ રુસ્તમ અને નાજામાઈ મૂલાનના જમાઈ. રે.ઠે. ૧૦૦૨, ૧૦મા માળે, પ્લોટ નં. ૭૫૯, રોડ નં. ૭, દાદર પારસી કોલોની, મુંબઈ-૪૦૦૦૧૪.

## જૈન મરણ

**વિજાપુર સત્તાવીસ વીશા શ્રીમાળી જૈન**

આજોલ વતની અંધેરી પોપટલાલ હકમચંદ શાહના સુપુત્ર હર્ષદભાઇ (બચુભાઇ) (ઉં. વ. ૮૧)તે જસવંતીબેનના પતિ. શાહ રતિલાલ માનચંદ-લિંબોદરાના જમાઇ. તે પૂર્ણિમા, જીમિતભાઇ (રાજુભાઇ), સોનલના પિતા. અવની, સમીરકુમારના સસરા. મિતિ સિદ્ધાર્થકુમાર, વંદિત, દક્ષના દાદા. આર્યના નાના. તા. ૩૦-૪-૨૫ અક્ષય તૃતીયાના રોજ નિધન થયું છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા સાથે રાખેલ છે. ઠે. જલારામ હોલ, રોડ નં-૬, જેવીપીડી સ્કીમ, વિલેપાર્લે (પશ્ચિમ), સાંજે ૭.૩૦થી ૯.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ મનફરાના ગોમતીબેન રતનશી રાયશી ગડાના પુત્ર હસમુખ રામજી ફુરીયા (ઉં. વ. ૬૫) બુધવાર, ૩૦-૪-૨૫ના અવસાન પામેલ છે. તે દમયંતીના પતિ. પ્રતીક, દિપ્તી, વૈશાલી, અંકિતાના પિતા. ગં. સ્વ. મણીબેન ગાંગજી દેસર સાવલાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. લૌકીક વ્યવહાર બંધ છે. ઠે. બી-૫૦૮, સાઈકૃપા બિલ્ડિંગ, એમ. જી. રોડ, બોરીવલી (ઈસ્ટ).

**ખંભાત વિશા શ્રીમાળી જૈન**

ધર્મિષ્ઠાબેન ગાંધી (ઉં. વ. ૮૦) તે વસંતકુમાર બાબુભાઇ ગાંધીના ધર્મપત્ની. અપૂર્વ, હીના, ચેતના (ચકુ)ના માતુશ્રી. સ્નેહા, પ્રવીણકુમાર, પીનલકુમારના સાસુ. રમીલાબેન સુરેશકુમાર ગાંધીના જેઠાણી. સ્વ. કુસુમબેન નરેશચંદ્ર પટવાના ભાભી. સ્વ. અમરચંદ મગુભાઇ શાહના દીકરી. બુધવાર, તા. ૩૦-૪-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨-૫-૨૫ના ૫થી ૭. ઠે. દામોદરવાડી હોલ, અશોક ચક્રવર્તી રોડ, અશોકનગર, કાંદિવલી (ઇસ્ટ).

**સ્થાનકવાસી જૈન**

જોડીયાવાળા હાલ મુંબઇ સ્વ. મંજુલા મનસુખલાલ દોશીના પુત્ર બકુલેશભાઇ (ઉં.વ.૬૯) તે હીનાબેનના પતિ. શ્વેતા, આદિશભાઇના સસરા. સ્વ. જય, પૂર્વીના પિતા. તે નિત્યા, મન, નીવ,અનય ને વિહાના દાદા-નાના.સ્વ. રસીકભાઇ દલપતભાઇના જમાઇ. સ્વ. દીલીપભાઇ, મલેન્દ, મયુરભાઇના બનેવી. બન્ને પક્ષે યોજેલ ભાવયાત્રા તા. ૩-૫-૨૫ને શનિવારે ૪થી ૬. ઠે. વનિતા વિશ્રામ હાઇસ્કૂલ, એસ. વી. રોડ, મુંબઇ-૪.

**ઝાલાવાડ શ્વે. મૂ. પૂ. જૈન**

લીંબડી નિવાસી, હાલ કાંદિવલી નિર્મળાબેન હિંમતલાલ મઠિયાના સુપુત્ર અનિલકુમાર (ઉં. વ. ૭૩) તે મીનાબેનના પતિ. નિયમ, ગૌરવ, દિપાલીના પિતા. સ્વ. નરેશભાઇ, બીપીનભાઇ, સ્વ.હિતેશભાઇ, નયનાબેન રાજેશકુમાર તથા પ્રિતીબેન મયુરકુમારના ભાઇ. ભૂપેન્દ્ર શાંતીલાલ દોશીના બનેવી. તે જીનલ તથા અમિતકુમારના સસરા તા. ૩૦-૪-૨૫ બુધવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**માંગરોળ જૈન**

ગં. સ્વ. ભાનુબેન (ઉં. વ. ૮૮) તે સ્વ. શશીકાંત મોહનલાલ શાહના ધર્મપત્ની. તે પિયર પક્ષે સ્વ. મણીબેન નેમીદાસ નાનજી શાહના પુત્રી. સ્વ. વિજયાબેન, સ્વ. જયંતીભાઇ. સ્વ. ઇન્દિરાબેન, સ્વ. ચંદનબેન, સ્વ. નીલાબેનના બેન. જીતેન્દ્ર, કલ્પના, જ્યોતિ, હિતેષના માતુશ્રી. કામીની, અર્ચના, ધરમશી, જીતેન્દ્રભાઇના સાસુ. જીનલ, હેતલ, તન્વી, સ્મીથના દાદી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝા. દશા શ્રીમાળી શ્વે. મૂર્તિ જૈન**

ઝાંઝુવાડા નિવાસી, હાલ કાંદિવલી, સ્વ. વિનોદચંદ્ર ગોકળદાસ વોરાના ધર્મપત્ની ચંદ્રાબેન (ઉં. વ. ૮૫) તે મનીષા અનિલ, કાલિન્દી વિપુલ, જલ્પા જીતેનના માતુશ્રી. રમીલા નવીનચંદ્ર, સેજલ ભુપેન્દ્રભાઈ, સ્વ. વસંતબેન મંગળદાસ, સ્વ. વિમળાબેન હરિલાલ, સ્વ. ઇન્દુબેન ધનજીભાઈ, સ્વ.જયાબેન ગુણવંતલાલ, સ્વ. કુસુમબેન હસમુખલાલના ભાભી. કોંઢ નિવાસી સ્વ. નાનચંદ જસરાજ કપાસીના પુત્રી. અમીબેન હિરલભાઈ, ઝીલ, ધ્રુવ, મિત્તલ, હિતાર્થ, પંક્તિ, જહાન્વી, પર્વના દાદી. ૨૬/૪/૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

અલંગ નિવાસી હાલ ભાયંદર, સ્વ.બાબુલાલ પ્રેમચંદ શાહના સુપુત્ર હસમુખરાય (ઉં. વ. ૬૪) તા.૧/૫/૨૫ના ગુરુવારે અરિહંતશરણ પામેલ છે. તે પાયલ કુણાલકુમાર બાબરીયા (લીંબડી), રિચાના પિતાશ્રી. ભાવિન, ભૌમિકના કાકા, સ્વ. ચીમનભાઈ, સ્વ. ચંદુભાઈ, મહીપતભાઈ, સ્વ. જીતુભાઇના ભાઈ, સરોજબેન ચીમનભાઈ મહેતા, મનીષાબેન ચંપકલાલ ગાંધી, કલ્પિતા હરેશકુમાર મહેતા, નીલમબેન નિલેષકુમાર શાહ, ભાવિકા પંકજભાઈ મણિયારના ભાઈ, સ્વસુર પક્ષે બાલુભાઈ દિપચંદ વોરા વરતેજવાળાના જમાઈ. લૌકીક વ્યવહાર બંધ છે.

**હાલાર વિશાશ્રીમાળી જૈન**

કોલકી નિવાસી, હાલ ઘાટકોપર, સ્વ. વસંતબેન દલીચંદ મહેતાના પુત્રવધૂ હર્ષિદા (ઉં. વ. ૬૯) તે હર્ષદના ધર્મપત્ની, હાર્દિકના માતુશ્રી. હેતલના સાસુ. કેતન, કલ્પના, શીલા, મિતાના ભાભી. ગુંદાવાળા ઉર્મિલાબેન દલીચંદ લાલચંદ મહેતાની સુપુત્રી. તા.૩૦.૦૪.૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૦૩.૦૫.૨૫ શનિવારના ૧૦ થી ૧૨. જાસ્મીન હોલ, જોલી જીમખાના, કિરોલ રોડ, ઘાટકોપર વેસ્ટ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# મૅટિની

## કવર સ્ટોરી

હેમા શાસ્ત્રી


# પહલગામના આ તે કેવા પડઘા

### આતંકવાદી હુમલાને પગલે સુનીલ શેટ્ટીની ફિલ્મ પાકિસ્તાનમાં રિલીઝ નહીં કરાય, જ્યારે 'અબીર ગુલાલ' પર ભારત અને પાકિસ્તાનમાં પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે અજુગતું, અણછાજતું થાય એનો પહેલો ફટકો ક્રિકેટ અને એન્ટરટેઇન્મેન્ટ (મુખ્યત્વે ફિલ્મો)ને પડે છે. અલબત્ત, ૨૦૧૯ના ફેબ્રુઆરીમાં થયેલા પુલવામા એટેક પછી બંને દેશ દ્વારા વેપાર પ્રતિબંધ પણ અમલમાં આવ્યો છે. જોકે, દવા, ખાંડ અને ફર્ટિલાઈઝર જેવી જીવન આવશ્યક ચીજવસ્તુ ભારત પાકિસ્તાનમાં નિકાસ આજની તારીખમાં પણ કરે છે. ક્રિકેટ અને સિનેમા સાંસ્કૃતિક લેવડ દેવડ માટે ભલે જરૂરી માનવામાં આવતા હોય, જીવન આવશ્યક તો નથી જ એટલે એના પર પ્રતિબંધ મુકવામાં વાર નથી લાગતી. ૨૩ એપ્રિલે કાશ્મીરના પહલગામમાં આંતકવાદીઓના હિચકારા અને નરાધમ હુમલા પછી એના તીવ્ર પ્રત્યાઘાત હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી પર પડવા સ્વાભાવિક હતા. પાકિસ્તાની એક્ટર ફવાદ ખાનને ચમકાવતી હિન્દી ફિલ્મ 'અબીર ગુલાલ' ભારતમાં દર્શાવવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે અને સુનીલ શેટ્ટીના લીડ રોલવાળી હિન્દી ફિલ્મ 'કેસરી વીરઃ લેજન્ડ્સ ઓફ સોમનાથ' પાકિસ્તાનમાં રિલીઝ નહીં કરવાનો નિર્ણય ફિલ્મના પ્રોડ્યુસરે લીધો છે. પહલગામમાં થયેલા પાશવી હુમલાના પડઘા પડ્યા છે. 'આર્ટ ફોર ધ સેક ઓફ આર્ટ' (કળા નૈતિક રીતે તટસ્થ હોવી જોઈએ) હવે કાળબાહ્ય દલીલ ગણાય છે. પાકિસ્તાન સાથે દરેક પ્રકારના વ્યવહાર પર તાળું મારવાના નિર્ણયને સાર્વત્રિક આવકાર અને સમર્થન મળે એ આજની વાસ્તવિકતા છે.

આ બે ફિલ્મ ઉપરાંત કાશ્મીર સંદર્ભની રિલીઝ થયેલી ફિલ્મ 'ગ્રાઉન્ડ ઝીરો'ની પણ વાત કરવી જોઈએ. અને હા, શિવસેનાની યુવા સેનાના સોશિયલ મીડિયા ઈન્ચાર્જ અને મહાસચિવ રાહુલ કનાલે મહારાષ્ટ્રના રાજ્યપાલ સી. પી. રાધાકૃષ્ણને પત્ર લખી બોલિવૂડે પાકિસ્તાનના કલાકાર - કસબીઓને સામેલ ન કરવા જોઈએ અને પાકિસ્તાનનું કન્ટેન્ટ આપણે ત્યાં દર્શાવવા પર પ્રતિબંધ મૂકવો જોઈએ એવી માગણી કરી છે.

'હેરાફેરી', 'ફિર હેરાફેરી', ગુલઝારની 'હુ તુ તુ', 'હલચલ' વગેરે ફિલ્મોમાં કામ કરનાર સુનીલ શેટ્ટીને ફિલ્મો પ્રત્યે વૈરાગ્ય આવી ગયો કે અન્ય કોઈ કારણસર છેલ્લાં ૧૦ વર્ષમાં એની એકાદ બે ફિલ્મ માંડ રિલીઝ થઈ હશે અને એ સુધ્ધાં કોઈને યાદ નહીં હોય. થોડા વખતથી ઓટીટી પ્લેટફોર્મ પર વ્યસ્ત એવા શેટ્ટીની ૧૬મી મેના દિવસે 'કેસરી વીરઃ લેજન્ડ્સ ઓફ સોમનાથ' રિલીઝ થવાની છે. છેલ્લાં કેટલાંક વર્ષથી હિન્દી ફિલ્મ દેશમાં અને વિદેશમાં સાથે રિલીઝ કરવાની પ્રથા પડી છે. વિદેશમાં વસતા ભારતીયોને હિન્દી ફિલ્મોનું ઘણું આકર્ષણ હોવાથી જો ફિલ્મ ચાલી તો નિર્માતાને સારો આર્થિક લાભ થવાની સંભાવના રહેલી છે. એટલે ઓવરસીઝ ડિસ્ટ્રીબ્યુટર યુકે, યુએસએ, ગલ્ફના દેશો, નોર્થ અમેરિકા તેમજ નેપાળ, ચીન અને પાકિસ્તાનમાં હિન્દી ફિલ્મ પ્રદર્શિત કરતા હોય છે. જોકે, પહલગામ હુમલાને પગલે 'કેસરી વીર'ના નિર્માતા ચૌહાણ સ્ટુડિયોના કનુ ચૌહાણે ફિલ્મ પાકિસ્તાનમાં રિલીઝ નહીં કરવાનો નિર્ણય લીધો છે. કનુ ચૌહાણ કહે છે કે 'ભારતીય ભૂમિ પર પાકિસ્તાન સ્થિત આતંકવાદીઓએ હુમલો કર્યો હોવાથી મારી ફિલ્મ કોઈપણ ભોગે પાકિસ્તાનમાં રિલીઝ નહીં કરતા એમ મેં મારા ઓવરસીઝ ડિસ્ટ્રીબ્યુટરને સાફ સાફ શબ્દોમાં જણાવી દીધું છે.



'કેસરી વીર': સુનીલ શેટ્ટી

આપણી ભૂમિ પર હિચકારો હુમલો કરનારાની ભૂમિ પર-પાકિસ્તાનમાં 'કેસરી વીર' રિલીઝ નહીં થાય. આતંકવાદી હુમલામાં જાન ગુમાવનારા નિર્દોષ લોકોની તરફેણમાં આ મારી નૈતિક જવાબદારી છે.'

કનુ ચૌહાણનો આ નિર્ણય વધાવી લેવો જોઈએ. ફિલ્મમાં સુનીલ શેટ્ટી સાથે સૂરજ પંચોલી, વિવેક ઓબેરોય છે અને મિકા સિંહની પત્ની તેમજ ટીવી એક્ટ્રેસ અને કન્નડ ફિલ્મોમાં ઝલક દેખાડનારી આકાંક્ષા શર્માની આ પહેલી હિન્દી ફિલ્મ છે.

'ખૂબસૂરત' (પ્રોડ્યુસર અનિલ કપૂર) ,'અય દિલ હૈ મુશ્કિલ' અને 'કપૂર એન્ડ સન્સ' જેવી હિન્દી ફિલ્મો અને પાકિસ્તાની સિરિયલ 'ઝિંદગી ગુલઝાર હૈ'થી ભારતીય દર્શકોમાં પ્રિય બનેલા પાકિસ્તાની એક્ટર ફવાદ ખાનની આગામી હિન્દી ફિલ્મ 'અબીર ગુલાલ' ભારતમાં રિલીઝ નહીં કરવા દેવામાં આવે એવી જાણકારી આપવામાં આવી છે. ફિલ્મની રિલીઝ નવમી મેએ થવાની હતી, પણ પહલગામ હુમલાની પાર્શ્વભૂમિ પર પાકિસ્તાની કલાકારની ફિલ્મ રજૂ નહીં થવા દેવાય એવો નિર્ણય લેવાઈ ગયો છે. 'ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયાસિને એમ્પ્લોયીઝ' દ્વારા પાકિસ્તાની આર્ટિસ્ટ પર પ્રતિબંધ મુકવાના નિર્દેશનો પુનરુચ્ચાર કર્યો હતો. અગાઉ 'ક્વીન', 'ઉડતા પંજાબ', 'સુપર ૩૦', '૮૩' જેવી ફિલ્મોનું નિર્માણ કરનારા પ્રોડ્યુસર વિવેક અગ્રવાલને તો ડબલ ફટકો પડ્યો છે. 'અબીર ગુલાલ' પર પાકિસ્તાનમાં સુધ્ધાં પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. પાકિસ્તાનના વરિષ્ઠ ડિસ્ટ્રીબ્યુટર સતીશ આનંદે ફવાદ ખાનની આ ફિલ્મ પાકિસ્તાનમાં રિલીઝ નહીં થાય એ વાતને સમર્થન આપ્યું હતું. કારણ જાણવા જેવું છે. પાકિસ્તાની એક્ટર ફવાદ ખાનની હાજરીને કારણે ફિલ્મ ભારતમાં રજૂ કરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો તો ભારતીય એક્ટ્રેસ વાણી કપૂર ફિલ્મમાં હોવાથી પાકિસ્તાનમાં પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. એ વાત અલગ છે કે વાણી કપૂરની સાથે સાથે ફવાદ ખાનએ આતંકવાદી હુમલાને તીવ્ર શબ્દોમાં વખોડી કાઢ્યો છે.


૨૫ એપ્રિલે રિલીઝ થયેલી ઈમરાન હાશ્મીની 'ગ્રાઉન્ડ ઝીરો' ફિલ્મ માટે દર્શકોને ઉત્સુકતા - ઉત્કંઠા હશે એવું માનવામાં આવતું હતું એને માટે ફિલ્મની સ્ટોરી લાઈન અમુક અંશે જવાબદાર હતી. ફિલ્મનું પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યું એમાં ઈમરાન કાશ્મીરમાં ડ્યૂટી પર હાજર બોર્ડર સિક્યોરિટી ફોર્સના ડિરેક્ટર નરેન્દ્રનાથ દુબે તરીકે પ્રોજેક્ટ કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રની સુરક્ષા જોખમમાં હોવાથી બીએસએફ ડેપ્યુટી કમાન્ડન્ટ ખૂંખાર આતંકવાદી ગાઝી બાબાને નેસ્તનાબૂદ કરવાના મિશન પર હોય એવી સત્ય ઘટના પર આધારિત વાર્તામાં પહલગામ એટેકની પાર્શ્વભૂમિમાં દર્શકોને રુચિ જાગે એ સ્વાભાવિક કહેવાય. વળી, ફિલ્મના કેટલાક હિસ્સાનું શૂટિંગ પહલગામમાં થયું હતું. જોકે, રાષ્ટ્રની સુરક્ષા માટે સંઘર્ષ, હિંમત અને બલિદાનની કથા ધરાવતી 'ગ્રાઉન્ડ ઝીરો' માટે પહેલા પાંચ દિવસ દરમિયાન સિને રસિકોમાં લગભગ ઝીરો ફિલિંગ - ઉમળકાનો અભાવ જોવા મળ્યો છે. આજનો દર્શક શાણો છે. માત્ર કાશ્મીર પર ફિલ્મ છે એટલે થિયેટર તરફ દોટ નહીં મૂકે. ■

## સ્ટાર-ચાર-કલાકાર


સંજય છેલ

# એકમેવ સત્યજીત રેનું અતઃથી ઇતિ

### 'ઇ.ટી.'નો વિવાદ કેમ ગાજ્યો ?



સત્યજિત રે



એલિયનના વાર્તાસ્કેચ

*'ઉમ્ર ભર ગાલિબ યહી ભૂલ કરતા રહા,*
*ધૂલ ચહેરે પર થી આઇના સાફ કરતા રહા'*

ચવાઇને ચુથ્થો થઈ ગયેલો આ શેર આપણાં સમાજ માટે બરોબર લાગુ પડે છે. આપણને આપણી ગરીબી કે કમીઓ કોઇ દેખાડે તો ભડકી જઇએ છીએં. એકવાર સંસદમાં ત્યારની હીરોઇન નરગીસે દત્તે નિર્દેશક સત્યજિત રેની ઇન્ટરનેશનલી વિખ્યાત ફિલ્મો માટે એવી કશીક ફરિયાદ કરેલી કે સત્યજિત રે ભારતની ગરીબી વિદેશમાં વેંચીને દેશની ઇમેજ બગાડે છે. જોકે પછી ત્યારનાં વડાં પ્રધાન ઇંદિરાજીએ અભિનેત્રી નરગિસને આ નિવેદન પાછું લેવાનું કહેલું. (નવાઇની વાત એ છે કે એ જ નરગિસે 'મધર ઇંડિયા'માં ગરીબ કિસાન પત્નીની ભૂમિકા ભજવેલી ને એ ઓસ્કાર એવોર્ડમાં પહોંચેલી પ્રથમ ઇંડિયન ફિલ્મ હતી!)

આજે સત્યજિત રેની જન્મજયંતિ છે અને એક વાત માનવી જ પડશે કે જગતભરમાં જો કોઇ બે કલાકારો ભારતની ઓળખ હોય તો એમાંના એક સત્યજિત રે ને બીજા રાજ કપૂર. (હાલમાં શાહરુખ અને રજનીકાંત, અમુક દેશોમાં) એમાં બે મત નથી કે સત્યજિત રે એક અદ્ભુત બહુરંગી કલાકાર, લેખક, સંગીતકાર, ચિત્રકાર, વાર્તાકાર હતા અને એમના તોલે કોઇ હજી આવી શક્યું નથી. ભલે સત્યજીત રે એ માત્ર પાથેર પાંચાલી, ચારુલતા, જલસાઘર, ગોપી ગાયેનનાયક, ગણશત્રુ જેવી માત્ર બંગાળીમાં જ અદ્ભુત ૩૬ જેટલી ફિલ્મો બનાવી (હિંદી ફ્લોપ 'શતરંજ કે ખિલાડી' સિવાય) પણ એ એક નખશીખ મૌલિક હિંદુસ્તાની કલાકાર હતા.

મૂળ તો સત્યજિત મોશાઈ કલકત્તાની જાહેરાત કંપનીમાં સ્કેચ કલાકાર હતા. ગાયક કિશોરકુમાર એમના દૂરના સગા એવા બિમલ રોય પાસે સત્યજિતને 'નૌકરી' ફિલ્મમાં સહાયક તરીકે જોડાવા લઇ ગયેલા, પણ વાત જામી નહોતી. પછી એમણે ૧૯૫૫માં છેક ૩૫ વર્ષની ઉંમરે બંગાળી લેખક વિભૂતિભૂષણ બંદોપાધ્યાયની 'પાથેર પાંચાલી' નવલકથાથી પ્રેરાઈને પટકથા લખેલી, પણ ફિલ્મ બનાવવાના પૈસા નહોતા. બંગાળ સરકારે ફિચર ફિલ્મ બનાવવા પૈસા ના આપ્યા ત્યારે ડોક્યુમેંટરી ફિલ્મનાં નામે થોડું ફંડ લઇને થોડા કલાકારો અને જૂજ ટેક્નિશીયનો સાથે માત્ર શનિ-રવિવારે સત્યજિતરેએ 'પાથેર પાંચાલી' બનાવેલી, જે ભારતની ઓળખ બની ગઇ. પછી એ જ પશ્ચિમ બંગાળ સરકારની ભલામણથી ૧૯૫૬ના 'કાન ફિલ્મ ફેસ્ટિવલ'માં આ ફિલ્મને મોકલાવેલી. ફિલ્મને સવારે ૧૦ વાગ્યે જોવા માટે રાખવામાં આવી. જ્યુરીના સભ્યોએ મોડી રાત સુધી પાર્ટીમાં મજા કરી હતી એટલે સવારે ફિલ્મ જોવાનો કોઈનો મૂડ નહોતો, પણ આન્દ્રા વાજા નામના જ્યુરી સભ્ય ફિલ્મને ધ્યાનથી જોતાં હતા. ફિલ્મ પૂરી થયા પછી એમણે જ્યુરીના બીજા સભ્યોને ફ્રેશ થઈને પાછા જોવાનું કહ્યું. બધાં સભ્યો ફિલ્મ જોઈને અવાક બની ગયા અને ફિલ્મને સદીની મહાન ફિલ્મ જાહેર કરી. જાણીતા યુરોપિયન નિર્દેશક આન્દ્રા વાજાને લીધે વિશ્વ સિનેમાને 'પાથેર પાંચાલી' ફિલ્મની ભેટ મળી.

'પાથેર પાંચાલી' બાદ 'અપરાજિતા ' અને 'અપુર સંસાર' મળીને અપૂવ ટ્રિલોજીનું સર્જન કર્યું જે વિશ્વની ૧૦૦ મહાન ફિલ્મોમાં ગણાય છે.

કહેવાય છે કે 'પાથેર પાંચાલી' ના નિર્માણ દરમિયાન, રેને નાણાકીય મુશ્કેલીઓ આવેલી અને એમણે પ્રોજેક્ટ છોડી દેવાનું પણ વિચાર્યું. ત્યારે કંજૂસ ગણાતા કિશોરકુમારે ફિલ્મ પૂરી કરવા ૫,૦૦૦રૂ. આપેલા! પછી રેએ 'ચારુલતા' ફિલ્મમાં ટાગોરનું 'આમી ચીની ગો ચીની તોમારે' ગીત કિશોરદાને ગાવા કહ્યું, પણ કિશોરદા 'રવીન્દ્ર સંગીત'ના અતિરેકના લાગણીવેડાથી ચીડાતા. સત્યજિત રે ઉર્ફે માણિકદાએ કિશોરકુમારને રવીન્દ્ર સંગીતની રીતસર તાલિમ અપાવી, કિશોરદાએ ટાગોરની મૂળ ધૂન પર રેકોરર્ડિંગ પણ કર્યું પણ એમને મઝા ના આવી. કિશોરદાએ કહ્યું, 'માણિકદા, મને મારી મસ્તીભરી સ્ટાઇલમાં એકવાર હજી ગાવા દો!' રેએ કહ્યુંઃ 'તમે ભલે ગાવ, પણ મારી મોજ માટે ફિલ્મમાં હું રવીન્દ્ર સંગીતવાળું જ ગીત રાખીશ.' પછી કિશોરદા ગીત રેકોર્ડ કરતી વખતે મસ્તીમાં નાચતા ઝૂમતા હતા ત્યારે સત્યજીત રે એના હાવભાવ જોઈ ગયા. ફિલ્મના શૂટિંગ વખતે સત્યજીત રેએ કિશોરદાને ફિલ્મના સેટ પર બોલાવીને કહ્યું : 'તમે તમારા મૂડમાં ગીત ગાતી વખતે જે હાવભાવ આપતા હતા એવા જ મારા હીરોને કરી દેખાડો.' અહીં સત્યજિત રેની ફિલ્મનિર્દેશક તરીકેનો એક સિનેમા-'ઓડિયોવિઝ્યુઅલ' માધ્યમ પરનો કસબ દેખાય છે કે ગીતનો સાઉંડ ભલે મૂળ રવીન્દ્ર સંગીતનો રાખ્યો, પણ વિઝ્યુઅલ કે દૃશ્યમાં કિશોરદાનો આધુનિક અભિનય!

સત્યજિત રેએ લોકપ્રિય ડિટેક્ટીવ પાત્ર 'ફેલુદા' અને વૈજ્ઞાનિક પ્રોફેસર 'શોંકુ'નું સર્જન કર્યું. એની અનેક વાર્તાઓ લખી, જેણે તમામ ઉંમરના વાચકોને ઘેલા કરેલા.

સત્યજીત રેને પદ્મશ્રીથી લઇને ભારત રત્ન, 'ઓસ્કાર લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ' જેવા અનેક પ્રતિષ્ઠિત સન્માન મળેલા, પણ ભારત દેશનું સૌથી મોટું સન્માન તો એ છે કે એમની વાર્તાશૈલી કે સિનેમેટિક ટેક્નિકસને માર્ટિન સ્કોર્સેસે, વેસ એન્ડરસન અને ક્રિસ્ટોફર નોલાન જેવા આજના નિર્દેશકો કે અગાઉ અકીરા કુરોસાવા જેવા ઇંટરનેશનલ ફિલ્મકારોને પ્રભાવિત કર્યા છે.

જોકે, એ જ હોલિવૂડે માણિકદા સાથે બહુ મોટો અન્યાય કરેલો. ૧૯૬૦ની આસપાસ એમણે અંગ્રેજી સ્ક્રિપ્ટ લખેલી, જેમાં એક પરગ્રહવાસી (એલિયન) ની વાત હતી, જે અંતરિક્ષમાંથી અવતરીને ભારતનાં ગામડાંમાં લોકોની મદદ કરે છે. સત્યજીત રેએ એલિયન માટે સ્કેચ પણ બનાવલા. મેરી સેટ લિખિત જીવનચરિત્ર 'પોર્ટ્રેટ ઓફ અ ડિરેક્ટરઃ સત્યજીત રે ' મુજબ એ સ્કેચમાં મોટું માથું, કાંટાળા અંગો, પાતળું ધડ ધરાવતો માનવીય એલિયન દેખાય છે. આ સ્કેચ અને રેની સ્ક્રિપ્ટ,૧૯૬૨ની બંગાળી વાર્તા 'બંકુબાબુર બંધુ' પર આધારિત હતી, જે હોલિવૂડ પહોંચી હતી પછી એક વિવાદ એ જાગ્યો હતો કે એમાંથી ઉઠાંતરી કરીન વિખ્યાત ડિરેક્ટર સ્ટીવન સ્પીલબર્ગે 'ઇ.ટી ધ એક્સ્ટ્રા-ટેરેસ્ટ્રીયલ' (૧૯૮૨) ફિલ્મ બનાવી હતી. સત્યજિત રેએ પોતે ૧૯૮૩ના ઇન્ટરવ્યુમાં કહેલું કે 'જો મારી સ્ક્રિપ્ટ- 'ધ એલિયન' હોલિવૂડ પાસે ના હોત તો સ્પીલબર્ગની ફિલ્મ ઇ.ટી. શક્ય જ ના હોત.'

જોકે સ્પીલબર્ગે આવી ઉઠાંતરીનો ઇનકાર કર્યો હતો ને દાવો કરેલો કે સત્યજિતની સ્ક્રિપ્ટ હોલીવૂડમાં ફરતી હતી ત્યારે તો એ સ્કૂલમાં હતા, પણ એ વાત તો પાક્કી છે કે આપણાં ભારતીય ફિલ્મસર્જક સત્યજીત રેના સ્કેચ, 'ટ્રાવેલ વેલ્સ વિથ ધ એલિયન' જેવી વિગતોએ સ્પીલબર્ગને પરોક્ષ રીતે અચૂક પ્રભાવિત કર્યા જ હશે.

(હાર્પરકોલિન્સ ઇન્ડિયા દ્વારા પ્રકાશિત 'ટ્રાવેલ્સ વિથ ધ એલિયન' માં વાર્તાસ્કેચના સંદર્ભો મોજૂદ છે.) ■

# સમસ્યા જીવતાં શીખવે, બાકી સુખ તો આળસુ બનાવે...

## સાત્વિકમ્ શિવમ્

અરવિંદ વેકરિયા

તખ્તો તૈયાર થઈ ગયો. બધા કલાકારો કેવું નીવડશે? ની આશંકા સાથે વહેલાસર પાટકર થિયેટરમાં પહોંચી ગયા. મનહરની જા.ખ.નો જાદુ કે પછી ટાઈટલનું આકર્ષણ... કોઈ જાણીતા કલાકારો ન હોવા છતાં શો 'હાઉસ ફૂલ' થઈ ગયો. બધાને આનંદ-આનંદ થઈ ગયો. પડદો ખુલ્યા પછી પ્રેક્ષકોનાં પ્રતિભાવની ચિંતા મને ખૂબ હતી. 'હાઉસફૂલ'નું લટકતું બોર્ડ જોઈ નિર્માતા ડોલર પટેલ અને સુભાષ ખન્નાને નાટક સારું ન ગયું તો 'લટકી' પડશે એની જરા પણ વ્યાધિ નહોતી. અમુક લોકો હોય છે એવા, કારણ વગર મજામાં અને ખુશ રહેતા એ લોકોને આવડી ગયું હોય છે...હું એમને ખુશનસીબ સમજુ છું. સુખની વ્યાખ્યા એ લોકો ઘોળીને પી ગયા હોય છે. ગમે તે સ્થિતિને આનંદથી કે અહમ વિના પચાવી શકાય એ સુખ. હું તો અધુરિયા જીવનો પહેલેથી. પડદો ખુલે અને તાળીઓ પડવી શરૂ થાય એની ચિંતામાં રહ્યાં કરતો.

ખેર! એ ઘડી આવી...નટરાજની તખ્તાની પૂજા પછી નાટકની શરૂઆત માટે ત્રીજી ઘંટડી વાગી. પડદો ખૂલ્યો ને મારો જીવ તાળવે. સુભાષ અને ડોલર 'પીવા'નાં શોખીન.' હા.ફુ'નું બોર્ડ જોઈને, નાટક છૂટ્યા બાદનો પ્લાન પણ બનાવી લીધો. નાટક બહુ ખર્ચાળ નહોતું. સેટ જરૂર મોંઘો હતો જે માટે પ્રવીણે લાગણીની 'સબસીડી' આપી સોંઘો બનાવી દીધો હતો. બાકી મને ખબર છે પૈસાની કિંમત. પોતાના પૈસાની એક ઈંટ ખરીદો..તે દિવસે બાપની ઝુંપડીની ખબર પડે, પણ અહીં તો વાત જ જુદી હતી.

પડદો ખૂલ્યો ને ચમત્કાર. બીજા જ સંવાદે તાળીઓની શરૂઆત થઈ ગઈ. હું બેકસ્ટેજમાં પોરસાતો રહ્યો અને ભગવાનનો આભાર માનતો રહ્યો. એક વાત નાટકમાં સ્વાભાવિક હોય છે કે શરૂઆતથી જો ઓડીયન્સ તમારા 'હાથ'માં આવી ગયું તો એક જુદા પોરસ સાથે નાટક આગળ વધતું રહે. મને કોઈ અભિનંદન આપે એવી અપેક્ષા મેં રાખી જ નહોતી. માત્ર નિષ્ઠાપૂર્વક જવાબદારી નિભાવી હતી. દુનિયાની સૌથી બહેતર દવા છે 'જવાબદારી', એક વાર પી લો, થાકવા નહીં દે. મને કોઈ અપેક્ષા નહોતી, પણ કોઈ કહેવા ખાતર પણ બોલ્યા નહીં. દુઃખ તો થયું પણ.. લાગણીને પગ નથી હોતા છતાં વધારે ઠેસ એને જ લાગે, ખમી લીધી. નાટક 'ફાઈન' જઈ રહ્યું હતું એમાં બધાની મહેનતની 'સાઈન' હતી. નાટકમાં પડતી તાળીઓના ગડગડાટ માટે ઈમ્તિયાઝ પટેલનાં 'વન-લાઈનર'ની ખૂબી હતી. ત્રણેય અંક જોરદાર રહ્યાં.

નાટક હસતાં રમતાં ક્યારે પૂરું થઈ ગયું એ ખબર પણ ન પડી. રિસ્પોન્સથી ચડેલી ચાનકે સૌ કલાકારોમાં એવું જોમ ચડાવ્યું કે કોઈ ભૂલ 'ભૂલથી' પણ ન પ્રવેશી.

નાટક પૂરું થતા બધા ખુશ હતાં. થિયેટરના મેનેજરે બીજી તારીખો પણ કાઢી આપી. બધાં કલાકારો એકબીજાને અભિનંદનનો વરસાદ વરસાવી રહ્યાં હતા અને હું એક ખૂણામાં કોરોધાકોર બેઠો-બેઠો બધો તાલ જોઈ રહ્યો હતો. નિર્માતા સાથે લેખક પણ એ ટોળામાં સામેલ હતો. એકડેએકથી નાટકનું કાફટિંગ મેં કરાવ્યું એ ભૂલીને 'પહેલા નાટકથી જ ઝંડે ગાઢ દિયે' જેવા વાક્ય એક્લેપાંડે જીલતો રહ્યો. લાઈફમાં સુખી થવું હોય તો પોતાની જાત સિવાય કોઈ પાસે અપેક્ષા રાખવી નહીં એ સત્ય મને ત્યારે પૂરેપૂરું સમજાય ગયું.

જોકે પછી તખ્તો પલટાયો. કલાકારો મને બેઠેલો જોઈ મારી પાસે આવ્યાં અને 'રૂટીન' અભિનંદન આપ્યાં. મારા સ્વભાવને ધ્યાનમાં લઈ કેટલાકે પૂછ્યું પણ ખરું કે 'કોઈ ભૂલ નથી કરીને?' મેં સ-સ્મિત અભિનંદન સ્વીકાર્યા-આપ્યાં. આપ્યાં એ 'રૂટિન' નહીં 'દિલ'થી હતા. આ જ બધા કલાકારો સાથે મારે આગળ વધવાનું હતું એટલે સમજપૂર્વકનું વર્તન આચરવું પડે.


બીજા શો માટે હવે સોમવારે ખબર પડવાની હતી. શરૂઆતમાં કૌસ્તુભ ત્રિવેદીએ પણ ઘણી મદદ કરેલી, એનો ઋણ-સ્વીકાર. ડોલર અને સુભાષે મને શો છૂટ્યા પછી 'પાર્ટી'માં આવવાનો ઘણો આગ્રહ કર્યો. 'આજે રાત્રે રાહતનો આરામ કરવો છે, ફરી ક્યારેક!' કહી મેં જ મને બચાવી લીધો.

બીજે દિવસે હું ડોલરનાં ઘરે પહોંચ્યો. ખબર પડી કે શનિવારે રાત્રે ભાઈદાસ (પાર્લા)ની તારીખ મળે છે. મેં કહ્યું 'તમે નક્કી કરો, નાટકની સમયમર્યાદા બરાબર હતી અને સીન કોઈ નબળા ગયા નહોતા એટલે કાપકૂપ કરી ફરી રિહર્સલની કોઈ જરૂર નથી. નાટકની શરૂઆત સારી થઈ તો હવે 'ગેપ' ન પડવો જોઈએ.'

'બીજો જ શો... એ પણ ભાઈદાસમાં, અને આડાવારે?' આવું ઘણાં જાણીતા અને કહેવાતા માંધાતા નિર્માતાએ ડોલરને તો કહ્યું જ હશે, મને પણ કહ્યું. મેં કહ્યું, 'હું તો ચિઠ્ઠીનો ચાકર છું. નિર્માતાને મારો માત્ર અભિપ્રાય આપી શકું, એના નિર્ણયને ચેલેન્જ ન કરી શકું.'

ખેર! ભાઈદાસ એટલે પાર્લાનું અદ્યતન થિયેટર. (અત્યારે તો ઘણાં વર્ષોથી વધુ 'અદ્યતન' બનાવવા માટે બંધ પડ્યું છે. જોઈએ, ક્યારે 'પડદો ખુલશે?'). શનિવારે ભાઈદાસ નક્કી કરી લીધું. બુધવારે બુકિંગ શરૂ થયું. મને યાદ છે પહેલા જ દિવસે લગભગ ૩૨૦૦૦નો આંકડો પાર કરી ગયો હતો. આવા 'બોલ્ડ' નાટકને આવો પ્રતિસાદ જોઈ ઘણાં નિર્માતાઓને ચોક્કસ નવાઈ તો લાગી હશે અને છુપી ઈર્ષ્યા પણ થઈ હશે. ડોલર રહે પાર્લામાં એટલે ભાઈદાસ પહોંચી બધી વિગત મને ફોન પર જણાવે જરૂર.

સાંજના બુકિંગના 'આંકડા' એકદમ 'ફાંકડા' રહ્યાં. કહે છે કે આવું થાય ત્યારે લોભ હડી કાઢીને પહોંચી જતો હોય છે. ડોલર મને કહે,'આપણે ગુજરાતને પણ ધમરોળી નાંખવું છે.' મેં કહ્યું, 'ડોલર. ધંધાકીય એ વાયેબલ નથી. ત્યાં ટિકિટના ભાવ વધુમાં વધુ ૩૫/- રૂપિયા જ રાખી શકો. (હવે એવું નથી)' મને કહે 'દાદુ, અહીં તો આપણું નાટક 'ચીટકી' ગયું સમજો. હવે આપણે 'બજેટ' એ રીતે તૈયાર કરીશું કે ભલે પ્રોફિટ ઓછો રહે અને લોસ ન થાય, પણ ગુજરાત-સૌરાષ્ટ્રમાં જવું તો છે જ,ગુજરાતી છીએ, યાર.'



મને એની ભાવના ગમી પણ ભાવની જે સિલિંગ હતી એ નહોતી ગમતી. મેં કહ્યું.'અહીં બે પૈસા મળે છે, સુખી છીએ આગળ વિચારીશું.' તો કહે, 'સમસ્યા જ શીખવે છે જિંદગી જીવતા બાકી સુખ તો આળસુ બનાવે.'

વેલ, આનો મારી પાસે કોઈ જવાબ નહોતો. ■

**ડબલ રિચાર્જ**

પત્નીઃ તમને મારી સુંદરતા ગમે છે કે સંસ્કાર?


પતિઃ ખરું કહું, મને તારી આ મજાક કરવાની આદત

હેન્રી શાસ્ત્રી

## ફ્લેશ બેક

# કલા ઘણી, કદર ઓછી...

**હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ગીતકાર, સંગીતકાર, નૃત્ય નિર્દેશક અને અભિનેતા તરીકે નોંધપાત્ર યોગદાન આપનારા પ્રેમ ધવનની થવી જોઈએ એટલી પ્રશસ્તિ નથી થઈ.**





પ્રેમ ધવન અને કુકુ સાથે 'સિંગાર'માં ડાન્સર

કળા - આવડત અનુસાર કદર - આવકાર મળે જ એ જરૂરી નથી. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો ઈતિહાસ તપાસતી વખતે એવા કેટલાક ઉદાહરણ ઊડીને આંખે વળગે છે જેમનામાં અસાધારણ પ્રતિભા હતી, પણ એ પ્રતિભાને છાજે એવી પ્રશંસાના હકદાર એ કલાકાર નથી રહ્યા. ફિલ્મ ડિરેક્ટર વિજય આનંદ, એક્ટર ઓમ પ્રકાશ, ફિલ્મ એડિટર રેણુ સલુજા, સંવાદ લેખક કાદર ખાન, ગીતકાર યોગેશ, સંગીતકાર રામલાલ, વગેરેનો આ યાદીમાં સમાવેશ થાય.

આ બુધવાર, સાતમી મેના રોજ જેમની ૨૫મી પુણ્યતિથિ છે એ ઈન્ડસ્ટ્રીના ગીતકાર, સંગીતકાર, અભિનેતા અને નૃત્ય નિર્દેશક પ્રેમ ધવન પણ આ યાદીમાં જ બિરાજે છે. બહુમુખી પ્રતિભા ધરાવતા હોવા છતાં હયાતિમાં તેમજ ગેરહાજરીમાં પણ એમના ગુણગાન ગવાવા જોઈએ એવા નથી ગવાયા એ હકીકત છે.

૧૯૫૦ - ૬૦નો સમયગાળો હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો ગોલ્ડન એરા- સુવર્ણકાળ ગણાય છે. આ દોરમાં ફિલ્મના ગીત- સંગીતની લોકપ્રિયતા એવરેસ્ટ પર બિરાજમાન હતી. ગીતકારોની વાત કરીએ તો સાહિર લુધિયાનવી, શૈલેન્દ્ર, કૈફી આઝમી, મજરૂહ સુલતાનપુરી, શકીલ બદાયૂંની... વગેરેના ગીત દસે દિશામાં ગુંજતા હતા. દરેકની અલાયદી ખાસિયત હતી. અલબત્ત , અહીં જણાવ્યા એ ગીતકારોની ફરતે ગ્લેમરનું વલય એવું વીંટળાયેલું હતું કે નિદા ફાઝલી કે કવિ પ્રદીપ અને પ્રેમ ધવન જેવા ગીતકારોના માતબર યોગદાન છતાં વાજાં એટલા વાગ્યાં નહીં. બેડ લક, બીજું તો શું કહી શકાય?

દેશભક્તિ - દેશપ્રેમના હિન્દી ફિલ્મોની યાદી 'અય વતન અય વતન હમકો તેરી કસમ, તેરી રાહોં મેં જાન તક લૂટા જાયેંગે' અને 'મેરા રંગ દે બસંતી ચોલા' વિના અધૂરી કહેવાય. આ બંને ગીત પ્રેમ ધવને લખ્યા છે એ ભુલાઈ ગયું છે. અચરજ થાય એવી વાત તો એ છે કે આ બંને ગીતનું સ્વરાંકન પણ ધવન સાહેબે જ કર્યું છે. 'શહીદ' અને મનોજ કુમાર યાદ છે, પણ એ બંને હૃદયમાં વસી ગયા એમાં મહત્ત્વનું યોગદાન આપનારા પ્રેમ ધવન વિસરાઈ ગયા એ કમનસીબી જ કહેવાય.

વિધિની વક્રતા તો જુઓ કે એમના જ ગીતનું મુખડું વાપરી અન્ય ગુણી ગીતકાર પ્રશંસાના હકદાર બન્યા, પણ ધવનજીને કોઈએ યાદ સુધ્ધાં ન કર્યા. કિસ્સો એવો છે કે દેશને આઝાદી મળી ત્યારે એક સમારોહમાં પ્રેમ ધવને એક ગીત ગાયું હતું 'ઝૂમ ઝૂમ કે નાચો આજ, ગાઓ ખુશી કે ગીત'. આ કાર્યક્રમમાં સંગીતકાર નૌશાદ હાજર હતા. એમને આ ગીત બેહદ ગમી જતા પ્રેમ ધવનને ફિલ્મ ઓફર કરી હતી. જોકે, એ સમયે ધવન સાબ 'બોમ્બે ટોકીઝ કંપની' સાથે કરારબદ્ધ હોવાથી તેમને બહારની ફિલ્મો કરવાની પરવાનગી નહોતી. જોગાનુજોગ ૧૯૪૯માં આવેલી મેહબૂબ ખાનની 'અંદાઝ'માં ગીતકાર મજરૂહ સુલતાનપુરીએ એ મુખડાનો ઉપયોગ કરી એક નવું ગીત લખ્યું હતું. દિલીપ કુમાર પર ફિલ્માવાયેલા આ ગીતનું સ્વરાંકન નૌશાદજીએ કર્યું હતું અને ગાયક હતા મુકેશ. આજે પણ જ્યારે ગીત વાગે છે ત્યારે પ્રેમ ધવનને કોઈ યાદ નથી કરતું.

દેશપ્રેમનાં ગીતો 'છોડો કલ કી બાતેં, કલ કી બાત પુરાની, નયે દૌર મેં લિખેંગે મિલકર નયી કહાની' (હમ હિન્દુસ્તાની) અને 'અય મેરે પ્યારે વતન, અય મેરે બિછડે ચમન તુજ પે દિલ કુરબાન' (કાબુલીવાલા) તમે આજે નહીં ભૂલ્યા હો. પણ પ્રેમ ધવને આ બંને ગીત લખ્યા એ તમને કાં તો ખબર નહીં હોય અથવા ભૂલી ગયા હશો.

'હમ હિન્દુસ્તની'માં તો અન્ય ગીતકારમાં બે મોટા નામ હતા સાહિર લુધિયાનવી અને રાજીન્દર કૃષ્ણ. એમની હાજરીમાં હોવા છતાં પ્રેમ ધવનનું ગીત સૌથી વધુ યાદગાર સાબિત થયું એ મોટી સિદ્ધિ કહેવાય. ગીતકાર તરીકે એમનું યોગદાન વિશાળ છે, પણ અન્ય ગીતોની વાત ફરી ક્યારેક.

પ્રેમ ધવનને સંગીત દિગ્દર્શક તરીકે પણ કામ કરવાનો મોકો મળ્યો હતો. પંદરેક ફિલ્મ એમના નામે બોલે છે. અલબત્ત, ગીતકારની તુલનામાં સંગીતકાર તરીકે તેમનું યોગદાન એટલું દમદાર નથી. મનોજ કુમારની 'શહીદ' ઉપરાંત 'પવિત્ર પાપી' નામની ફિલ્મનું તેમનું સ્વરાંકન નોંધપાત્ર ગણાય છે. કિશોર કુમારના સ્વરમાં રેકર્ડ થયેલું 'તેરી દુનિયા સે હો કે મજબુર ચલા, મૈં બહોત દૂર બહોત દૂર ચલા' ઓલ ટાઈમ ફેવરિટ ગીતના લિસ્ટમાં વટથી બિરાજે છે. કિશોર કુમારનું અવસાન થયું ત્યારે (૧૩ ઓક્ટોબર ૧૯૮૭) આ ગીત રેડિયો અને ટેલિવિઝન પર પ્રસારિત કરવામાં આવ્યું હતું.

ગુરુ દત્તે જેમ કારકિર્દીના પ્રારંભમાં કોરિયોગ્રાફર તરીકે કામ કર્યું હતું એમ પ્રેમ ધવને પણ પ્રારંભમાં નૃત્ય નિર્દેશક અને ડાન્સરની ઝલક દેખાડી છે. સંગીતકારની સરખામણીએ કોરિયોગ્રાફર તરીકે તેમનો હિસાબ કિતાબ વધુ ઉજળો છે. ૧૯૪૯માં સુરૈયા, મધુબાલા અને જયરાજને ચમકાવતી 'સિંગાર' નામની ફિલ્મ આવી હતી. આ ફિલ્મના એક ગીતમાં પ્રેમ ધવન ડાન્સર તરીકે જોવા મળે છે (જુઓ તસવીર). આ સિવાય બી. આર. ચોપડાની 'વક્ત'માં એમની કોરિયોગ્રાફી હતી અને 'નયા દૌર'નું 'ઉડે ઉડે જબ જબ ઝુલ્ફે તેરી' તેમજ બિમલ રોયની 'દો બીઘા ઝમીન'નું 'હરિયાલા સાવન ઢોલ બજાતા આયા' નૃત્ય નિર્દેશક પ્રેમ ધવનની જ કમાલ છે. 'ધૂલ કા ફૂલ'નું આશા ભોસલે - મહેન્દ્ર કપૂરનું યુગલ ગીત 'ધડકને લગી દિલ કે તારોં કી દુનિયા, જો તુમ મુસ્કુરા દો' અને 'આરઝૂ', 'વચન', 'સહારા' વગેરે ફિલ્મોમાં પણ ધવન સાહેબે કોરિયોગ્રાફીમાં યોગદાન આપ્યું છે.

આટલું જાણ્યા પછી ગુણ ઝાઝા, ગુણગાન ઓછા એવું નથી લાગતું? 'પ્યાસા'ના ગીત કાને પડતા સાહિર, 'હકીકત'ના ગીત સાંભળતા કૈફી આઝમી, 'ગાઈડ'ના ગીત ગણગણતા શૈલેન્દ્ર અને 'મુઘલ - એ - આઝમ'ના કર્ણપ્રિય ગીત વાગતા જેમ શકીલ બદાયૂંની યાદ આવી જાય એ જ રીતે દેશભક્તિ - દેશપ્રેમના ગીતો વાગે ત્યારે પ્રેમ ધવનનું સ્મરણ ન થવું જોઈએ? તમારું શું માનવું છે?

### અભિનય માત્ર અજમાયશ


ગીતકાર, સંગીતકાર અને કોરિયોગ્રાફર તરીકે ઉજળો હિસાબ ધરાવતા પ્રેમ ધવને અભિનયમાં પણ કરતબ અજમાવી જોયો છે. એક્ટર તરીકે એમના નામે માત્ર ચાર ફિલ્મ બોલે છે. આ યાદી લાંબી થઈ શકી હોત, પણ બ્રેક ખુદ ધવન સાહેબે જ મારી હતી. 'સિંગાર' (૧૯૪૯), 'લાજવાબ' (૧૯૫૦), 'સિતારોં સે આગે' (૧૯૫૮) અને 'ગૂંજ ઉઠી શહનાઈ' (૧૯૫૯)માં કેમેરા સામે નજરે પડ્યા હતા. વિજય ભટ્ટ દિગ્દર્શિત 'ગૂંજ ઉઠી શહનાઈ'માં એમની એક્ટિંગની એટલી તારીફ થઈ કે પરિવારના સભ્યોએ અને ઈન્ડસ્ટ્રીના સહયોગીએ બાકી બધું તડકે મૂકી એક્ટર બનવાની સલાહ આપી, બલકે આગ્રહ કર્યો. જોકે, પ્રેમ ધવન પીગળ્યા નહીં, માન્યા નહીં. એમનો જવાબ હતો કે ગીતો લખવા એ એમનું જીવન છે, સંગીત આપવું એ એમનો શોખ છે, નૃત્યમાં એમને આનંદ મળે છે અને એક્ટિંગ તો માત્ર એક ચેન્જ તરીકે જ કરે છે. જો એ એક્ટર બન્યા હોત તો પ્રેક્ષકોનો અનુભવ કેવો રહ્યો હોત એ અટકળના વિષયથી વિશેષ કશું નથી, પણ એક પ્રતિભાશાળી ગીતકારથી સિને રસિકો વંચિત જરૂર રહી ગયા હોત.




મહેશ નાણાવટી

# એક પાકિસ્તાની સ્ટારની નવ હિન્દી રિ-મેક!?







મોદી સાહેબ ભલે કહેતા હોય કે 'પાની ઔર ખૂન એકસાથ નહીં બહ સકતે...' પણ સચ્ચાઈ એ છે કે બોલિવૂડ અને લોલીવૂડ (લાહોર ફિલ્મ ઈન્ડસ્ટ્રી, યાને કે પાકિસ્તાની ફિલ્મ ઉદ્યોગ) વારંવાર સાથે ને સાથે હોય છે! અને આ કંઈ આજકાલનું નથી, ઘણા વરસોથી આ સાંઠગાંઠ રહી છે.

જાણીને નવાઈ લાગે કે 'નદીમ બેગ' નામના એક જ પાકિસ્તાની ફિલ્મ સ્ટારની એક નહીં, બે નહીં, ચાર નહીં, નવ-નવ ફિલ્મોની રિ-મેક બોલિવૂડમાં બની છે! એમાંય અમુકવાર તો સંગીતકારોએ નવી ધૂન બનાવવાને બદલે ગાયનો પણ સીધેસીધાં ઉઠાવ્યાં છે. એ તો ઠીક, અમુક તો આખેઆખા દૃશ્યો ડાયલોગ-ટુ-ડાયલોગ ઉઠાવીને કોપી-પેસ્ટ કર્યાં છે!

નદીમ બેગની જે ફિલ્મો પાકિસ્તાનમાં હિટ ગઈ હોય એમાંથી સૌથી પહેલી યાદ કરવા જેવી ફિલ્મ છે. 'પ્યાર ઝુકતા નહીં.'

જીહા, મિથુન ચક્રવર્તી અને પદ્મિની કોલ્હાપુરીની એ ફિલ્મ, જેનું પેલું ગાયન. 'તુમ સે મિલકર ના જાને ક્યું...' સુપરહિટ હતું! ૧૯૮૫માં આવેલી આ ફિલ્મ ડાયરેક્ટ કોપી હતી પાકિસ્તાની ફિલ્મ 'આઈના'ની (૧૯૭૭). બન્નેની જે સ્ટોરી હતી એમાં એવું હતું કે ધનવાન છોકરી મામુલી છોકરાના પ્રેમમાં પડી છે તે બાપને ગમતું નથી. બાપ (ડેની ડેન્ઝોંગ્પા) પેંતરા કરીને બન્નેને અલગ કરવામાં સફળ થાય છે, પણ દીકરી પદ્મિની સગર્ભા છે. તે બાળકને જન્મ આપતાં બેહોશ થઈ જાય છે ત્યારે ડેની બાળકને ક્યાંક સગેવગે કરી નાંખે છે! જે બાળકને મિથુન ઉછેરે છે, પરંતુ જ્યારે પદ્મિનીની માનસિક સ્થિતિ અતિશય ખરાબ થઈ જાય છે ત્યારે પેલા બાળકને પાછું લાવવામાં આવે છે, જેમાં આખરે મિથુન-પદ્મિની ફરી ભેગાં થાય છે!

કહેવાય છે કે વડોદરાની એક ફેમિલી કોર્ટના જજે એક છૂટાછેડા લેવા માગતા દંપતીને આ ફિલ્મ જોવાની ભલામણ કરી હતી અને છૂટાછેડા અટકી પણ ગયા હતા!

જોકે આ એક જ રિ-મેક એવી નીકળી જે સાચા અર્થમાં 'સુપરહિટ' થઈ. એ સિવાયની નદીમ બેગની ફિલ્મોની સ્ટોરીઓ સારી હોવા છતાં હિન્દીમાં ખાસ ચાલી નહીં.

એવી જ એક ફિલ્મ હતી 'દિલ્લગી' (૧૯૭૪) જેને હિન્દીમાં 'મહોબ્બત કી આરઝુ' (૧૯૯૪) નામે બનાવવામાં આવેલી. આમાં પણ સ્ટોરીની ફોર્મ્યુલા ખરેખર મસ્ત હતી. રીશિ કપૂર હોય છે મિકેનિક, પણ પગારના દિવસે એ મોંઘા કપડાં પહેરીને કોઈ ઘરાકની કાર લઈને અમીરઝાદા જેવો રોફ મારતો હોય છે. એની સામે ઝેબા બખ્તિયાર (પાકિસ્તાની અભિનેત્રી જેને રાજકપૂરની કાગળ પર રહી ગયેલી ફિલ્મ 'હીના'ની હિરોઈન બનાવવામાં આવી હતી તે) હકીક્તમાં તો ધનવાનની બેટી છે, પણ ક્યારેક તે ગરીબ છોકરી બનીને ફરતી રહે છે! આ બન્ને ટકરાય છે... પ્રેમ થાય છે... પોલ ખૂલે છે... છતાં પ્રેમ ટકી રહે છે... પછી ગેરસમજ થાય છે... વગેરે વગેરે.

કોમેડી અને ટ્રેજેડીનો પૂરેપૂરો સ્કોપ ધરાવતી આ ફિલ્મ હિન્દીમાં સાવ બેસી ગયેલી! જોકે જાણવા જેવી વાત એ છે કે બન્નેના નિર્માતા કે.સી. બોકાડિયા હતા અને પેલી મિથુનવાળી ફિલ્મ બોકાડિયા સાહેબે પહેલાં રીશિ કપૂરને ઓફર કરેલી! પણ રીશિ કપૂરને 'બાપ' બનવામાં રસ નહોતો પડ્યો!

આ સિવાય ત્રણ-ત્રણ ફિલ્મો એવી છે જેની ઉપર રાજેશ ખન્નાએ પોતાની ડૂબતી નૈયા જેવી કરિયરને પાર ઉતારવા માટે દાવ લગાવ્યા હતા, જેમાંની 'અલગ અલગ' (૧૯૮૫) જે નદીમ બેગની 'મેહરબાની'ની રિ-મેક હતી, તે તો રાજેશ ખન્નાએ જાતે પ્રોડ્યુસ પણ કરેલી! જેનું ગાયન આજે પણ યાદ હશે 'કભી બેકસી ને મારા, કભી બેબસી ને મારા...'

આ ગાયન તો બેઠું જ ઉઠાવેલું. એટલું જ નહીં, એનું પિકચરાઈઝેશન પણ જાણે ફ્રેમ-ટુ-ફ્રેમ કોપી જેવું હતું! (યુટ્યુબમાં જોઈ લેજો! ).

સંજોગોવશાત્ ફિલ્મની કમાણી અને રાજેશ ખન્નાનું સ્ટારડમ બન્ને 'અલગ અલગ' જ રહ્યાં! હીરોઈન તરીકે 'સૌતન' જેવી હિટ આપનારી ટીના મુનીમ હતી છતાં! એ જ રીતે નદીમ બેગની ફિલ્મ 'કુરબાની' (૧૯૮૩)ને રાજેશ ખન્નાએ 'અધિકાર' (૧૯૮૬)નામે ફરી બનાવડાવી. ફરી ટીના મુનીમ હીરોઈન હતી, પરંતુ ચાલી નહીં. નદીમ બેગની જે ત્રીજી ફિલ્મ રાજેશ ખન્નાએ ફરી બનાવડાવી તે તો 'દિલ દિયા દર્દ લિયા'ની જ સ્ટોરી હતી! (જે અંગ્રેજી નવલકથા 'વ્હુધરીંગ હાઈટ્સ' ઉપર આધારિત હતી) પાકિસ્તાની ફિલ્મનું નામ હતું. 'દહેલીઝ' (૧૯૮૩) અને હિન્દી ફિલ્મનું નામ પાડ્યું 'ઊંચે લોગ' (૧૯૮૫) પરંતુ રાજેશ ખન્ના એમાં પણ ખાસ સફળ થયા નહીં.

અહીં એ સવાલ જરૂર થાય કે યાર, જે ફિલ્મો પાકિસ્તાનમાં જબરદસ્ત ચાલી એ હિન્દીમાં કેમ નહોતી ચાલતી? પરંતુ તે હિન્દી ફિલ્મોનો એ ટાઈમ જ એવો હતો જ્યારે વીડિયો પાયરસીના કારણે ભલભલી ફિલ્મોની આવકની કોઈ ગેરંટી નહોતી રહી, પરંતુ એ જ સમયે હિન્દી ફિલ્મોની વીડિયો કેસેટોનું બજાર પાકિસ્તાનમાં ખૂબ ધમધમી રહ્યું હતું. એટલે કદાચ પાકિસ્તાની પ્રેક્ષકો 'અપનેવાલી પિકચર હૈ' એમ સમજીને વીડિયો કેસેટો જોશે જ જોશે, એવું ગણિત પણ હોઈ શકે.

ખેર, નદીમ બેગની હિન્દી રિ-મેકની યાદીમાં 'બાઝાર-એ-હુશ્ન' (૧૯૮૮)ની રિ-મેક 'પતિ પત્ની ઔર તવાયફ' (૧૯૯૦)ની ખાસ વાત એ હતી કે બન્ને ફિલ્મમાં પાકિસ્તાની ગાયિકા કમ અભિનેત્રી સલમા આગા હતી! કહેવાની જરૂર નથી કે સલમા આગાએ ગાયેલાં ગાયનો પણ સેઈમ હતાં. બસ, ફરક ફિલ્મની કમાણીનો રહી ગયો!

રીશિ કપૂરે વધુ એક પાકિસ્તાની ફિલ્મ 'પરવાના' (૧૯૮૫)ની નકલ 'ઈન્તેહા પ્યાર કી' (૧૯૯૨)માં કરી. એમાં પણ રુખસાર રહેમાન નામની હીરોઈન પાકિસ્તાનથી મંગાવવામાં આવેલી. તે બિચારી તો સાવ જ ખોવાઈ ગઈ.

આ સિવાય નદીમ બેગની 'ફૈસલા' (૧૯૮૬) 'પાપ કી દુનિયા' (૧૯૮૮) નામે હિન્દીમાં બની જેમાં સની દેઉલ અને ચંકી પાંડે એમ બે હીરો હતા અને હીરોઈન નીલમ હતી, બપ્પી લાહિરીએ એક બે ગાયનો 'રિ-મિક્સ' કરીને કોપી કરેલાં, પરંતુ એમાં એક્શન મારફાડ હતી એટલે ઠીકઠીક ચાલેલી.

બાકી એક 'પહેચાન' (૧૯૭૫)ની નકલ 'નમક' (૧૯૯૬) હતી. જેના પોસ્ટરમાં મોટા અક્ષરે લખતા હતાઃ 'નમક ઈઝ થીકર ધેન બ્લડ'! એમાં સંજય દત્ત અને ફરહા હતાં.

લેખના અંતે એટલું જ સમજવાનું કે 'કોપી ઈઝ નોટ ઈઝી ધેન ઓરિજિનલ!'

## ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

### થિયેટરમાં ભીડ થઇ તો ગઇ છે, પણ...




ગઈકાલથી મુંબઈ અને ગુજરાતના થિયેટર્સમાં ભીડ જ ભીડ જોવા મળી છે, પરંતુ આ ભીડ દર્શકોની નહીં પરંતુ ફિલ્મોની ભીડ છે. ૧ મેના મહારાષ્ટ્ર અને ગુજરાત પોતપોતાના સ્થાપના દિવસ ઉજવે છે. આ દિવસે મુંબઈ-મહારાષ્ટ્રમાં તો જાહેર રજા હોય છે, પરંતુ ગુજરાતમાં કામ ચાલુ આહે!

આમ છતાં જાહેર રજાનો લાભ લેવા બોક્સ ઓફિસ ઉપર જાણે કે ફિલ્મો તૂટી પડી છે. અજય દેવગણની મચ અવેઈટેડ 'રેડ ૨' તો આવી જ છે, પણ તેની સાથે હોલિવૂડની 'થંડરબોલ્ટ્સ' પણ પધારી છે. આટલું ઓછું હોય એમ સંજય દત્તની 'ભૂતની' પણ ડરાવવા માટે આંબલીના ઝાડ પરથી થિયેટરમાં ઉતરી આવી છે.

હજી તો 'રુકો ઝરા, સબર કરો!' મુંબઈ-મહારાષ્ટ્રમાં બે મરાઠી ફિલ્મ પણ રિલીઝ થઇ છે 'ગુલકંદ' અને 'આતા થામ્બ્યાચા નાય'... આમ પાંચ-પાંચ ફિલ્મ આ સર્કિટમાં એક સાથે રિલીઝ થઇ છે.

જો ગુજરાતની વાત કરીએ તો અહીં 'શસ્ત્ર' નામની સાયબર ક્રાઈમ થ્રીલર પણ રિલીઝ થઇ છે.

એક તરફ, એક સાથે ફિલ્મો રિલીઝ ન થવી જોઈએ એનાં રોદણાં રોવામાં આવે છે અને બીજી તરફ બે હિન્દી અને બે મરાઠી ફિલ્મ એક જ દિવસે રિલીઝ થાય છે.

મહારાષ્ટ્રના અમુક થિયેટર્સ એવા છે જ્યાં મરાઠી ફિલ્મો ખૂબ ચાલતી હોય છે, પણ તેમને 'રેડ ૨' પણ ચલાવવી છે.

એક વાત તો નક્કી છે, 'થંડરબોલ્ટ્સ'ને બાજુમાં રાખીએ તો બાકીની બે હિન્દી અને બે મરાઠી ફિલ્મોમાંથી એક-એક ફિલ્મ કઈ ફિલ્મ જોવી એની દર્શકોની મૂંઝવણને લીધે નક્કી સોમવાર સુધીમાં એ રેસની બહાર થઇ જશે આવી ધક્કામુક્કીનો શો ફાયદો.

### આઘાત-પ્રત્યાઘાત શરૂ..!



પહલગામ આતંકી હુમલા પછી ફવાદ ખાનની 'અબીર ગુલાલ' રિલીઝ નહીં થાય એમ સરકારે જ કહી દીધું છે, પરંતુ અત્યારે પંજાબી ફિલ્મોના સુપરસ્ટાર અને ગાયક દીલજિત દોસંજની ફિલ્મ 'સરદારજી ૩'માં પાકિસ્તાની કલાકાર હાનિયા આમીરનું શૂટ ચાલી રહ્યું હતું એ પણ બંધ થઇ ગયું છે. જાણવા મળ્યું છે કે હાનિયા આમીરે જાતેપોતે આ ફિલ્મમાંથી બહાર નીકળી જવાનો નિર્ણય લઇ લીધો છે.

આમ પણ અત્યારે પાકિસ્તાન પ્રત્યે ભારતીયોનો ગુસ્સો ચરમસીમાએ છે એવામાં હાનિયાનો આ નિર્ણય તેના સ્થાને યોગ્ય જ છે એમ જરૂર કહી શકાય. જોકે ઈન્સ્ટાગ્રામ પર હાનિયાની સ્ટોરી પણ ખૂબ વાયરલ થઇ છે. ફિલ્મ છોડ્યા પછી હાનિયાએ પોતાની સ્ટોરીમાં પાકિસ્તાનના લશ્કરી ચીફ આસીમ મુનીર પર પોતાનો ગુસ્સો ઉતાર્યો હતો.

હાનિયાના કહેવા અનુસાર એમના કારણે આજે પાકિસ્તાનના કલાકારોને સહન કરવું પડી રહ્યું છે. એકની ફિલ્મ રોકાઈ ગઈ છે તો પોતાને એની ફિલ્મ અધવચ્ચે છોડીને પાકિસ્તાન પરત થઇ જવું પડ્યું છે. જોકે ભારતમાં તો વર્ષોથી એવી લાગણી છે કે ભારતમાં આટલા બધા ટેલેન્ટેડ કલાકારો છે તો પછી પાકિસ્તાની કલાકારોને શા માટે લાવવામાં આવે છે? હવે જોઈએ હાનિયાને તેના નિર્ણય બાદ પાકિસ્તાનમાં કેવો સામનો કરવો પડે છે.

### એ.આર. રહેમાને ધૂન ચોરી!



દિલ્હી હાઈ કોર્ટે તેના એક તાજેતરના ચૂકાદામાં એ.આર. રહેમાનને કોર્ટની રજિસ્ટ્રીમાં ૨ કરોડ રૂપિયા જમા કરાવવાનો આદેશ આપ્યો છે. રહેમાન પર ૨૦૨૩માં આવેલી ફિલ્મ 'પોન્નીયીન સેલ્વમ ૨' ના ગીત 'વીરા રાજા વીરા'ની ધૂન ચોરી કરવાનો આરોપ હતો.

રહેમાન વિરુદ્ધ પદ્મશ્રી ફૈયાઝ ડાગરે એ જ વર્ષે કેસ દાખલ કર્યો હતો. ડાગરનો આરોપ હતો કે ઉપરોક્ત ગીત એમના પિતાજી નસીર ડાગર અને કાકા ઝહિરુદ્દીન ડાગર દ્વારા કમ્પોઝ કરવામાં આવેલી શિવ સ્તુતિની બેઠી કોપી છે. આથી એમણે આ ગીતના ઉપયોગ, પોતાને થયેલા નુકસાન અને મોરલ રાઈટ્સના ભંગ બદલ વળતરની માગણી કરી હતી.

કોર્ટે પોતાની ટિપ્પણીમાં નોંધ્યું છે કે 'પોન્નીયીન સેલ્વમ'નું એ ગીત ફક્ત ડાગર બંધુઓની શિવ સ્તુતિની કોપી જ નથી, પરંતુ એ ધૂન બેઠી જ ઉપાડી લેવામાં આવી છે અને તેમાં કહેવા પૂરતા ચેન્જીસ કરવામાં આવ્યા છે. કોર્ટે પોતાના અંતરિમ આદેશમાં રહેમાન અને મદ્રાસ ટોકીઝને કોર્ટમાં બે કરોડ જમા કરાવવાનો આદેશ આપ્યો છે અને ફિલ્મની ક્રેડિટ્સમાં ડાગર બંધુઓને યોગ્ય ક્રેડિટ આપવાનું પણ જણાવ્યું છે.

**કટ એન્ડ ઓકે..**

*'મેલબર્નના કોન્સર્ટમાં નેહા કક્કડ મોડી આવી હતી અને દર્શકોએ હોબાળો મચાવ્યો હતો તેનું સાચું કારણ એ હતું કે નેહા 'ફક્ત ૭૦૦ લોકો' સમક્ષ પરફોર્મ કરવા નહોતી માગતી.'*

*કોન્સર્ટના આયોજક બિક્રમનો 'ખુલાસો'*

ફિલ્મનામા
નરેશ શાહ

# ચળકાટના ચમકાવતાં ને ચોંકાવતા કિસ્સાઓની દુનિયા

## હિન્દી સિનેમાની સારા-નઠારા અનુભવોની વાત કરતાં બે પુસ્તકની રસપ્રદ વાત

*સિનેમા-વેબસિરીઝને લગતી વાતો કરતી કોલમમાં પુસ્તકની વાત થઈ શકે? થઈ શકે. જો એ પુસ્તક સિનેમાની જ વાતો ‘ગાગરમાં સાગર’ની શૈલીથી કરતું હોય તો થઈ શકે, થવી પણ જોઈએ, કારણ કે એ પુસ્તકોમાં એટલી વૈવિધ્યસભર અને કંઈક અંશે ચમકાવે તેમ જ ચોંકાવે તેવી વાત હોય તો આવા ‘ગોળના ગાડાં’માં વાચકોને વિહાર કરાવવો જોઈએ.*

*આ જે આપણે આવાં બે પુસ્તકની વાત કરવાના છીએ, પણ આ પુસ્તકોની વિશેષતા એ છે કે તેમાં કોઈ એક કલાકાર (અભિનેતા, સંગીતકાર કે ગાયક કે ડિરેક્ટર)ની વાત નથી. ખરા અર્થમાં તો એ ફિલ્મ જગતની વિવિધ વાતોના ગુલદસ્તા જેવાં પુસ્તકો છે.*

*એક પુસ્તકમાં એક પત્રકાર કમ (ફિલ્મ) પ્રોડયુસરને થયેલાં વિવિધ અનુભવો છે, તો બીજા પુસ્તકના લેખક ફિલ્મોના એવા જબરા રસિક છે કે એમણે અચંબિત થઈ જવાય એવી લાજવાબ વાતો (જેના તરફ મોટાભાગે આપણું ધ્યાન જ ગયું ન હોય) આલેખી છે.*

*આવો, આપણે એ બન્ને પુસ્તકોના પાના ફંફોસીએ.*


### ‘ઈતના તો યાદ હૈ મુઝે’


હિન્દી ભાષાનું આ પુસ્તક બોબી સિંહે લખ્યું છે. એમનું સાચું નામ હરપ્રીતસિંહ છે અને હરપ્રીતસિંહ શિક્ષણ, સ્ટેજ અને સંગીત સાથે ગૂંથાયેલું વ્યક્તિત્વ છે. સિનેમા માટેની પ્રિતી હરપ્રીતસિંહને ગળથૂંથીમાં મળી છે એમ કહી શકાય, કારણ કે રાજકપુરની ‘બોબી’ ફિલ્મ પરથી માતાપિતાએ હરપ્રીતસિંહનું નામ ‘બોબી’ રાખી દીધું હતું. આજે બોબી સિંહ તરીકે ઓળખાતા હરપ્રીતસિંહે ‘ઈતના તો યાદ હૈ મુઝે’ પુસ્તકમાં ફિલ્મો સાથેની એવી એવી વાતો ટૂંકમાં છતાં (બોર ન થવાય એમ) મુદ્દાસર કરી છે કે આશ્ચર્યના આંચકા સતત લાગતા રહે.

આપણે ‘આશિકી’ (દિગ્દર્શકઃ મહેશ ભટ્ટ)ના નિર્માણથી કથા જાણીએ છીએ કે પહેલાં તેનું મ્યુઝિક આલ્બમ બનેલું. એ પછી તેના ગીતો આસપાસ વાતો ગૂંથીને ફિલ્મ બનાવવામાં આવી હતી , પરંતુ સચ્ચાઈ એ છે કે આ પ્રકારની સફળતાનું લોહી ટીસિરીઝ મ્યુઝિક કંપની પહેલાં પણ ચાખી ચૂકી હતી. ‘આશિકી’ના એક વરસ પહેલાં (૧૯૮૯) જ ટીસિરીઝે ‘લાલ દુપટ્ટા મલમલ કા’ નામનું મ્યુઝિક આલ્બમ રિલીઝ કરેલું. તે બેસુમાર સફળ થયું એટલે કે આલ્બમના ગીતો આસપાસ વાર્તા બનાવીને એજ નામની ટેલી ફિલ્મ (દિગ્દર્શકઃ રવિન્દ્ર પીપટ) બનાવવામાં આવેલી.

બેશક, ‘આશિકી’ની જેમ ‘લાલ દુપટ્ટા’ થિયેટરમાં રિલીઝ નહોતી થઈ પણ તેની વીએચએચ (વિડિયો કેસેટ) બનાવવામાં આવી હતી...

‘ઈતના તો યાદ હૈ મુઝે’ પુસ્તકમાં બોબી સિંહે રાજેશ ખન્ના, દેવઆનંદ, અમિતાભ બચ્ચન, ઉત્પલ દત્ત, મનોજકુમાર જેવા દિગ્ગજ અભિનેતાઓથી લઈને જગજિતસિંહ, કલ્યાણજી આણંદજી સહિતના કલાકારો વિશે પચાસથી વધુ અદ્ભુત અને અજાણી વાતો કરી છે, જેમાંની કેટલીક વાતો અગાઉ તમે ‘ફિલ્મનામા’માં વાંચી ચૂકયા છો.




### બોલિવૂડ સિક્રેટસ

અંગ્રેજી અને હિન્દી ભાષામાં લખાયેલા પુસ્તકના પણ અમુક સિક્રેટસ તમે ‘ફિલ્મનામા’માં વાંચી ચૂકયા છો. દાખલા તરીકે એક જમાનામાં ફિલ્મ પબ્લિકેશન શરૂ કરવા માટે ખુદ અમિતાભ બચ્ચને એના પ્રકાશકને (માગ્યા પછી) પૈસા આપ્યા હતા. આ જ પ્રકાશક, પત્રકાર અને ફિલ્મ પ્રચારક તેમજ (ગુનેહગાર, જુર્માના, રાજા ભૈયા, ક્રાંતિક્ષેત્ર, ગહેરી ચાલ જેવી ફિલ્મોના) નિર્માતા માનસિંહ દીપે સાડા ચારસો પાનાંનું ‘બોલિવુડ સિક્રેટસ’ પુસ્તક લખ્યું છે. બેશક, તેમાં માનસિંહ દીપે પોતાના ફિલ્મજગત સાથેના સારા-નઠારાં અનુભવો આલેખ્યાં છે, જેમ કે, પોતાની બહેનના લગ્ન માટે માનસિંહ દીપ (ઓળખાણ - સંબંધના દાવો અભિનેતા ધર્મેન્દ્ર પાસે આર્થિક મદદ માગવા ગયેલાં ત્યારે એમણે પૈસાની ખેંચ હોવાનું કહીને પાંચસો રૂપિયા આપેલાં.... સાથે પોતાના બનેવી વિશ્વજીત પાસે જવાનું સૂચન કરીને કહેલું, એ પણ તને પાંચસો રૂપિયા આપશે.

માનસિંહ દીપના પુસ્તક ‘બોલિવુડ સિક્રેટસ’માં ખૂબ બધા તગડા સિક્રેટ છે એમ માનવું ભૂલભરેલું છે. પોતાને થયેલાં વિવિધ અનુભવો જાહેરમાં મુકવાની વાતને લેખકે ‘સિક્રેટસ’ માન્યા છે. વ્યક્તિગત રીતે એ ખોટાં પણ નથી. છાનેખૂણે કહેવાતાં અનુભવો તમે સરાજાહેર કરો ત્યારે તરંગો તો સર્જાવાના.

જો કે માનસિંહ દીપને ન્યાય કરવા માટે કહેવું રહ્યું કે આ સ્મરણો યા અનુભવ હોવા છતાં તેને મેમોર કે બાયોગ્રાફીની જેમ લખવામાં આવ્યા નથી બલકે, જે તે કલાકારના નામે જ ચેપ્ટર લખવામાં આવ્યા છે. તમે ડિરેકટર મધુર ભંડારકરનું ચેપ્ટર વાંચો છો ત્યારે ખબર પડે છે કે, ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં કઈ રીતે કિરદાર અને કિંમત બદલાઈ જતી હોય છે. એક સમયે ફિલ્મના નિર્માતા બનવા માટે પાછળ પડી ગયેલાં મધુર ભંડારકરની પ્રથમ ફિલ્મ ફલોપ ગયેલી. ‘ચાંદની બાર’ વખતે માનસિંહ દીપે એમને ફિલ્મની વાર્તાનો રફ આઈડિયા આપી દિગ્દર્શન કરવાનું કહ્યું ત્યારે મહેનતાણાનાં બે લાખ માટે મધુર ભંડારકરે વાત સ્ટેન્ડ બાય પર રાખી દીધી. ‘ચાંદની બાર’ ફિલ્મ ડિરેકટર કરવાના એને સાત લાખ રૂપિયા મળેલાં. માનસિંહ દીપ એને પાંચ લાખનું મહેનતાણું આપવા માગતા હતા... એ પછી ય ઘણું બન્યું પરંતુ મધુર ભંડારકરની ‘સત્તા’ ફિલ્મ માનસિંહ દીપે થિયેટરમાં જોઈ ત્યારે સ્તબ્ધ થઈ ગયા. આજ સ્ટોરીલાઈન એમણે મધુર ભંડારકરને સંભળાવી હતી.,!

‘બોલિવૂડ સિક્રેટસ’માં બે-અઢી પાનાંના એક-એક ચેપ્ટરમાં માનસિંહ દીપે એકસો દસ હિન્દી સિનેમાના અભિનેતા - અભિનેત્રીની વાત કરી છે. બન્ને પુસ્તક વાચશો તો જલસો પડશે.

ફિલ્મી ક્વિઝ
નીલા સુનીલ મહેતા

### ક્વિઝ (અ)

આ ત્રિપુટીમાં કોણ કોણ છે એ જાણો છો?

૧) ‘કલ આજ ઔર કલ ફિલ્મ’ની ત્રણ પેઢી
૨) ત્રણ સંગીતકારોની જોડી
૩) ત્રણ પ્લેબેક સિંગર બહેન
૪) સલીમ ખાનના ત્રણ દીકરા
૫) ત્રણ સહ કલાકાર ભાઈ
૬) ‘ચલતી કા નામ ગાડી’ના ત્રણ ભાઈ
૭ ) ત્રણ નાથભાઈઓની જોડી

### ક્વિઝ (બ)

‘ચૂડી’ શબ્દવાળા આ ગીતો કઈ ફિલ્મનાં છે?

૧) મેરે હાથો મેં નૌ નૌ ચુડીયા હૈ થોડા ઠહેરો..
૨) ચૂડી મજા ના દેગી કંગન મજા ના દેગા તેરે બગેર..
૩) બોલે ચુડીયા બોલે કંગના હાઈ મૈં હો ગયી તેરી..
૪) ગોરી હૈ કલૈયા તુ લાદે મુજે હરિ હરિ ચુડીયા..
૫) તેરે હાથો મેં પેહના કે ચુડીયા કે મોજ બણજારા..
૬) ચૂડી નહીં હૈ મેરા દિલ હૈ દેખો, દેખો તૂટેના ચૂડી..
૭) ચૂડી બજી હૈ કહી દૂર છન છન છન. કંગના..

જવાબ માટે જુઓ ‘ફન વર્લ્ડ’

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા


# ફિલ્મ શીર્ષકોની નવા-જૂની

## જૂના ફિલ્મ ટાઇટલ્સ અને નવી ફિલ્મ્સના અતરંગી કિસ્સા જાણવા જેવા છે.













૨૫ એપ્રિલે ‘નેટફ્લિક્સ’ પર ‘જ્વેલ થીફ’ નામની સૈફ અલી ખાન, જયદીપ અહલાવત અને નિકિતા દત્તા સ્ટારર અને કૂકી ગુલાટી અને રોબી ગ્રેવાલ દિગ્દર્શિત ફિલ્મ રિલીઝ થઈ.

આપણે આ ફિલ્મ કેવી છે તેની અહીં ચર્ચા નથી કરવી, પરંતુ ફિલ્મના શીર્ષકમાં એક મજેદાર વિષય છુપાયેલો છે.

આજની ‘નેટફ્લિક્સ’ એન્ડ ચીલ કરતી યુવા પેઢીને કદાચ ખબર નહીં હોય, પણ ‘જ્વેલ થીફ’ નામની જ એક ફિલ્મ છેક ૧૯૬૭માં રિલીઝ થઈ હતી. તો શું આ નામ એ એક ફક્ત જોગાનુજોગ છે? ના. જૂની યાદગાર ફિલ્મ્સનાં શીર્ષક નવી ફિલ્મ્સ માટે વપરાયાના તો ઘણા કિસ્સાઓ છે. ૧૯૬૭માં આવેલી વિજય આનંદ દિગ્દર્શિત અને દેવ આનંદ, અશોક કુમાર, વૈજયંતીમાલા અને તનુજા અભિનીત ‘જ્વેલ થીફ’ પણ નામ પ્રમાણે એક ચોર અને ચોરીની આસપાસ ફરતી વાર્તા જ હતી. એ એક ક્લાસિક મિસ્ટ્રી થ્રિલર હતી, જે આજે પણ સૌથી સ્ટાઇલિશ ફિલ્મ્સમાંથી એક માનવામાં આવે છે.

એ જમાનામાં રૂપિયા ૩.૫ કરોડ કમાણી કરનાર આ સફળ ફિલ્મના નામનો નવી ફિલ્મ માટે ઉપયોગ એટલે ફાયદો તો થવાનો કેમ કે નવી ફિલ્મમાં પ્લોટ, પાત્રો, થીમ અને ટ્રિટમેન્ટ એકદમ આધુનિક છે. આંતરરાષ્ટ્રીય લૂંટ, ઇન્ટેલિજન્સ એજન્સી, વગેરે તેને ક્રાઇમ થ્રિલર બનાવે છે.

હવે ફિલ્મમેકર્સ આમ જ જૂની ક્લાસિક ફિલ્મ્સના નામ ફરીથી યુઝ કરે છે, પણ રિમેક કરવા માટે નહીં (રિમેક પણ થાય છે, પણ એ જુદો વિષય છે). જૂના શીર્ષકોથી જોડાયેલી થોડી ઇમોશનલ કે નોસ્ટાલ્જિક લિંક તો હોય છે, પણ આખો પ્લોટ, ટ્રીટમેન્ટ અને ઉદ્દેશ્ય જુદો જ હોય છે. નામ અને વાર્તાનું થોડું સંધાન રાખીને નવી ફિલ્મને થોડું બેકગ્રાઉન્ડ મળવા ઉપરાંત દર્શકો સાથે શીર્ષકના પરિચયનો લાભ પણ મળતો હોય છે.

૨૦૧૫માં આવેલી શાહરુખ ખાન અને કાજોલની રોહિત શેટ્ટી દિગ્દર્શિત ફિલ્મ ‘દિલવાલે’ યાદ છે? આ નામ સાંભળતાં જ લોકો સીધા ૧૯૯૪ની અજય દેવગન અને સુનીલ શેટ્ટીની એક્શન ફિલ્મ યાદ કરે. ૨૦૧૫માં પણ એવું જ બન્યું હતું.

પણ રોહિત શેટ્ટી દ્વારા ડિરેક્ટ કરેલી નવી ‘દિલવાલે’નાં પાત્રો, સ્ટોરીલાઇન કે થીમને જૂની ફિલ્મ સાથે કોઈ જ સીધી લેવાદેવા નહોતી. એ એક અર્બન રોમેન્ટિક કોમેડી હતી, જેમાં કાર ચેઝ, હ્યુમર, રોમાન્સ અને રોહિત શેટ્ટી સ્ટાઇલ એક્શન હતી. અહીં માત્ર નામ જ જૂનું હતું, બાકીની આખી ફિલ્મ એકદમ નવીનકોર.

વિકાસ બહલની ‘શાનદાર’ (૨૦૧૫) પણ આવી જ એક બીજી એવી ફિલ્મ હતી, જેનું ટાઈટલ પહેલીવાર સાંભળીએ તો ૧૯૭૪ની સંજીવ કુમાર અભિનીત અથવા ૧૯૯૦ની મિથુન ચક્રવર્તી અભિનીત ફિલ્મ સાથે જોડાય, પણ ફિલ્મનો અંદાજ એકદમ જુદો જ હતો. શાહિદ કપૂર અને આલિયા ભટ્ટની લીડ રોલવાળી આ ફિલ્મ એક ડેસ્ટિનેશન વેડિંગ કોમેડી હતી, જેમાં ફેન્ટસી-ફિલ્મ જેવો અંદાજ હતો. જૂની ‘શાનદાર’ ફિલ્મ્સ સાથે કોઈ સીધો સંપર્ક જોવા મળતો ન હતો, છતાં ફિલ્મમેકરે આ નામનું પુનરાવર્તન કર્યું હતું.

આવા બધાં કિસ્સા એક વાત સ્પષ્ટ કરે છે કે નવા ફિલ્મમેકર્સ જૂના ટાઈટલ્સને માત્ર મેમરી હૂક તરીકે વાપરે છે. એમને શોર્ટકટ જોઈએ છે દર્શકોના મનમાં પ્રવેશ મેળવવાનો અને એ માટે જાણીતું નામ એમના માટે એક ટૂલ છે. આ શીર્ષકોમાં નોસ્ટાલ્જિઆ પણ છુપાયેલી છે, જે માર્કેટિંગ માટે પણ કામ આવે છે.

સોનમ કપૂર અને ફવાદ ખાન અભિનીત ‘ખૂબસૂરત’ (૨૦૧૪) પણ આ જ ટ્રેન્ડનો ભાગ છે. રેખા સ્ટારર ૧૯૮૦ની ‘ખૂબસૂરત’, જે ઋષિકેશ મુખર્જીની ક્લાસિક ફેમિલી ડ્રામા હતી. પણ નવી ‘ખૂબસૂરત’ તો એક ફેરિટેલ જેવી હતી, જેમાં રજવાડી મહેલ, રાજકુમાર છતાં મોડર્ન વાર્તા હતી. આ ઉપરાંત ૧૯૯૯માં પણ ‘ખૂબસૂરત’ નામની જ એક ફિલ્મ આવી હતી. સંજય છેલ દિગ્દર્શિત સંજય દત્ત અને ઉર્મિલા માતોંડકર અભિનીત એ ફિલ્મ એક મજાની રોમેન્ટિક કોમેડી હતી, છતાં જૂની ‘ખૂબસૂરત’ ફિલ્મ્સ અને નવીની વચ્ચે માત્ર ટાઈટલ જ કોમન છે.

ટાઈગર શ્રોફની એક્શન-ફ્રેન્ચાઈઝી બનેલી ‘બાગી’ પણ એવો જ એક કિસ્સો છે. ૧૯૯૦ની ‘બાગી’ જેમાં સલમાન ખાન અને નગમાએ અભિનય કર્યો હતો. એ એક પ્રેમ કહાની હતી. જ્યારે નવી ‘બાગી’માં માર્શલ આર્ટ્સ, સ્ટન્ટ્સ અને એક્શનનો એવો તડકો હતો કે એ જૂની ફિલ્મથી સાવ જ અલગ લાગતી હતી. અહીં બાગીનો અર્થ માત્ર ‘બાગી માણસ’ એટલો જ હતો, પણ પ્લોટ એકદમ અલગ. ૨૦૦૦માં સંજય દત્ત, મનીષા કોઈરાલા અભિનીત પણ એક ‘બાગી’ ફિલ્મ રિલીઝ થઈ હતી.

એક રીતે જોતા આ સરખા શીર્ષકવાળી નવી ફિલ્મ્સ જૂની ફિલ્મ્સને એક પ્રકારનું ટ્રિબ્યુટ પણ આપે છે. એ ફિલ્મ્સ કે જેમણે ફિલ્મ ઇન્ડસ્ટ્રીને એક સમય પર દિશા આપી તેના નામનો ફરી ઉપયોગ કરીને તેને યાદ કરાય છે, પણ એની સાથે એક ચિંતાનો વિષય એ પણ રહે કે આજના ફિલ્મમેકર્સ દ્વારા જૂના ટાઇટલ્સ માત્ર લાલચમાં વપરાય અને ફિલ્મ અંદરથી ખાલી હોય તો એ ભૂતકાળનો દુરુપયોગ પણ ગણાય. આખરે વાત એટલી જ છે કે, ઓળખીતા નામ જેટલી જ એ નામ પાછળની નવી કહાણી કેટલી મજબૂત છે એ પણ અગત્યનું છે. ■

### લાસ્ટ શોટ

*૧૯૬૭ અને ૨૦૨૫ ઉપરાંત ‘જ્વેલ થીફ’ નામની વધુ એક ફિલ્મ છે. એ સસ્પેન્સ થ્રિલર ફિલ્મ ૨૦૨૪માં તેલુગુમાં રિલીઝ થઈ હતી.*

ફોકસ
ડી. જે. નંદન

# હવે AI ફિલ્મની સ્ક્રિપ્ટ ને સંવાદ લખશે...!

૨૦૨૫ના અંત સુધીમાં અને ૨૦૨૬ના પ્રારંભમાં AI બોલીવૂડમાં ઘણી બધી ઊથલપાથલ કરવાની યોજના ઘડી રહ્યું છે. જેની સૌ પ્રથમ જે અસર દેખાશે તે બોલીવૂડની વાર્તાઓ, ફિલ્મોના સંવાદો, તેની સ્ક્રિપ્ટો અને ફિલ્મો કહેવાની રીત પર હશે. કારણ કે એવું મનાઇ રહ્યું છે કે ટૂંક સમયમાં AI જનરેટિવ, ફિલ્મનાં પાત્રો અને વાર્તાઓને નવો ટચ આપવાનું શરૂ કરશે અને પછી સમગ્ર પ્રોજેક્ટને નિયંત્રિત કરશે. હકીકતમાં ફિલ્મ નિર્માણમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના વધતા ઉપયોગે ૨૦૨૪માં ઘણા ચોંકાવનારા તથ્યો રજૂ કર્યા છે. ઉદાહરણ તરીકે AI હવે ઘણા કલાકારોના વર્ચ્યુઅલ અવતાર બનાવી રહ્યું છે. જે વાસ્તવિક કલાકારોના શૂટિંગ વિના શૂટ કરવામાં આવશે. દર્શકો માટે આ ચોંકાવનારું હશે કે તેમના મનપસંદ અભિનેતાની ઉપસ્થિતિ માત્ર ડિજિટલ ટેક્નોલોજી દ્વારા ઊભી કરવામાં આવી છે. તે વાસ્તવિક નહીં હોય. એટલું જ નહીં હાલમાં હોલિવૂડમાં એવી ચર્ચા ચાલી રહી છે કે દર્શકો સિનેમાઘરો કે ઓટીટી પ્લેટફોર્મ પર વાર્તાના આગામી વળાંકને જાતે પસંદ કરી શકશે. એટલે કે ફિલ્મને વીડિયો ગેમની માફક બનાવવામાં આવશે.

હવે સવાલ એ છે કે આ વાત કયા આધારે કહેવામાં આવી રહી છે. હકીકતમાં AI દ્વારા લખાયેલી વાર્તાઓનો ઉપયોગ ધીમે ધીમે વધી રહ્યો છે અને નિષ્ણાતોનું અનુમાન છે કે આ એક ક્રાંતિકારી પરિવર્તન લાવશે. જો કે બોલીવૂડમાં હજુ સુધી AI જનરેટેડ વાર્તા પર કોઇ ફિલ્મ બની નથી, ન તો AI જનરેટેડ વાર્તાનો વ્યાપક રીતે ઉપયોગ થયો છે. પરંતુ સ્ક્રિપ્ટ રાઇટિંગ અને પ્લોટ આઇડિયા વિકસાવવામાં AI છેલ્લાં બે વર્ષમાં મદદરૂપ સાબિત થયું છે. કેટલાક સ્વતંત્ર પ્રોડક્શન હાઉસ અને કેટલાક સ્ટાર્ટઅપ્સે પણ આવા ટૂલ્સનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું છે, જે AI ની મદદથી સ્ક્રિપ્ટ્સ અથવા ડાયલોગ ટેમ્પ્લેટ્સ તૈયાર કરે છે. જો કે કોઇપણ આ વાત ખુલીને કહેવા માટે તૈયાર નથી, કારણ કે લોકોને લાગે છે કે શરૂઆતમાં દર્શકો આને સરળતાથી સ્વીકારશે નહીં. પરંતુ સામાન્ય રીતે જે અઠવાડિયામાં ત્રણ દિવસ પ્રસારિત થાય છે તેવી ટીવી સિરિયલોના લેખનમાં જે તાત્કાલિક લખાણનું દબાણ હોય છે તેને AIના કારણે ઘણી રાહત રહેશે. કારણ કે AIની મદદથી માત્ર સ્ક્રિપ્ટ અને ડાયલોગની રૂપરેખા તરત જ તૈયાર કરી શકાતી નથી પરંતુ મિનિટો અને સેકન્ડોમાં AI ઝડપી પ્લોટ અને આઇડિયા પણ આપે છે. જેનાથી ખૂબ મદદ મળે છે. જો કે એ વાત પણ સ્વીકારી રહી કે AI ઘણા પ્રતિભાશાળી લેખકો જેવા વિચારો ડેવલપ કરવામાં સક્ષમ નથી, તેના રાઇટિંગમાં એ પંચ નથી મળતા જે એક અનુભવી સ્ક્રિપ્ટ રાઇટરનાં લખાણોમાંથી મળે છે.

પરંતુ એ ચોક્કસ છે કે AI લગભગ ૫૦ ટકા બીજા દરજ્જાના લેખકો કરતાં વધુ સારી રીતે વિચારે છે. તેની કલ્પના ઘણા લેખકો કરતાં આગળ છે. તેથી બોલીવૂડમાં ઘણા પ્રોડક્શન હાઉસે ચુપચાપ AIની મદદથી સ્ક્રિપ્ટ અને સંવાદો લખવાનું શરૂ કરી દીધું છે, પરંતુ તેઓ હજુ સુધી તેનો ખુલાસો કરતા નથી. પરંતુ હોલીવૂડ આ પ્રકારના ખુલાસાઓની ચિંતા કરતું નથી. નેટફ્લિક્સ અને ડિઝની જેવા પ્લેટફોર્મે AIનો ઉપયોગ દર્શકોના ડેટાના આધારે કંટેંટ બનાવવા અને વાર્તાનો પ્લોટ તૈયાર કરવા માટે બે વર્ષ પહેલાથી જ શરૂ કરી દીધો હતો. ૨૦૨૧માં ‘સનસ્પ્રિંગ’ નામની એક આખી શોર્ટ ફિલ્મ AI દ્વારા લખવામાં આવી હતી. જો કે આ એક પ્રાયોગિક ફિલ્મ હતી, પરંતુ આ ફિલ્મ રજૂ થવાથી હોલીવૂડમાં લેખકોમાં ભારે ઝંઝાવાત સર્જાયો હતો. હોલીવૂડના લેખકોએ આ વાતની જાણ થતા જ તેની રોજી રોટી પર પ્રબળ પ્રહાર થયાનું અનુભવ્યું હતું. હોલીવૂડમાં મોટા પાયે લેખકો સ્ટુડિયો સાથે વાર્ષિક કરાર પર જોડાયેલા હોય છે. એટલે કે એક રીતે તેને પગાર પર રાખવામાં આવે છે. એવામાં અહીંના લેખકોને અનુભવાયું હતું કે જો નિર્માતા નિર્દેશક AI જનરેટિવની વાર્તાઓ પર કામ કરશે તો તેઓ ટૂંક સમયમાં બેરોજગાર થઇ જશે. તેથી ૨૦૨૩માં હોલીવૂડમાં લેખકોની લાંબી હડતાલ જોવા મળી હતી.

AI વાર્તાના પ્રારંભિક ડ્રાફ્ટને એટલો જલ્દી તૈયાર કરી લે છે કે કોઇ વ્યક્તિ અચંબિત થયા વગર રહી શકે નહીં. એટલું જ નહીં AIને કોઇ લેખક કરતાં વધુ સતર્ક રાખી શકાય છે કે તે લોકોની ઇચ્છા, પસંદ અને નાપસંદ વગેરેને વધુ સારી રીતે સમજી શકે. સૌથી મોટી વાત એ છે કે AI ફિલ્મ પ્રોડક્શનના ખર્ચને આશ્ચર્યજનક રીતે ઘટાડી શકે છે. આ એક એવું આકર્ષણ છે જેનાથી કોઇ નિર્માતા, દિગ્દર્શક અને ઉદ્યોગ બચી શકે નહીં. કારણ કે આજે સમગ્ર દુનિયાની ફિલ્મ ઇન્ડસ્ટ્રી સામે સૌથી મોટું સંકટ તેનો ખર્ચ છે.

એવામાં સમસ્યા એ ઊભી થશે કે એક જ સમયે કેટલાય પ્રોડક્શન હાઉસ એક સમાન સ્ક્રિપ્ટ પર ફિલ્મ બનાવી શકે છે, પરંતુ દુર્ઘટના એ બનશે કે પછીથી તે તેની પ્રતિસ્પર્ધી કંપનીઓ પર એ આરોપ નહીં લગાવી શકે કે એકબીજાએ તેની ફિલ્મ ચોરી લીધી છે. કારણ કે આ ચોરીનો મામલો રહેશે જ નહીં. આ હકીકતમાં યાંત્રિક કલ્પનાની એકરૂપતાની બાબત હશે અને આ માટે કોઇ કોઇના પર દોષારોપણ કરી શકશે નહીં. હોલિવૂડમાં અત્યાર સુધીમાં AIએ આ કામ ઘણી હદ સુધી ઘટાડી દીધું છે. AI દ્વારા ૫૦ ટકા સ્ક્રિપ્ટિંગ અને રૂપરેખા તૈયાર કરવામાં આવે છે. જેના કારણે ઉત્પાદન અને પોસ્ટ પ્રોડક્શન બંનેના ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જો કે આનાથી લેખકો અને ક્રિએટિવ પ્રોફેશનલ્સ ખૂબ જ નાખુશ છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u




# મુંબઈની ‘વિજયી સિક્સર’

## ૫૦મી મૅચમાં હાર્દિક પંડ્યાની ટીમની ૧૦૦ રનથી જીત

**આજે કઈ મૅચ?**
ગુજરાત વિરુદ્ધ હૈદરાબાદ
અમદાવાદમાં, સાંજે ૭.૩૦

જયપુરઃ મુંબઈ ઇન્ડિયન્સએ ગઈ કાલે અહીં રાજસ્થાન રૉયલ્સ સામે આઇપીએલ-૨૦૨૫ની ૫૦મી મૅચમાં ૧૦૦ રનથી વિજય મેળવ્યો હતો. મુંબઈની આ લાગલગાટ છઠ્ઠી જીત હતી. ૨૧૮ રનના લક્ષ્યાંક સામે રાજસ્થાન ૧૬.૧ ઓવરમાં ૧૧૭ રનના સ્કોર પર ઑલઆઉટ થયું હતું. બૉલ્ટ અને કર્ણ શર્માએ ત્રણ-ત્રણ વિકેટ, બુમરાહે બે વિકેટ અને દીપક ચાહર તથા હાર્દિકે એક-એક વિકેટ લીધી હતી. એ પહેલાં, મુંબઈએ બૅટિંગ મળ્યા પછી ૨૦ ઓવરમાં બે વિકેટે ૨૧૭ રન કર્યા હતા. એમઆઇના બે હાફ સેન્ચુરિયન ઓપનરો રાયન રિકલ્ટન (૬૧ રન, ૩૮ બૉલ, ત્રણ સિક્સર, સાત ફોર) અને રોહિત શર્મા (૫૩ રન, ૩૬ બૉલ, નવ ફોર) વચ્ચે ૭૧ બૉલમાં ૧૧૬ રનની બહુમૂલ્ય ભાગીદારી થઈ હતી. હાર્દિક પંડ્યા (૪૮ અણનમ, ૨૩ બૉલ એક સિક્સર, છ ફોર, ૨૦૮.૬૯નો સ્ટ્રાઇક-રેટ) અને સૂર્યકુમાર (૪૮ અણનમ, ૨૩ બૉલ, ત્રણ સિક્સર, ચાર ફોર, ૨૦૮.૬૯નો સ્ટ્રાઇક-રેટ)નું પણ યોગદાન હતું. ■

# ચેન્નઈની બાદબાકી બાદ હવે આઈપીએલના પ્લે-ઑફમાં કોને કેટલો ચાન્સ?

મુંબઈઃ આઇપીએલના પાંચ ટાઇટલ જીતનાર અને હજી બે જ વર્ષ પહેલાં (૨૦૨૩માં) પાંચમી ટ્રોફી મેળવનાર ચેન્નઈ સુપર કિંગ્સની ટીમ ૧૮મી સીઝન માટેના પ્લે-ઑફના રાઉન્ડની રેસમાંથી બહાર થનાર પ્રથમ ટીમ બની છે. બાકીની નવ ટીમને એ રાઉન્ડમાં પહોંચવાની તક છેઃ

**ટીમોનું વિશ્લેષણ અને પ્લે-ઑફની સંભાવનાઃ**

**(૧) રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)**: ૧૦ મૅચ રમાઈ, ૧૪ પૉઇન્ટ, રનરેટઃ +૦.૫૨૧, બાકીની મૅચો કોની સામે?: ચેન્નઈ, લખનઊ, હૈદરાબાદ, કોલકાતા.

**પ્લે-ઑફની સંભાવનાઃ** આરસીબી બહુ જ સારી સ્થિતિમાં છે, પણ પ્લે-ઑફ માટે નક્કી થવા એણે ૨૦ પૉઇન્ટ સુધી પહોંચવું એના હિતમાં રહેશે. જોકે અન્ય ટીમોનાં પરિણામો આરસીબીની તરફેણમાં રહેશે તો ક્વૉલિફાય થઈ શકશે.

**(૨) પંજાબ કિંગ્સ (પીબીકેએસ)**: ૧૦ મૅચ રમાઈ, ૧૩ પૉઇન્ટ, રનરેટઃ +૦.૧૯૯, બાકીની મૅચો કોની સામે?: લખનઊ, દિલ્હી, મુંબઈ, રાજસ્થાન.

**પ્લે-ઑફની સંભાવનાઃ** છેલ્લી પાંચમાંથી એક જ મૅચ હારનાર આ ટીમે ક્વૉલિફાય થવું હોય તો બાકીની ચારમાંથી ત્રણ મૅચ જીતવી જ પડશે, કારણકે હાલની સ્થિતિ મુજબ છ ટીમ ૧૭ પૉઇન્ટ પર અટકી શકે એમ છે. ૧૫ પૉઇન્ટનો આંકડો તેમને આશા અપાવી શકે.

**(૩) મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ) (ગઈ કાલની રાજસ્થાન સામેની મૅચ પહેલાંના આંકડા અને વિગતો)**: ૧૦ મૅચ રમાઈ, ૧૨ પૉઇન્ટ, રનરેટઃ +૦.૮૮૯. બાકીની મૅચો કોની સામે?: ગુજરાત, પંજાબ, દિલ્હી.

**પ્લે-ઑફની સંભાવનાઃ** સતત પાંચ મૅચ જીતીને ટૉપ-ફોરમાં આવી ગયેલી હાર્દિક પંડ્યાની કૅપ્ટન્સીવાળી આ ટીમની હાલની વેગવાન આગેકૂચ જોતાં પ્લે-ઑફમાં પહોંચી શકે એમ છે. આરસીબીની જેમ ૧૪ પૉઇન્ટ સાથે પણ (અન્ય ટીમોના પરિણામો પોતાની તરફેણમાં આવે તો) પ્લે-ઑફમાં આસાનીથી જઈ શકશે. એમઆઇની હજી વાનખેડેમાં બે લીગ મૅચ બાકી છે એટલે પણ એને સારી તક છે. હોમગ્રાઉન્ડ પર એમઆઇની ટીમ પાંચમાંથી ચાર મૅચ જીતી છે જે તમામ ટીમોમાં હાઇએસ્ટ છે.

**(૪) ગુજરાત ટાઇટન્સ (જીટી)**: ૯ મૅચ રમાઈ, ૧૨ પૉઇન્ટ, રનરેટઃ +૦.૭૪૮, બાકીની મૅચો કોની સામે?: હૈદરાબાદ, મુંબઈ, દિલ્હી, લખનઊ, ચેન્નઈ.

**પ્લે-ઑફની સંભાવનાઃ** બાકી રહેલી નવમાંથી માત્ર બે ટીમ (ગુજરાત અને હૈદરાબાદ)ની માત્ર નવ મૅચ થઈ છે.

**(૫) દિલ્હી કૅપિટલ્સ (ડીસી)**: ૧૦ મૅચ રમાઈ, ૧૨ પૉઇન્ટ, રનરેટઃ +૦.૩૬૨, બાકીની મૅચો કોની સામે?: હૈદરાબાદ, પંજાબ, ગુજરાત, મુંબઈ.

**પ્લે-ઑફની સંભાવનાઃ** અક્ષર પટેલના નેતૃત્વમાં આ ટીમ પહેલી છમાંથી પાંચ મૅચ જીતી હતી, પણ પછી હારની હારમાળાને કારણે હવે સ્થિતિ એ છે કે આ ટીમ દસમાંથી છ મૅચ જીતી છે. છેલ્લી ચાર મૅચમાંના ત્રણ પરાજયે આ ટીમને મોખરેથી પાંચમા સ્થાને ઉતારી દીધી છે. હવે હૈદરાબાદ સામેની આગામી મૅચ પહેલાં ડીસીને પાંચ દિવસનો બ્રેક મળ્યો છે જે એને આવકાર્ય હશે.


ગુજરાતના સુદર્શનના ૪૫૬ રન બુધવારે હાઈએસ્ટ હતા

**(૬) લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી)**: ૧૦ મૅચ રમાઈ, ૧૦ પૉઇન્ટ, રનરેટઃ -૦.૩૨૫, બાકીની મૅચો કોની સામે?: પંજાબ, બેંગલૂરુ, ગુજરાત, હૈદરાબાદ.

**પ્લે-ઑફની સંભાવનાઃ** દિલ્હીની જેમ આ ટીમ પણ છેલ્લી ચારમાંથી ત્રણ મૅચ હારી છે અને પૉઇન્ટ્સ-ટેબલમાં અધવચ્ચે અટવાઈ છે. લખનઊની આગામી ચારમાંથી ત્રણ મૅચ ટોચની ચારમાંની ત્રણ ટીમ સામે રમાવાની છે એટલે આ સંઘ કાશીએ પહોંચશે કે કેમ એમાં શંકા છે.

**(૭) કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)**: ૧૦ મૅચ રમાઈ, ૯ પૉઇન્ટ, રનરેટઃ +૦.૨૭૧, બાકીની મૅચો કોની સામે?: રાજસ્થાન, ચેન્નઈ, હૈદરાબાદ, બેંગલૂરુ.

**પ્લે-ઑફની સંભાવનાઃ** આ ડિફેન્ડિંગ ચૅમ્પિયન ટીમ અજિંક્ય રહાણેના સુકાનમાં આગામી દિવસોમાં વધુમાં વધુ ૧૭ પૉઇન્ટ સુધી જઈ શકશે. પાંચ ટીમો ૧૮ પૉઇન્ટ સુધી જઈ શકે એમ છે એ જોતાં કોલકાતા માટે આગળનો માર્ગ મુશ્કેલ તો છે જ.

**(૮) રાજસ્થાન રૉયલ્સ (આરઆર) (ગઈ કાલની મુંબઈ સામેની મૅચ પહેલાંના આંકડા અને વિગતો)**: ૧૦ મૅચ રમાઈ, ૬ પૉઇન્ટ, રનરેટઃ -૦.૩૪૯, બાકીની મૅચો કોની સામે?: કોલકાતા, ચેન્નઈ, પંજાબ.

**પ્લે-ઑફની સંભાવનાઃ** સંજુ સૅમસન અને રિયાન પરાગની કૅપ્ટન્સી વચ્ચે અટવાયેલી આ ટીમને ૧૪ વર્ષના વૈભવ સૂર્યવંશીએ ચાર દિવસ પહેલાં ઐતિહાસિક સેન્ચુરી ફટકારીને એક્ઝિટ થતાં બચાવી લીધી હતી, પરંતુ હવે આ ટીમ બાકીની દરેક મૅચ જીતીને વધુમાં વધુ ૧૪ પૉઇન્ટ સુધી જઈ શકે જે કદાચ અપૂરતા સાબિત થશે.

**(૯) સનરાઇઝર્સ હૈદરાબાદ (એસઆરએચ)**: ૯ મૅચ રમાઈ, ૬ પૉઇન્ટ, રનરેટઃ -૧.૧૦૩, બાકીની મૅચો કોની સામે?: ગુજરાત, દિલ્હી, કોલકાતા, બેંગલૂરુ, લખનઊ.

**પ્લે-ઑફની સંભાવનાઃ** જો આ ટીમ બાકીની તમામ પાંચ મૅચ જીતશે તો એ ૧૬ પૉઇન્ટ પર રહેશે અને આ ટીમ રનરેટ પર નિર્ભર રહ્યા વગર પ્લે-ઑફમાં જઈ શકશે. ■

# ૧૪ વર્ષનો ‘વિક્રમાદિત્ય’ વૈભવ સૂર્યવંશી મુંબઈ સામે બીજા જ બૉલ પર આઉટ!

જયપુરઃ સોમવારે ગુજરાત ટાઇટન્સ (જીટી) સામે ઐતિહાસિક અને વિક્રમજનક સેન્ચુરી ફટકારીને ક્રિકેટજગતમાં ધમાલ મચાવનાર રાજસ્થાન રૉયલ્સનો ૧૪ વર્ષનો વૈભવ સૂર્યવંશી ગઈ કાલે અહીં મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ) સામે માત્ર બીજા જ બૉલ પર વિકેટ ગુમાવી બેઠો હતો.

મુંબઈએ બૅટિંગ મળ્યા બાદ બે વિકેટે ૨૧૭ રન કર્યા ત્યાર બાદ મેદાન પર ઊતરેલા યશસ્વી જયસ્વાલે રાજસ્થાનના દાવની શરૂઆત કરી હતી. કૅપ્ટન હાર્દિક પંડ્યાએ પ્રથમ ઓવરની જવાબદારી (ટ્રેન્ટ બૉલ્ટને કે જસપ્રીત બુમરાહને નહીં, પણ) મૂળ ઉત્તર પ્રદેશના પેસ બોલર દીપક ચાહરને સોંપી હતી. ચાહરના પ્રથમ બૉલમાં યશસ્વી આઉટ થતાં થોડો બચી ગયો હતો અને બીજા બૉલમાં યશસ્વીએ દોડીને એક રન લીધો હતો.

યશસ્વીએ એ એક રન લીધો એ સાથે જ જયપુરનું સવાઈ માનસિંહ સ્ટેડિયમ (કે જ્યાં ૧૯૮૭માં પાકિસ્તાનના ભૂતપૂર્વ પ્રમુખ જનરલ ઝિયા-ઉલ-હક ભારત-પાકિસ્તાનની ટેસ્ટ મૅચ જોવા આવ્યા હતા) હજારો પ્રેક્ષકોની બૂમો અને ચીસોથી ગૂંજી ઊઠ્યું હતું. કારણ એ હતું કે યશસ્વીના એ સિંગલ બાદ વૈભવ સૂર્યવંશી સ્ટ્રાઇક પર આવ્યો હતો. ચાહરે ત્રીજો બૉલ (જે સૂર્યવંશીનો પ્રથમ બૉલ હતો) યૉર્કર ફેંક્યો હતો જેમાં સૂર્યવંશીએ પોતાને સલામત રાખ્યો હતો. યાદ કરાવીએ કે સોમવારે જયપુરમાં જ સૂર્યવંશી ટી-૨૦ ક્રિકેટનો યંગેસ્ટ સેન્ચુરિયન (૧૦૧ રન, ૩૮ બૉલ, ૧૧ સિક્સર, ૭ ફોર) બન્યો ત્યાર બાદ ગુજરાત ટાઇટન્સના પેસ બોલર પ્રસિદ્ધ ક્રિષ્નાના યૉર્કરમાં ક્લીન બોલ્ડ થયો હતો.

મુંબઈના દીપક ચાહરનો ચોથો બૉલ પણ યૉર્કર હતો. ચાહરે કલાકે ૧૩૦ કિલોમીટરની ઝડપે ફેંકેલા એ બૉલનો સામનો કરવા સૂર્યવંશી બૅકફૂટ પર ગયો હતો અને વિલ જૅક્સના હાથમાં કૅચઆઉટ થઈ ગયો હતો.

ત્યાર બાદ યશસ્વીએ ટ્રેન્ટ બૉલ્ટની ઓવરમાં વિકેટ ગુમાવી હતી. ■

# પિતાના નિધનને પગલે ખેલરત્ન નહોતો સ્વીકારી શક્યો, ગુરુવારે એ પુરસ્કાર તેમને જ અર્પણ કર્યો!


સાત્વિકસાઇરાજ, સ્પોર્ટ્સ પ્રધાન માંડવિયા અને ચિરાગ શેટ્ટી (પીટીઆઈ)

નવી દિલ્હીઃ ભારતના ટોચના બૅડમિન્ટન ખેલાડીઓ સાત્વિકસાઇરાજ રન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીને ગઈ કાલે અહીં ખેલકૂદ પ્રધાન મનસુખ માંડવિયાના શુભહસ્તે મેજર ધ્યાનચંદ ખેલરત્ન પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા એ ક્ષણ ચિરાગ કરતાં સાત્વિકસાઇરાજ માટે વધુ સ્પેશિયલ અને ભાવુક હતી, કારણકે આ બૅડમિન્ટન જોડીની ફેબ્રુઆરીમાં (અઢી મહિના પહેલાં) ભારતીય રમતગમત ક્ષેત્રના આ સર્વોચ્ચ અને પ્રતિષ્ઠિત પુરસ્કારથી નવાજેશ કરવાની કેન્દ્ર સરકારની યોજના હતી, પરંતુ તેમને જે દિવસે પુરસ્કાર અપાનાર હતો એ જ દિવસે સવારે સાત્વિકસાઇરાજના પિતાનું અવસાન થયું હતું એટલે એ સમારંભ મોકૂફ રાખવામાં આવ્યો હતો.

સાત્વિકસાઇરાજ ગઈ કાલે ખેલરત્ન પુરસ્કાર સ્વીકારતી વખતે ભાવુક થઈ ગયો હતો, કારણકે તેને (ચિરાગ શેટ્ટી સાથેની જોડીમાં) વર્લ્ડ નંબર-વનની રૅન્ક સુધી પહોંચાડવામાં તેના પિતા કાસી વિશ્વનાથમનું બહુ મોટું યોગદાન હતું અને સાત્વિકસાઇરાજે ગઈ કાલે આ પુરસ્કાર સ્વીકાર્યા બાદ સદ્ગત પિતાનાં બલિદાનોને યાદ કરીને તેમને અર્પણ કર્યો હતો. ■

# ઈજાગ્રસ્ત મૅક્સવેલ આઉટઃ ખરાબ રમ્યો છતાં ૨.૭૦ કરોડ રૂપિયા બનાવી લીધા!

મુલ્લાંપુર (ન્યૂ ચંડીગઢ): ઑસ્ટ્રેલિયાનો ઑલરાઉન્ડર જમણા હાથની આંગળીના ફ્રૅક્ચરને લીધે વર્તમાન આઇપીએલની બહાર થઈ ગયો છે અને એ જોતાં લૉકી ફર્ગ્યુસન બાદ હવે મૅક્સવેલની પણ બાદબાકી થઈ જતાં પંજાબ કિંગ્સ (પીબીકેએસ)ની ટીમ માટે મુશ્કેલી ઊભી થઈ છે. જોકે પંજાબના ફ્રૅન્ચાઇઝીને મૅક્સવેલ ખૂબ મોંઘો પડ્યો. પંજાબે તેને ૪.૨૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો.



મૅક્સવેલ આ વખતે જે સાત મૅચ રમ્યો એમાં તેણે કુલ ફક્ત ૪૮ રન કર્યા અને માત્ર ચાર વિકેટ લીધી. સાતમાંથી એક મૅચમાં તેની બૅટિંગ નહોતી આવી. બાકીની છ મૅચમાં તેના સ્કોર્સની વિગતઃ ૦, ૩૦, ૧, ૩, ૭, ૭.

આઇપીએલમાં જે ખેલાડી જે મૅચમાં રમવા માટે ઉપલબ્ધ હોય (તેને એમાં રમવા મળે કે ન મળે) એ બદલ તેને ફ્રૅન્ચાઇઝી તરફથી કૉન્ટ્રેક્ટ મનીનો હિસ્સો મળે છે. જો આ ખેલાડી કોઈ મૅચ માટે (ઈજા કે અન્ય કોઈ કારણસર) ઉપલબ્ધ ન હોય તો એ મૅચની રકમ કુલ કૉન્ટ્રેક્ટ મનીમાંથી કપાઈ જાય છે. સામાન્ય રીતે દરેક ખેલાડીને સરેરાશ કુલ ૧૪ મૅચ બદલ પૈસા મળે છે.

મૅક્સવેલને ઍક્ટ્રેસ પ્રીટિ ઝિન્ટા સહિતના પંજાબના માલિકોએ ૪.૨૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. તેને આ ૪.૨૦ કરોડની રકમની ગણતરીએ નવ મૅચના અંદાજે કુલ ૨.૭૦ કરોડ રૂપિયા મળશે એવું માનવામાં આવે છે. જોકે આ નવમાંથી સાત મૅચમાં પર્ફોર્મન્સના નામે એકંદરે મીંડું જ હતું. ■




‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.
વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| मुआयना | નસીબ |
| मुआवजा | નફો |
| मुकदर | આરોપી |
| मुजरिम | નિરીક્ષણ |
| मुनाफा | મહેનતાણું |

## ઓળખાણ પડી?



કમલ હાસનની તમિળ ફિલ્મની હિન્દી રિમેકની ઓળખાણ પડી? વિનોદ ખન્ના અને માધુરી દીક્ષિત સાથે ફિરોઝ ખાન પણ હતા.

અ) પ્રેમ પ્રતિજ્ઞા બ) પરિંદા ક) મહાસંગ્રામ ડ) દયાવાન

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ના | ૨ ગ | ૩ રિ | ક | ૪ તા | | ૫ સં | ૬ સા | ધ | ૭ નો |
| ૮ મ | ર | વા | | ૯ રો | ૧૦ ક | | ચ | | ક |
| ઈ | | જ | | | ર | | ૧૧ વ | ખા | ર |
| | ૧૨ ભા | | ૧૩ અ | થ | ડા | ૧૪ મ | ણ | | શા |
| ૧૫ સ | ર | ૧૬ કા | ર | | ૧૭ કી | ર | | ૧૮ વ | હી |
| મ | | ૧૯ જ | સ | ત | | | ૨૦ અ | રે | |
| ૨૧ ય | ૨૨ મ | | પ | | ૨૩ પ્ર | ૨૪ ગ | ટ | | ૨૫ અ |
| ૨૬ પા | રો | | ૨૭ ર | મ | તિ | યા | ળ | | વિ |
| લ | | ૨૮ ઠો | સ | | ક્રિ | | | ૨૯ તી | ર |
| ૩૦ ન | ગ | ર | | ૩૧ અ | યા | ચ | ક | વ્ર | ત |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | | ૫ | | ૬ |
| | | ૭ | | ૮ | | | | | |
| ૯ | | | | ૧૦ | | | | ૧૧ | |
| | | | ૧૨ | | | | ૧૩ | | |
| | ૧૪ | | | | | | | | ૧૫ |
| ૧૬ | | | ૧૭ | | | ૧૮ | | ૧૯ | |
| | | ૨૦ | | | ૨૧ | | | ૨૨ | |
| ૨૩ | | | | ૨૪ | | | | ૨૫ | |
| | | ૨૬ | | | | | ૨૭ | | |
| ૨૮ | | | | ૨૯ | | | | | |

**આડી ચાવી**
૧. દાનવીર (૪)
૪. મિલનસાર (૫)
૭. રક્ષણ કરવું તે (જો.છૂ.) (૩)
૯. એક રોગ (૩)
૧૦. રટવું તે (૩)
૧૧. ૪૦ શેરના વજનનું માપ (૨)
૧૨. સ્મરણ, સ્મૃતિ (૨)
૧૩. ક્ષમતા (૨)
૧૪. પ્રિય જોનારી સ્ત્રી (૫)
૧૬. કવિતા લખે તે (૨)
૧૭. ગાનાર, ગવૈયો (૨)
૧૮. લોકોનો અભિપ્રાય (૪)
૨૦. શ્રેષ્ઠ (૨)
૨૧. --- હવે બહુ થયું (૨)
૨૨. પરાજય પામી (૨)
૨૩. ત્રણ ગુણ-સત્ત્વ, ---, તમસ (૩)
૨૪. ટેવ (૩)
૨૫. નિશાન, ધ્યેય (૨)
૨૬. બીજાને બદલે (૨)
૨૮. આશ્વાસન (૩)
૨૯. પ્રસંગો પાત, વારાફરતી (૬)

**ઊભી ચાવી**
૧. સીમા પરનું (૪)
૨. બાર મહિના (૩)
૩. મરચાનો સ્વાદ (૨)
૫. મૂછે --- દેવો એટલે રૂઆબ કરવો (૨)
૬. દયા --- ને ખાય (૩)
૮. આરપાર જોઈ શકવાની શક્તિ (૫)
૧૧. જલસો, ખુશી (૨)
૧૨. યાદ રહી જાય એવું (૪)
૧૩. એક જાતનો સાલ્લો (૩)
૧૪. ગુપ્ત, અંગત (૨) (જો.છૂં.)
૧૫. આકાશ (૪)
૧૬. કટ્ટરવાદમાં માનનાર (૫)
૧૮. એક ધાતુ (૩)
૧૯. નાનો તાલુકો (૩)
૨૦. અફસોસ (૪)
૨૧. શાપ (૪)
૨૭. ખૂબ ગહન હોય, મન કે ---? (૨)

## ગુજરાત મોરી મોરી રે

અમિતાભ બચ્ચન સાથે કઈ ફિલ્મમાં પરેશ રાવલે ગુજરાતી વ્યક્તિ હેમંત પટેલનો કોમેડી રોલ કર્યો હતો?

અ) સત્તે પે સત્તા બ) બાગબાન
ક) હંગામા ડ) ચુપકે ચુપકે

## જાણવા જેવું

બાદશાહ ઓફ બોલિવૂડ શાહરુખ ખાનને હોલિવૂડ ફિલ્મ ‘સ્લમડોગ મિલિયોનેર’માં ગેમ શોના સંચાલક પ્રેમ કુમારનો રોલ ઓફર થયો હતો. અલબત્ત રોલમાં દમ નથી એવું કારણ આપી બાદશાહે ના પાડી હતી. પછી એ રોલ અનિલ કપૂરે કર્યો અને ફિલ્મને કેટલાક ઓસ્કર એવોર્ડ મળ્યા હતા.

## સુડોકુ-૮૦૭૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૮ | ૫ | | ૬ | ૯ | | ૨ |
| ૫ | | ૩ | | | | | | ૬ |
| ૯ | ૨ | | ૭ | | | | | ૧ |
| ૭ | ૧ | ૨ | | ૯ | ૩ | | ૪ | |
| | | | | | | | | |
| | ૫ | | ૨ | ૭ | | ૩ | ૯ | ૮ |
| ૪ | | | | | ૮ | | ૨ | ૯ |
| ૨ | | | | | | ૧ | | ૩ |
| ૩ | | ૭ | ૬ | | ૨ | ૮ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૮૦૭૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૨ | ૬ | ૯ | ૮ | ૧ | ૫ | ૪ | ૩ |
| ૪ | ૧ | ૫ | ૩ | ૬ | ૨ | ૮ | ૭ | ૯ |
| ૮ | ૯ | ૩ | ૪ | ૭ | ૫ | ૨ | ૬ | ૧ |
| ૫ | ૩ | ૯ | ૮ | ૨ | ૭ | ૪ | ૧ | ૬ |
| ૨ | ૬ | ૪ | ૧ | ૫ | ૯ | ૩ | ૮ | ૭ |
| ૧ | ૮ | ૭ | ૬ | ૪ | ૩ | ૯ | ૨ | ૫ |
| ૬ | ૫ | ૮ | ૭ | ૩ | ૪ | ૧ | ૯ | ૨ |
| ૯ | ૭ | ૨ | ૫ | ૧ | ૮ | ૬ | ૩ | ૪ |
| ૩ | ૪ | ૧ | ૨ | ૯ | ૬ | ૭ | ૫ | ૮ |

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

એક્ટિંગ કરતાં વિચિત્ર સ્વભાવ માટે વધુ જાણીતા થયેલા જાની રાજ કુમારની કઈ ફિલ્મમાં નાના પાટેકર પણ નજરે પડ્યા હતા?

અ) સૌદાગર બ) તિરંગા ક) પોલીસ પબ્લિક ડ) પ્રહાર

## નોંધી રાખો

ક્રોધ કરવો એટલે બીજાની ભૂલનું વેર પોતાની જાત પર લેવું. માટે શક્ય હોય ત્યાં સુધી ક્રોધ પર કાબૂ રાખવો.

## માઈન્ડ ગેમ

અલાયદી ડાન્સિંગ સ્ટાઈલથી જામી ગયેલા શમ્મી કપૂરની ડબલ રોલની ફિલ્મ આપેલા વિકલ્પમાંથી શોધી કાઢો.

અ) તુમસા નહીં દેખા બ) પ્રિન્સ
ક) ચાઈના ટાઉન ડ) જંગલી

## ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| यकीन | વિશ્વાસ |
| यतीमखाना | અનાથાલય |
| यातायात | ટ્રાફિક |
| यामिनी | રાત્રિ |
| यायावर | રખડુ |

ગુજરાત મોરી મોરી રે: રિવા રાઠોડ

ઓળખાણ પડી?: રઝા મુરાદ

માઈન્ડ ગેમ: યોગિતા બાલી

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: પહેલી

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) સુભાષ મોમાયા (૩) મુલરાજ કપુર (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) ભારતી પ્રકાશ કટકિયા (૬) ભારતી બુચ (૭) નીતા દેસાઈ (૮) ખુશરૂ કાપડિયા (૯) હર્ષા મહેતા (૧૦) લજિતા ખોના (૧૧) શ્રદ્ધા આશર (૧૨) પ્રવીણ વોરા (૧૩) નિખિલ બંગાળી (૧૪) અમીશી બંગાળી (૧૫) મીનળ કાપડિયા (૧૬) ભાવના કર્વે (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) મહેન્દ્ર લોઢાવિયા (૧૯) નૂતન વિપીન શાહ (૨૦) પુષ્પા પટેલ (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) મહેશ દોશી (૨૪) વિણા સંપટ (૨૫) અલકા વાણી (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) અંજુ ટોલિયા (૨૮) દિપીકા દેસાઈ (૨૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૦) જયવંત પદમશી ચિખલ (૩૧) તાહેર ઔરંગાબાદવાલા (૩૨) શીરીન ઔરંગાબાદવાલા (૩૩) અબ્દુલ્લા એફ. મુનીમ (૩૪) જગદીશ ઠક્કર (૩૫) નિતિન જયવંત બજરિયા (૩૬) નયના ગિરીશ મિસ્ત્રી (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) ઈનાક્ષી દલાલ (૩૯) હિના દલાલ (૪૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૧) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૨) ધીરેન ઉદેશી (૪૩) ગીતા ઉદેશી (૪૪) પ્રતિમા પમાણી (૪૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૬) અરવિંદ કામદાર

## આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

**ક્વિઝ (અ)** ૧) પૃથ્વીરાજ કપૂર-રાજકપૂર- રણધીર કપૂર ૨) શંકર એહસાન લોઈ ૩) આશા-ઉષા અને લતા મંગેશ્કર ૪) સલમાનખાન-અરબાઝ ખાન-સોહેલ ખાન ૫) મદન-ચમન-અમરીશ પુરી ૬) અશોક કુમાર- અનુપ કુમાર--કિશોર કુમાર ૭)પ્રેમનાથ- નરેન્દ્રનાથ- રાજેન્દ્રનાથ

**ક્વિઝ (બ)** ૧)ચાંદની ૨)સનમ બેવફા ૩)કભી ખુશી કભી ગમ ૪)આજ કા અર્જુન ૫)જાની દુશ્મન ૬)ગેમ્બલર ૭)યસ બોસ

વેવ્ઝને સંબોધતા દેવેન્દ્ર ફડણવીસે કહ્યું,

# ‘એન્ટરટેઇનમેન્ટ ઈકોનોમી વિકાસનું નવું એન્જિન છે’




**સરસ આયોજનઃ** મુંબઈના બીકેસીમાં યોજાયેલા વેવ્ઝ સમિટને વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ.

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે કહ્યું હતું કે મનોરંજન અર્થતંત્ર રાજ્ય અને દેશ માટે વિકાસનું નવું એન્જિન છે.

તેઓ મુંબઈમાં વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ અને એન્ટરટેઈનમેન્ટ સમિટ (વૅવ્ઝ)માં બોલી રહ્યા હતા. સમિતનું ઉદઘાટન પીએમ નરેન્દ્ર મોદી દ્વારા ગઈ કાલે સવારે કરવામાં આવ્યું હતું.

‘‘૫૦૦ એકરના ફિલ્મ સિટીને હવે આગામી પેઢીના વૈશ્વિક સ્ટુડિયો ઇકોસિસ્ટમમાં પુનર્નિર્માણ કરવામાં આવી રહ્યું છે, અને ૧૨૦ એકરના મીડિયા અને મનોરંજન શહેરને એનિમેશન, વિઝ્યુઅલ ઇફેક્ટ્સ અને ગેમિંગ પર કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે, હું આજે આ તબક્કે પ્રતિબદ્ધ છું કે અમે આગામી થોડા મહિનામાં નક્કર પરિણામો સાથે આ બંને ઉદ્દેશ્યો પ્રાપ્ત કરીશું,‘‘ ફડણવીસે કહ્યું. ‘‘આ (સમિટ) ફક્ત એક આયોજન કરતાં વધુ છે. આ આપણા માનનીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીજીના ભવ્ય વિઝનથી પ્રેરિત એક ચળવળ છે. વડા પ્રધાનના નેતૃત્વએ ભારતનો દરજ્જો આર્થિક મહાસત્તા તરીકે ઉન્નત કર્યો છે અને જે હવે આપણા રાષ્ટ્રના સર્જનાત્મક પુનરુત્થાનને આગળ ધપાવશે,‘‘ એમ ફડણવીસે કહ્યું હતું.

આ સમિટ કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચેના તાલમેલનું એક તેજસ્વી ઉદાહરણ છે, એમ તેમણે કહ્યું હતું. (પીટીઆઈ)

# મોદીએ મુંબઈમાં મહત્ત્વના ઈન્ફ્રા પ્રોજેક્ટની રીબન કેમ ન કાપી?

**વેવ્ઝ માટે આવેલા વડા પ્રધાન અનેક યોજનાઓનું લોકાર્પણ કરવાના હતા પણ પહલગામ હુમલા પછી સલામતીનાં કારણોસર એ પડતું મુકાયું હોવાનું કહેવાય છે**

મુંબઈઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે પહેલી મેના રોજ મુંબઈમાં ઘણા મહત્ત્વના માળખાકીય અને ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટોનું ઉદ્ઘાટન થવાનું હતું, પરંતુ તાજેતરમાં કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાને કારણે જડબેસલાક સુરક્ષા વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને આ કાર્યક્રમો મુલતવી રાખવામાં આવ્યા હતા.

મોદીના હસ્તે જે પ્રોજેક્ટોનું ઉદ્ઘાટન થવાનું હતું તેમાં બીકેસીથી આચાર્ય અત્રે ચોક સુધીનો મુંબઈ મેટ્રો-થ્રીનો તબક્કો ખુલ્લો મુકાવાનો હતો.

સમૃદ્ધી મહામાર્ગ એક્સપ્રેસનો ઇગતપુરીથી થાણે સુધીના માર્ગ અને મુંબઈ તરફ જનારા નવા થાણે ક્રીક બ્રિજનું ઉદ્ઘાટન થવાનું હતું. આ સિવાય વરલીના બીડીડી ચાલના રહેવાસીઓને ફ્લેટ સોંપવાના હતા.

મોટા ભાગના પ્રકલ્પો પૂરા થઇ ગયા છે અથવા તો પૂર્ણ થવાની આરે છે. પહલગામ હુમલા બાદ તેમની ઉદ્ઘાટન માટેના જાહેર કાર્યક્રમો રદ કરવામાં આવ્યા છે.

મુંબઈ મેટ્રો-થ્રીના અંડરગ્રાઉન્ડ માર્ગ માટે અંતિમ સેફ્ટી મંજૂરી મળવાની રાહ જોવાઇ રહી છે. સમૃદ્ધી એક્સપ્રેસવેનો થાણે-ઇગતપુરીનો તબક્કો અને થાણે ક્રીક બ્રિજ મહિનાઓથી તૈયાર છે, પરંતુ સુરક્ષાને ધ્યાનમાં રાખીને તેનું લોકાર્પણ પણ મુલતવી રાખવામાં આવ્યું છે.

બીડીડી ચાલનો પુનર્વિકાસ કરી મ્હાડા દ્વારા ત્યાં નવી ઇમારતો બાંધવામાં આવી છે અને રહેવાસીઓને તેના ફ્લેટ સોંપવાના બાકી છે.

મોદીના હસ્તે ઉદ્ઘાટન કરવાના કાર્યક્રમ રદ થયા બાદ હવે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે અને નાયબ મુખ્ય પ્રધાનો દ્વારા નાના કાર્યક્રમો ગોઠવી ઉક્ત પ્રકલ્પોના ઉદ્ઘાટન કરવામાં આવી શકે છે, પરંતુ હજી એ વિશે કોઇ સત્તાવાર જાહેરાત કરાઇ નથી. ■



વૅવ્ઝમાં યોજાયેલા એક પરિસંવાદમાં બોલિવૂડનો બાદશાહ શાહરુખ ખાન અને અભિનેત્રી દીપિકા પાદુકોણ. (પીટીઆઇ)

# ભારતીય મનોરંજન ઉદ્યોગ ૧૦૦ અબજ સુધી પહોંચવા માટે તૈયારઃ મુકેશ અંબાણી



**મહાનુભાવો...:** વેવ્ઝ સમિટમાં ગુરુવારે કેન્દ્રીય પ્રધાન જયંત ચૌધરી તથા ઉદ્યોગપતિ મુકેશ અંબાણી અને પુત્ર અનંત અંબાણી. (પીટીઆઇ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુકેશ અંબાણી ભારતના મીડિયા ક્ષેત્ર માટે ઉજ્જવળ ભવિષ્યની કલ્પના કરે છે. તેમણે એવી આગાહી કરી હતી કે તેનું મૂલ્ય ટૂંક સમયમાં અત્યારના ૨૮ અબજ ડોલરથી વધીને ૧૦૦ અબજ ડોલરને વટાવી જશે. અંબાણીએ વેવ્ઝ સમિટ ૨૦૨૫માં ભાષણ આપ્યું હતું. તેમણે રોજગાર સર્જન અને આર્થિક વિકાસ માટે આ ક્ષેત્રની સંભાવનાઓ પર પ્રકાશ પાડ્યો. તેમણે સરકારની ડિજિટલ પહેલોની પ્રશંસા કરી. અંબાણી ભારતને વૈશ્વિક મનોરંજનમાં અગ્રણી તરીકે જુએ છે.

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ ભારતના મીડિયા અને મનોરંજન ઉદ્યોગ માટે એક શક્તિશાળી ભવિષ્યનો અંદાજ લગાવ્યો હતો અને કહ્યું હતું કે તે આગામી દાયકામાં ૨૮ અબજ ડોલરના વર્તમાન મૂલ્યાંકનથી ૧૦૦ અબજ ડોલરથી વધુ થઈ શકે છે.

વેવ્ઝ સમિટ ૨૦૨૫માં વૈશ્વિક પ્રેક્ષકોને સંબોધતા અંબાણીએ ભારતના સાંસ્કૃતિક ક્ષેત્રના વ્યૂહાત્મક અને આર્થિક મહત્ત્વ પર ભાર મૂક્યો હતો.

‘આ ફક્ત સાંસ્કૃતિક કે સર્જનાત્મક તક નથી - તે એક વ્યૂહાત્મક અને આર્થિક તક પણ છે,’ એમ અંબાણીએ ઉદ્યોગસાહસિકતાને આગળ ધપાવવા, લાખો નોકરીઓ બનાવવા અને ક્રોસ-સેક્ટરલ વૃદ્ધિ કરવાની ક્ષેત્રની સંભાવના તરફ ધ્યાન દોરતા કહ્યું હતું. ■

# અજિત પવારે સમય કરતા વહેલું ઉદ્ઘાટન કર્યુંઃ સમયસર પહોંચેલા ભાજપનાં સાંસદ ધૂંધવાયાં

પુણેઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે પુણેમાં પરશુરામ અર્થિક વિકાસ મહામંડળની ઇમારતનું ઉદઘાટન નિર્ધારિત સમય પહેલાં કરી નાખતા ભાજપનાં રાજ્યસભાના સભ્ય મેધા કુલકર્ણીએ ગુરુવારે નારાજગી વ્યક્ત કરી હતી.

બ્રાહ્મણ સમુદાય માટે સ્થાપવામાં આવેલા મહામંડળ (નિગમ)નાં સભ્ય કુલકર્ણીએ જણાવ્યું હતું કે પોતે મોડા ન પડ્યા હોવા છતાં સવારનો કાર્યક્રમ ચૂકી ગયા હતા. ભાજપના સાથી પક્ષ એનસીપીના પવારે પછી ઉદઘાટનની તક્તી પાસે કુલકર્ણી સાથે ફોટો પડાવ્યો હતો. મેધા કુલકર્ણીએ સંવાદદાતાઓને જણાવ્યું હતું કે તેઓ ઉદઘાટન માટે નક્કી કરેલા સવારના સાડા છમાં દસ મિનિટની વાર હતી ત્યારે સ્થળ પર પહોંચી ગયા હતા, પરંતુ ત્યાં સુધીમાં ઉદઘાટન વિધિ પાર પડી ગયો હતો. આવું જ કરવું હતું તો આમંત્રણ આપવાનો કોઈ અર્થ નથી એમ જણાવી કુલકર્ણીએ ઉમેર્યું હતું કે ’વિધિ સમય પહેલા જ આટોપી લેવાઈ એટલે હું થોડી અસ્વસ્થ થઈ ગઈ હતી.’ ભાજપનાં નેતાએ દાવો કર્યો હતો કે અગાઉના કેટલાક પ્રસંગોમાં અજિત પવાર ઉદઘાટન કરવાના હતા ત્યારે પણ તેમને આવો જ અનુભવ થયો હતો. (પીટીઆઈ)■

# નિકોબારમાંનું વાતાવરણ ચોમાસું વહેલું લાવશે?

મુંબઈઃ આંદામાન અને નિકોબાર ટાપુની નજીક સમુદ્રની સપાટી પર હાલમાં વાદળોનું સામ્રાજ્ય અને પવનોના વેગમાં ઘણો ફેરફાર જણાઇ રહ્યો છે. આ લક્ષણો જલદીથી ચોમાસું બેસે એવા જણાઇ રહ્યા છે. સામાન્ય રીતે મોસમી વરસાદ મેના બીજા કે ત્રીજા અઠવાડિયામાં આ ભાગમાં દાખલ થાય છે, પરંતુ આ વખતે એક અઠવાડિયું પહેલા દાખલ થવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે, એમ હવામાન સંબંધિત નિષ્ણાતોનો મત છે.

ઉલ્લેખનીય છે કે નિકોબાર ટાપુ પર મોસમી વરસાદ ક્યારે દાખલ થાય છે તેના પર ભારતના નૈર્ઋત્યના મોસમી પવનોની પ્રગતિ, વેગ, સમય અને વરસાદનો અંદાજ લગાવવામાં આવે છે.

નિકોબાર ટાપુ પર મોસમી વરસાદ સામાન્ય રીતે ૧૫મી મેની આસપાસ દાખલ થાય છે. ભારતમાં મોસમી વરસાદ સૌથી પહેલા અહીં જ આવે છે. આ વખતે અહીં ૧૦મી મેના રોજ મોસમી વરસાદ દાખલ થવાનો અંદાજ છે. આ અગાઉ ૧૭ વર્ષ પહેલા ૨૦૦૭ અને ૨૦૦૮માં ૧૦મી મેના રોજ નિકોબારમાં મોસમી વરસાદ પડવાની શરૂઆત થઇ હતી. અહીં ૩૦૦૦-૩૮૦૦ મિલિમીટર વરસાદ પડે છે જે દેશના અન્ય ભાગની સરખામણીમાં વધુ છે. ■

# આવતા અઠવાડિયે મુંબઈ ફરી ભઠ્ઠી બનશે, સાથે ઝાપટાંય પડી શકે છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈગરા હાલ ગરમી અને ઉકળાટનો અનુભવ કરી રહ્યા છે અને શુક્રવાર તથા શનિવારે તાપમાનમાં વધારો થવાની શક્યતા છે ત્યારબાદ થોડી રાહત મળશે. હવામાન ખાતાના કહેવા મુજબ રવિવારથી મુંબઈ સહિત પડોશના શહેરમાં ચોમાસા પહેલાનો હળવો વરસાદ પડી જવાની શક્યતા છે. તેથી ગરમીમાં થોડી રાહત મળી શકે છે. જોકે એ બાદ ફરી તાપમાનમાં વધારો થવાની શક્યતા છે.

હાલ રાજ્યમાં વિચિત્ર વાતાવરણ જોવા મળી રહ્યું છે. વિદર્ભ સહિત મધ્ય મહારાષ્ટ્ર ભઠ્ઠીમાં શેકાઈ રહ્યું છે. તો બીજી તરફ રાજ્યના અમુક જિલ્લામાં હાલ કમોસમી વરસાદ અને કરા પડી રહ્યા છે. વિદર્ભનાના મોટાભાગના જિલ્લામાં તાપમાનનો પારો ૪૦થી ૪૫ ડિગ્રીની આસપાસ નોંધાઈ રહ્યો છે. સમગ્ર રાજ્યમાં સૌથી ઊંચુ તાપમાન વિદર્ભના અકોલામાં ૪૪.૫ ડિગ્રી નોંધાયું હતું. તો મધ્ય મહારાષ્ટ્રના જળગાંવમાં ૪૪.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

એક તરફ બંને રિજનમાં ગરમીનું મોજું ફરી વળ્યું છે ત્યારે વિદર્ભમાં વાતાવરણમાં પલટો થવાની શક્યતા છે. હવામાન વિભાગે યલો અલર્ટ આપીને કમોસમી વરસાદની શક્યતા વ્યક્ત કરી છે.

મુંબઈમાં દિવસ દરમ્યાન વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૧થી ૭૨ ટકાની આસપાસ નોંધાતા ભારે ઉકળાટ જણાયો હતો. દિવસ દરમ્યાન સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૩.૯ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૬.૦ ડિગ્રી તો કોલાબામાં મહત્તમ તાપમાન ૩૪.૧ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૬.૧ ડિગ્રી નોંધાયું હતું. રાજ્યના હિલ સ્ટેશન મહાબળેશ્વરમાં લગભગ મુંબઈ સમાન જ ૩૩.૧ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

આ દરમ્યાન હવામાન વિભાગે કહ્યું હતું કે શુક્રવાર અને શનિવારે મુંબઈમાં તાપમાન હજી ઊંચુ નોંધાવાની શક્યતા છે. રવિવારથી મુંબઈ સહિત થાણે, પાલઘર અને રાયગડમાં સહિતના વિસ્તારમાં પ્રી-મોન્સૂનના ઝાપટાં પડવાની શક્યતા છે. વિદર્ભના અનેક જિલ્લાઓ માટે આગામી દિવસોમાં વાવાઝોડા અને ભારે પવન ફૂંકાવાની સાથે વરસાદ પડવાની શક્યતા છે અને યલો અલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું છે. ■

# ભાજપનાં વિધાનસભ્ય પંકજા મુંડેને કૉલ કરીને અશ્લીલ વાતો, મેસેજ કરનારો પુણેથી પકડાયો

મુંબઈઃ ભાજપનાં વિધાનસભ્ય તેમ જ પર્યાવરણ પ્રધાન પંકજા મુંડેને સતત કૉલ કરીને અશ્લીલ વાતો તથા મેસેજ કરી ત્રાસ આપવા બદલ નોડલ સાયબર પોલીસે પુણેથી પચીસ વર્ષના યુવકની ધરપકડ કરી હતી. યુવકની ઓળખ અમોલ છગનરાવ કાળે તરીકે થઇ હોઇ તે બીડ જિલ્લાના પરળી તાલુકાનો રહેવાસી છે. પોલીસે કાળેનો મોબાઇલ જપ્ત કર્યો હતો.

ભાજપ પ્રદેશ કાર્યાલયના સોશ્યલ મીડિયા કો-ઓર્ડિનેટરે આ પ્રકરણે નોડલ સાયબર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદીને જાણવા મળ્યું હતું કે વિધાનસભ્ય પંકજા મુંડેને તેમના મોબાઇલ પર એક વ્યક્તિ સતત કૉલ કરીને ત્રાસ આપી રહી છે અને તે અશ્લીલ તથા સંદર્ભ વિનાની નકામી વાતો કરે છે.

દરમિયાન આ અંગે વરિષ્ઠોને જાણ કરાયા બાદ પોલીસમાં ફરિયાદ નોંધાવાઇ હતી, જેને પગલે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પંકજા મુંડેને જે નંબર પરથી કૉલ કરાયા હતા તેના સીડીઆર-એસડીઆર પોલીસે મેળવ્યા હતા. તપાસ દરમિયાન મોબાઇલધારકનું લોકેશન પુણે સ્થિત ભોસરી ખાતે હોવાનું જાણવા મળતાં પોલીસ ટીમ ત્યાં રવાના કરાઇ હતી અને સ્થાનિક પોલીસની મદદથી યુવકને શોધી કાઢવામાં આવ્યો હતો. પૂછપરછમાં યુવકે ગુનામાં સહભાગની કબૂલી આપતાં તેની ધરપકડ કરાઇ હતી.■

# સાંતાક્રુઝ-ચેમ્બુર લિંક રોડ ચોમાસા પહેલા શરૂ થઈ જશે?

મુંબઈઃ મુંબઈ મેટ્રોપોલિટન રિજનલ ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) દ્વારા હાથ ધરવામાં આવેલો સાંતાક્રુઝ ચેમ્બુર લિંક રોડ (એસસીએલઆર) એક્સટેન્શન પ્રોજેક્ટ ૯૫ ટકા પૂર્ણ થઈ ગયો છે એવો દાવો કરવામાં આવ્યો છે. અગાઉ આ પ્રોજેક્ટ ૨૦૨૪ના મે મહિનામાં પૂર્ણ થવાની ગણતરી હતી. જોકે, ૨૦૧૯થી અનિશ્ચિતતાનો સામનો કરી રહેલો આ પ્રોજેક્ટ ૨૦૨૫માં ચોમાસુ શરૂ થવા પૂર્વે લોકો માટે ખુલ્લો મૂકવામાં આવશે એવી આશા સેવાઈ રહી છે.

૨૦૧૪થી કાર્યરત એસસીએલઆર મુંબઈના પૂર્વીય અને પશ્ચિમી ઉપનગરો જોડવામાં મહત્ત્વનું કામ કરે છે.

કલિનાના સીએસટી રોડ પર કાપડિયા નગરને ઇસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે સાથે જોડાયેલા ચેમ્બુરના અમર મહેલ જંકશન સાથે જોડે છે. નવી મુંબઈ અને બીકેસી આવતા-જતા મુસાફરો દ્વારા તેનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે, પરંતુ સાંતાક્રુઝમાં એસસીએલઆરના છેડેથી વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે સુધીનું અંતર ખાસ કરીને વાકોલા જંક્શન પર ટ્રાફિકની ગીચતા વધારે છે.

ભીડની આ સમસ્યાઓના સમાધાન માટે એમએમઆરડીએએ ૨૦૧૬માં ફ્લાયઓવરના વિસ્તરણ પર કામ શરૂ કર્યું હતું. આ કામ ૨૦૧૯માં પૂર્ણ થવાનું હતું. જોકે, વિવિધ અડચણ ઊભી થઈ હતી જેમાં કેબલ-સ્ટેડ બ્રિજ સાથે સંકળાયેલી ડિઝાઇનમાં ફેરફાર, જમીન સંપાદનની અડચણો અને કોવિડ -૧૯ રોગચાળાને કારણે થયેલી સમસ્યાનો સમાવેશ થાય છે. ૨૦૨૪માં ચૂંટણી પ્રક્રિયાને લીધે કામ ફરી અટકી ગયું હતું અને મુંબઈ ટ્રાફિક પોલીસની જરૂરી મંજૂરીઓમાં વિલંબ થયો હતો. આ મંજૂરી ગયા વર્ષે ડિસેમ્બરમાં આપવામાં આવી હતી. પરિણામે આ પ્રોજેક્ટનું બજેટ ₹૪૫૦ કરોડથી વધીને ₹૬૫૦ કરોડ થયું હતું. ■

# દારૂની દુકાનનો કાચ તોડનારા રીઢા આરોપીની હત્યા

નાગપુરઃ ગેરકાયદે દારૂની દુકાનનો કાચ તોડનારા રીઢા આરોપીની હત્યા કરવા બદલ નવ જણની ધરપકડ કરવામાં આવી હતી.

મૃતકની ઓળખ સૂરજ ભલાવી તરીકે થઇ હોઇ તેની વિરુદ્ધ અનેક ગુના દાખલ છે. બુધવારે સવારે માયો હોસ્પિટલમાં તેનું મૃત્યુ થયું હતું.

સૂરજ મંગળવારે રાતે ખાંડગાવ રોડ પર આવેલી દારૂની દુકાનમાં ગયો હતો, જ્યાં તેણે દુકાનનો કાચ તોડી નાખતાં ત્યાંના સ્ટાફ સાથે તેનો ઝઘડો થયો હતો. આથી તેમણે લાઠીથી સૂરજ પર હુમલો કર્યો હતો અને તેને બાદમાં નજીકના ઝાડીઝાંખરામાં ફેંકી દીધો હતો. ઘાયલ સૂરજને તેનો ભાઇ રાતે સારવાર માટે હોસ્પિટલમાં લઇ ગયો હતો, જ્યાં બુધવારે સવારે તેનું મૃત્યુ થયું હતું. (પીટીઆઇ)

# સર્વ સમાવિષ્ટ, પ્રગતિશીલ અને વિકસિત મહારાષ્ટ્રના નિર્માણ સરકાર માટે પ્રતિબદ્ધઃ રાજ્યપાલ

મુંબઈઃ મહારાષ્ટ્રના રાજ્યપાલ સી. પી. રાધાકૃષ્ણને ગુરુવારે જણાવ્યું હતું કે સરકાર સમાજના તમામ વર્ગોની ભાગીદારી સુનિશ્ચિત કરીને સર્વ સમાવિષ્ટ, પ્રગતિશીલ અને વિકસિત મહારાષ્ટ્રના નિર્માણ માટે પ્રતિબદ્ધ છે.

૧૯૬૦માં આ દિવસે રાજ્યની સ્થાપનાની ઉજવણીના ૬૫મા મહારાષ્ટ્ર દિવસ પર રાષ્ટ્રધ્વજ ફરકાવ્યા બાદ તેઓ બોલી રહ્યા હતા.

રાજ્યપાલે આ પ્રસંગે ઔપચારિક ગાર્ડ ઓફ ઓનરનું પણ નિરીક્ષણ કર્યું હતું.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકર પણ હાજર હતા.

‘અમારી સરકાર સમાજના તમામ વર્ગોની ભાગીદારી સુનિશ્ચિત કરીને સર્વ સમાવિષ્ટ, પ્રગતિશીલ અને વિકસિત મહારાષ્ટ્રના નિર્માણ માટે પ્રતિબદ્ધ છે,’ એમ રાજ્યપાલે કહ્યું હતું.



**આવકાર...:** પહેલી મેના મહારાષ્ટ્ર દિન નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રાજ્યના રાજ્યપાલ સી. પી. રાધાકૃષ્ણનને આવકાર્યા હતા. (પીટીઆઇ)

‘હું દરેકને આધુનિક, મજબૂત અને ભવિષ્યલક્ષી મહારાષ્ટ્ર બનાવવા માટે સાથે આવવા વિનંતી કરું છું,’ એમ તેમણે ઉમેર્યું હતું.

રાધાકૃષ્ણને નોંધ્યું કે સરકારે મુંબઈમાં મહારાષ્ટ્ર રાજ્ય સંસ્કૃતિ ભવન અને એક સંગ્રહાલય બનાવવાનો નિર્ણય લીધો છે. રાજ્ય સરકાર મહારાષ્ટ્રના દરિયાઈ કિલ્લાઓને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ દરજ્જો મળે તે માટે નક્કર પ્રયાસો કરી રહી છે, એમ તેમણે જણાવ્યું હતું.

અમારી સરકારે હરિયાણાના પાણીપતમાં ‘મરાઠા શૌર્ય સ્મારક’ (યુદ્ધ સ્મારક) બનાવવાનો નિર્ણય લીધો છે. આગ્રામાં છત્રપતિ શિવાજી મહારાજનું સ્મારક બનાવવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે જ્યાં શિવાજી મહારાજ નજરકેદ હતા,’ એમ રાધાકૃષ્ણને કહ્યું. ■

# ભિવંડીમાં પાણીની ટાંકીમાં ડૂબવાથી સાત વર્ષની બાળકીનું મૃત્યુ

થાણેઃ થાણે જિલ્લાના ભિવંડીમાં પાણીની ટાંકીમાં પડેલી સાત વર્ષની બાળકીનું ડૂબવાથી મૃત્યુ થયું હોવાનું પોલીસે જણાવ્યું હતું. મંગળવારે રાતે બનેલી આ ઘટનામાં મૃત્યુ પામેલી બાળકીની ઓળખ લક્ષ્મી શ્રીગિરિ તરીકે થઇ હતી, જે તેના પરિવાર સાથે એ વિસ્તારમાં હલદીના કાર્યક્રમમાં આવી હતી.

તે અન્ય બાળકો સાથે રમી રહી હતી ત્યારે અચાનક લપસીને બાજુની ઇમારતની પાણીની ટાંકીમાં પડી ગઇ હતી, એમ ભિવંડી પોલીસ સ્ટેશનના અધિકારીએ કહ્યું હતું.

બાળકી પાણીની ટાંકીમાં પડતાં અન્ય બાળકોએ બૂમાબૂમ કરી મૂકી હતી, જેને પગલે કાર્યક્રમમાં હાજર લોકો દોડી આવ્યા હતા અને બાળકીને બહાર કાઢીને હોસ્પિટલમાં લઇ ગયા હતા, જ્યાં તેને તપાસીને મૃત જાહેર કરવામાં આવી હતી.(પીટીઆઇ) ■

# ઉલ્હાસનગરમાં ઘરેલું વિવાદને લઇ જમાઇએ કરી સસરાની હત્યા

થાણેઃ થાણે જિલ્લાના ઉલ્હાસનગરમાં ઘરેલું વિવાદને લઇ જમાઇએ બાવન વર્ષના સસરાની હત્યા કરી હોવાની ઘટના બુધવારે બની હતી. હત્યા બાદ ફરાર થયેલા જમાઇ વિરુદ્ધ પોલીસે ગુનો દાખલ કરીને તેની શોધ આદરી હતી.આરોપી જમાઇની ઓળખ બોલાસિંહ જગદીશસિંહ ભવર (૩૫) તરીકે થઇ હતી, જે જળગાંવનો રહેવાસી છે. બોલાસિંહે બુધવારે તેના સસરા સુશિલસિંહ ગૌંડ સરદારની હત્યા કરી હતી.

બોલાસિંહ અને તેની પત્ની વચ્ચે વારંવાર ઝઘડા થતા હોવાથી તે સંતાનોને લઇ પિયર આવી ગઇ હતી. દરમિયાન બોલાસિંહ બુધવારે પત્ની અને સંતાનોને પાછા જળગાંવ લઇ જવા સાસરિયાંમાં આવ્યો હતો.

જોકે સુશિલસિંહે તેની પુત્રી અને દોહિત્રોને આરોપી સાથે મોકલ્યાં નહોતાં, જેને પગલે બંને વચ્ચે વિવાદ થયો હતો. આથી રોષે ભરાયેલા આરોપીએ બાંબુથી સુશિલસિંહ પર હુમલો કર્યો હતો. એ સમયે વચ્ચે પડેલી પત્નીની પણ આરોપીએ મારપીટ કરી હતી. આરોપીએ કરેલા હુમલામાં ગંભીર ઇજાને કારણે સુશિલસિંહનું મોત થયું હતું.હત્યા બાદ આરોપી ત્યાંથી ફરાર થઇ ગયો હતો. પોલીસે આરોપી વિરુદ્ધ હત્યાનો ગુનો દાખલ કરી તેને પકડવા ટીમ તૈયાર કરી હતી. (પીટીઆઇ)

# આતંકવાદી હુમલામાં માર્યા ગયેલાઓનું ડોમ્બિવલીમાં સ્મારક બનાવવાની માગણી

થાણેઃ ગયા અઠવાડિયે પહલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા જિલ્લાના ડોમ્બિવલીના ત્રણ રહેવાસીઓ માટે કલ્યાણ-ડોમ્બિવલી મ્યુનિસિપલ કોર્પોરેશન (કેડીએમસી) એક સ્મારક બનાવે એવી માગણી ભાજપના સ્થાનિક વિધાનસભ્ય રવિન્દ્ર ચવાણે માગણી કરી છે. હુમલામાં માર્યા ગયેલા ત્રણેયના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા એ ભાગશાળા મેદાનમાં સ્મારક બાંધવું જોઈએ એમ તેમણે બુધવારે એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું.

બાવીસ એપ્રિલે દક્ષિણ કાશ્મીરમાં થયેલા હુમલામાં મૃત્યુ પામેલી ૨૬ વ્યક્તિમાં ડોમ્બિવલીના અતુલ મોને, સંજય લેલે અને હેમંત જોશીનો પણ સમાવેશ થાય છે. ચવ્હાણે જણાવ્યું હતું કે ’નિર્દોષ નાગરિકો આતંકવાદનો ભોગ બન્યા હતા. ભાગશાળા મેદાનમાં સ્મારકનું નિર્માણ તેમને યોગ્ય શ્રદ્ધાંજલિ હશે અને તેમની સ્મૃતિ કાયમ માટે સચવાયેલી રહેશે. કેડીએમસીના કમિશનર અભિનવ ગોયલને આ અંગે પગલાં લેવા વિનંતી કરી છે.’ (પીટીઆઈ) ■

# યુદ્ધના ભણકારા વચ્ચે કચ્છના પિંગ્લેશ્વરના દરિયા કાંઠેથી વિસ્ફોટક સેલ મળી આવતા દોડધામ

ભુજ: જમ્મુ-કાશ્મીરના પહલગામ ખાતેની બેસરન ઘાટીમાં ફરવા આવેલા પર્યટકો પર પાકિસ્તાન પ્રેરિત આતંકીઓ દ્વારા થયેલા આતંકી હુમલા બાદ ભારત-પાકિસ્તાન વચ્ચે ઊભી થયેલી યુદ્ધની શક્યતાઓ વચ્ચે ભારતની રણ, દરિયાઈ અને હવાઈ સરહદે સુરક્ષા જાપતો વધારી દેવામાં આવ્યો છે.

પાકિસ્તાનને અડકીને આવેલા સીમાવર્તી કચ્છના સુરક્ષાની દૃષ્ટિએ અત્યંત સંવેદનશીલ સમુદ્ર કાંઠે હાલ વિવિધ સુરક્ષા એજન્સીઓ દ્વારા રાઉન્ડ ધી ક્લોક સઘન પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે તેવામાં જખૌનાં પિંગ્લેશ્વર દરિયા કિનારેથી એક વિસ્ફોટક સેલ મળી આવતાં સુરક્ષા એજન્સીઓમાં દોડધામ થઇ પડી હતી, જોકે બાદમાં ભારતીય નેવીનો જ આ ફૂટેલો સેલ હોવાનું સામે આવ્યા બાદ સૌએ રાહતનો દમ લીધો હતો.

આ અંગે જખૌ મરિન પોલીસના જણાવ્યા પ્રમાણે, ગત બુધવારે મોડી સાંજે ભારત-પાક વચ્ચેની આંતરરાષ્ટ્રીય જળસીમા પાસેના આ વિસ્તારના સમુદ્ર કિનારે ભુજનું સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ, સ્ટેટ ઇન્ટેલિજન્સ બ્યૂરો અને નેવીની ટુકડીઓ દ્વારા પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું હતું ત્યારે અહીંથી આ સેલ મળી આવ્યો હતો. પ્રાથમિક તબક્કે આ સેલ ફૂટેલો હોવાનું અને ભારતની નેવીનો હોવાનું સામે આવ્યું હતું.

દરિયામાં અન્ય જહાજને ઈશારો આપવા કે અન્ય ગતિવિધિ માટે આ પ્રકારના સેલ હવામાં ફેંકવામાં આવતો હોવાનું અને ત્યારબાદ દરિયામાં પડીને ધમાકો કરાતો હોવાનું મરીન પોલીસે ઉમેર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત-પાકિસ્તાન વચ્ચેની આંતરરાષ્ટ્રીય જળસીમા પાસેના કચ્છના સમુદ્રકાંઠેથી અગાઉ બે વાર પાકિસ્તાની નેવીના જીવતા બિનવારસુ વિસ્ફોટક સેલ મળી આવ્યા હતા. ■

# વરસાદી આફતોને પહોંચી વળવા માટે રાજકોટ કલેક્ટર કચેરીએ શરૂ કરી તૈયારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ: મે મહિનાની શરૂઆત થઈ ગઈ છે ત્યારે રાજકોટ જિલ્લામાં વરસાદી ઋતુમાં ઉદ્‌ભવતી સમસ્યાઓને ધ્યાનમાં રાખી પ્રિ-મોન્સૂન પ્રિપેરેશન માટે એક બેઠક બોલાવવામાં આવી છે. આવતા અઠવાડિયે રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરીએ ૧૫ જેટલા અલગ અલગ ડિપાર્ટમેન્ટના વડાઓની એક અગત્યની બેઠક બોલાવવામાં આવી હોવાનું અધિકારી સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. કલેકટરે સિંચાઇ, પાણી પુરવઠા, જીઇબી, શિક્ષણ, શહેર અને જિલ્લા પોલીસ તંત્ર, એસટી, તમામ મામલતદાર, તમામ પ્રાંત અને ડે. કલેકટરો, નગરપાલિકા નિયામક, ચીફ-ઓફિસરો, રાજકોટ મ્યુ. કોર્પોરેશન, રૂડા, ડિઝાસ્ટકર સહિતના કુલ ૧૬ જેટલા ખાતાઓની મીટિંગ બોલાવી છે. આ મીટિંગમાં શહેર અને ગ્રામ્ય-તાલુકાઓના રસ્તા , ડેકડેમો, નાના પૂલો, નાળાઓ, જીઇબીના ટ્રાન્સબફોર્મર, અને ખખડધજ લાઇનો, લટકતા વીજતારો, ટેલિફોન સેવા, ખખડધજ જૂના મકાનો, તારને અડતા વૃક્ષો અને ડાળીઓ, તમામ ડેમો, હાલની ડેમોની સ્થિતિ, ડેમો પરના વાયરલેસ સેટ, સ્ટાફ, ફોન નંબરો સહિતની તમામ બાબતે સમીક્ષા થશે.

આ ઉપરાંત ૧લી જૂનથી જિલ્લા કલેક્ટર કચેરી, તમામ મામલતદાર કચેરી, ડેમ-સિંચાઇ કચેરી, તમામ ગ્રામ પંચાયતોની કચેરી, વીજ તંત્ર-એસટી તથા અન્યી સંવેદનશીલ સ્થળો ઉપર ખાસ વરસાદી કન્ટ્રોમલ રૂમ શરૂ થશે તેમ પણ જાણવા મળ્યું છે. ■

# ભુજથી મુંબઈ માટેની દૈનિક ત્રીજી ફ્લાઈટ આગામી ૧૦મી મેથી શરૂ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ભુજથી દરરોજ સવારે ૮.૫૫ કલાકે એર ઇન્ડિયા અને ૮.૪૫ કલાકે એલાયન્સ એરની ફ્લાઈટ મુંબઈ માટે ઉડાન ભરે છે. દૈનિક ૨૫૦ ઉતારૂઓની ક્ષમતા સાથેની આ બંને ફ્લાઈટ હાઉસફુલ હોય છે, ત્યારે લાંબા સમયથી બપોર પછી મુંબઈ માટે એક ફ્લાઇટ શરૂ કરવામાં આવે તેવી લોક માંગણીને ધ્યાનમાં રાખીને ૧૦ મેથી ભુજ-મુંબઈ વચ્ચે ત્રીજી દૈનિક ફ્લાઇટ શરૂ થવા જઈ રહી છે.

આ ફ્લાઇટ મુંબઇથી બપોરે ૧૨.૧૦ કલાકે ઉડાન ભરીને, ભુજ ૧૩.૩૫ કલાકે પહોંચશે અને ભુજથી બપોરે ૨.૦૫ કલાકે ઉપડી બપોરે ૩.૪૦ કલાકે મુંબઇ પહોંચશે.

ઓનલાઈન બુકિંગ ચાલુ થઈ ગયું છે અને તેનું ભાડું સાડા પાંચ હજાર આસપાસ રહેશે તેમ જાણવા મળી રહ્યું છે. ■

# નોનવેજ ફૂડના હોર્ડિંગ્સ હટાવવાનો આરએમસીનો આદેશ






(તસવીરઃ પ્રવિણ સેદાણી)

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ: એડવર્ટાઈઝમેન્ટ દ્વારા દરેક મહાનગરપાલિકા લાખોની કમાણી કરે છે. બસસ્ટોપ, જાહેર રસ્તાઓ પર વિવિધ જગ્યાએ હોર્ડિંગ્સ લગાવવામાં આવે છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકાએ નોનવેજ ફૂડની જાહેરાતોના હોર્ડિંગ્સ હટાવવાનો આદેશ આપ્યો છે.

મળતી માહિતી અનુસાર બસસ્ટોપ પર લાગેલા આવી જાહેરખબરો વિરુદ્ધ અમુક નાગરિકોએ ફરિયાદ કરતા પાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકરે એસ્ટેટ વિભાગને આ હટાવી લેવા જણાવ્યું હતું અને જિલ્લા પંચાયત ચોકમાંથી હોર્ડિંગ્સ ઉતારવાની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રમાણે શહેરમાં કાર્યવાહી કરવામાં આવશે તેમ ચેરમેન જણાવ્યું હતું.

શહેરના વિવિધ વિસ્તારોમાં જે સાઈટ્સ હોય ત્યાં જાહેરાતો માટે પાલિકા પાસેથી પરવાનગી લેવામાં આવતી હોય છે. આ પરવાનગી બાદ તેઓ જે તે પ્રોડક્ટની જાહેરાતો મૂકતા હોય છે. શહેરમાં અમુક બસસ્ટોપ પર નોનવેજ ફૂડની જાહેરાત મૂકવામાં આવતા અમુક નાગરિકોએ વિરોધ નોંધાવ્યો હોવાથી પાલિકાએ આ નિર્ણય લીધો હતો. આ જાહેરાત મૂકનાર એજન્સીને પણ નોટિસ પાઠવવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

આ સાથે જ શહેરભરમાં અલગ-અલગ એજન્સીઓ દ્વારા લગાવવામાં આવેલા હોર્ડિંગ્સ પૈકી નોનવેજની જાહેરાતો હોય તેવા તમામ હોર્ડિંગ્સ દૂર કરવાની સૂચના ચેરમેન દ્વારા આપવામાં આવી છે, જે અંતર્ગત એસ્ટેટ વિભાગે કાર્યવાહી પણ શરૂ કરી દીધી હતી. ■

# વેકેશન સમયે જ જૂનાગઢનો ગિરનાર રોપ-વે સતત બીજા દિવસે બંધ

જૂનાગઢ: શાળાઓમાં રજા હોવાથી લોકો ફરવા માટે નીકળે છે. જૂનાગઢ અને આસપાસના વિસ્તારોમાં પણ પર્યટકોનો ધસારો જોવા મળે છે. જૂનાગઢમાં છેલ્લા અમુક વર્ષોથી પ્રવાસીઓ માટે ગિરનાર રોપ-વે પણ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે અને અહીં પ્રવાસીઓની લાંબી લાઈન લાગે છે.

જોકે છેલ્લા બે દિવસથી શહેરમાં આવતા પ્રવાસીઓ માટે રોપ-વેનો અનુભવ શક્ય બન્યો નથી. ગિરનાર પર ૭૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપથી ફૂંકાતા પવનને કારણે રોપ-વે બંધ કરવામાં આવ્યો હોવાનું સંચાલકોએ જણાવ્યું છે. ગુરુવારે સતત બીજા દિવસે રોપ-વે બંધ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ નિર્ણય પ્રવાસીઓની સુરક્ષાને ધ્યાનમાં લઈ લેવાયો હોવાનું સંચાલકોએ જણાવ્યું હતું. ■

# ગુજરાતમાં વાતાવરણમાં પલટાની શક્યતા: ગરમીથી રાહત પણ ખેડૂતોને ચિંતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ: સમગ્ર ગુજરાત ૪૦થી ૪૫ ડિગ્રી તાપમાનમાં તપે છે અને અંગ દઝાડતી ગરમીને લીધે જનજીવન પર ભારે અસર થઈ છે. ગરમીથી ત્રસ્ત લોકો માટે સારા સમાચાર છે કે આગામી દિવસોમાં ગરમીથી થોડી રાહત મળી શકે તેમ છે. હવામાન વિભાગની આગાહી અનુસાર ત્રીજી મેથી ૭મી મે સુધીમાં વાતાવરણમાં પલટો આવવાની શક્યતા છે અને રાજ્યના અમુક ભાગમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સાથે ભારે પવનો ફૂંકાવાની આગાહી પણ હવામાન વિભાગે કરી હતી. ખાસ કરીને સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં વાતાવરણમાં પલટો જોવા મળશે અને કમોસમી વરસાદ થશે.

સૌરાષ્ટ્ર-કચ્છમાં મહત્તમ તાપમાન ૪૨થી ૪૪ ડિગ્રી રહે છે, જેમાં આગામી દિવસોમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો નોંધાશે, તેવી આગાહી કરવામાં આવી છે.

ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર કચ્છમાં વીજળીના કડાકા સાથે વરસાદથી આગાહીથી ખાસ કરીને બાગાયતી પાકના ખેડૂતો ચિંતામાં છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં હજુ આંબામાં કેરીનું ફળ નાનું હોવાથી પંદરેક દિવસ બાદ ઊતરી શકે તેમ છે. જો વરસાદ આવશે તો પાકને નુકસાન થશે, તેમ ખેડૂતો જણાવી રહ્યા છે. ■

# અંજારના સિનોગ્રા પાસે ડમ્પર અડફેટે કાકાનું મોત, ભત્રીજાની હાલત ગંભીર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સરહદી કચ્છના ધોરીમાર્ગો રક્તરંજિત બનવાનો વણથંભ્યો સિલસિલો યથાવત રહેતો હોય તેમ અંજાર તાલુકાના સિનોગ્રા પાસે ધોરીમાર્ગ પર પૂરપાટ જઇ રહેલા ડમ્પર અને મોટરસાઇકલ વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં ગંભીર ઈજાઓ પહોંચતા એક વ્યક્તિનું તત્કાળ મોત નિપજ્યું હતું જ્યારે બીજાને સારવાર હેઠળ ખસેડવામાં આવ્યો છે.

અંજારના ચાન્દ્રોડામાં રહેતા વાલજી નારાણ લાવડીયા (આહીર)એ પોલીસને જણાવ્યું હતું કે, તેમનો પુત્ર દિપ અને નાનો ભાઈ હરિભાઇ મોટરસાઇકલ લઇને સિનુગ્રા પાસેથી પસાર થતા હતા ત્યારે પૂરપાટ જતા ડમ્પર ચાલકે તેમના વાહનને અડફેટે લેતાં હરિભાઇને માથાના ભાગે ઇજા પહોંચતા તેમનું મોત થયું હતું જ્યારે દિપને ગંભીર ઈજાઓ પહોંચતાં તેને સારવાર હેઠળ રાખવામાં આવ્યો છે. જીવલેણ અકસ્માત સર્જનાર ડમ્પર ચાલક વિરુદ્ધ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ■

# ગાંધીધામમાં કિશોરી પર દુષ્કર્મના કેસમાં દોષિતને ૧૦ વર્ષની સખત કેદનો ચુકાદો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: આજથી બે વર્ષ પૂર્વે ગાંધીધામ શહેરના શહેરના કાર્ગો વિસ્તારમાંથી એક કિશોરીનું અપહરણ કરી વારંવાર દુષ્કર્મ ગુજારવાના ચકચારી કેસમાં આરોપીને તકસીરવાન ઠેરવી તેને ૧૦ વર્ષની સખત કેદનો ધાક બેસાડતો ચુકાદો આપવામાં આવ્યો હતો.

કાર્ગો વિસ્તારમાં રહેતા મૂળ ઉત્તર પ્રદેશના ધર્મેન્દ્ર રાજદેવ રાજભર નામના શખ્સે ૧૫ વર્ષીય કિશોરીનું અપહરણ કર્યું હતું અને બાદમાં કિશોરી ઉપર વારંવાર દુષ્કર્મ આચર્યું હતું, જે અંગે ગાંધીધામના બી-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાતાં પોલીસે તપાસ હાથ ધરીને આ શખ્સને પકડી પાડ્યો હતો.

આ આરોપી સામે પૂરતા પુરાવા હોવાથી તેની વિરુદ્ધ અહીંની અધિક સેશન્સ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. આ કેસ અહીંની વિશે પોકસો જજની કોર્ટમાં ચાલી ગયો હતો. આ કેસમાં સરકાર તરફે રજૂ કરાયેલા સાહેદો અને દસ્તાવેજી આધારો, પુરાવાઓને ગ્રાહ્ય રાખીને ન્યાયધીશ એ. એ. મેમણે આ આરોપી ધર્મેન્દ્ર રાજભરને તકસીરવાન ઠેરવ્યો હતો. તેને જુદી-જુદી કલમો તળે ૧૦ વર્ષની સખત કેદની સજા અને કુલ રૂ.૨૦,૦૦૦નો દંડ ફટકારી ધાક બેસાડતો ચુકાદો આપવામાં આવ્યો હતો. ભોગ બનનારને દંડની રકમમાંથી રૂ. ૧૦,૦૦૦ તથા સરકાર તરફથી મળવાપાત્ર રકમમાંથી રૂ. ૧ લાખનું વળતર ચૂકવી આપવા ભલામણ કરતો આદેશ કર્યો હતો. ■

# પાંચ હજારની લાંચ લેવાના કેસમાં ભુજના ફૂડ તંત્રના સિનિયર ક્લાર્કને ત્રણ વર્ષ કેદની સજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ : લાઇસન્સ આપવાની અવેજમાં અરજદાર પાસેથી રૂપિયા પાંચ હજારની લાંચ સ્વીકારવાના કેસમાં ભુજ ખોરાક અને ઔષધ નિયમન વિભાગના સિનિયર ક્લાર્કને ત્રણ વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી છે.

છૂટક કેટરર્સનો ધંધો ધરાવતા ફરિયાદીએ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગમાં નવા વ્યવસાય માટે લાઇસન્સ મેળવવા માટે મિત્ર મારફતે કરેલી અરજી સબમિટ થતા ગત પાંચમી નવેમ્બર, ૨૦૧૯ના રોજ ભુજના બહુમાળી ભવનમાં હાજર વિજય દયારામ ભીલ નામના ક્લાર્ક દ્વારા હાથના ઈશારા વડે ૫,૦૦૦ રૂપિયાનો વ્યવહાર કરવો પડશે તેમ તૈયાર લાયસન્સને પાછું ટેબલમાં રાખીને કહ્યું હતું. લાંચની માંગણી કરાઈ હોવાથી ફરિયાદીએ ભુજ એસીબીમાં ફરિયાદ આપતા એસીબી દ્વારા બહુમાળી ભવનમાં રૂમ નંબર ૩૦૬ ખાતે છટકું ગોઠવાયું ત્યારે રૂપિયા સ્વીકારતા સિનિયર ક્લાર્ક પકડાઈ ગયો હતો.

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર ભુજના સિનિયર ક્લાર્ક વર્ગ ૩ તરીકે ફરજ બજાવતા વિજય ભીલની લાંચના ગુનામાં ધરપકડ કરાઈ અને એસીબી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયો હતો. ભુજની સ્પેશિયલ એસીબી કોર્ટમાં અને પ્રોસિક્યુશન તરફે ૨૮ દસ્તાવેજી પુરાવા અને ૬ સાક્ષી તપાસવામાં આવ્યા હતા.

નામદાર અદાલત દ્વારા આરોપીને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ની કલમ ૭ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવીને ત્રણ વર્ષની સખત કેદની સજા તથા રૂપિયા ૫,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે. જો દંડ ના ભરે તો વધુ છ મહિનાની સાદી કેદની સજાનો હુકમ કરાયો હોવાનું જાણવા મળ્યું છે. ■

# ગાંધીનગરની સ્ટેટ મોનિટરીંગ સેલે ભુજના નારાણપર ગામમાંથી ત્રણ લાખના શરાબ સાથે એક શખ્સને ઝડપી પાડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સરહદી જિલ્લા કચ્છમાં નશાખોરીનું દૂષણ સતત વધી રહ્યું છે તેવામાં સ્થાનિક પોલીસને ઊંઘતી રાખીને રાજ્ય સ્તરની પોલીસે ભુજ તાલુકાના નારાણપર-પસાયતીમાં દરોડા પાડીને ત્રણ લાખના શરાબના જથ્થા સાથે એક શખ્સને દબોચી લીધો હતો.

સ્ટેટ મોનિટરિંગ સેલ (એસ.એમ.એસ)એ પૂર્વ બાતમીના પગલે નારાણપર-પસાયતીમાં રહેતા પ્રકાશ દેવજી ફુફલના રહેણાક મકાન ઉપર દરોડો પાડી બિયરના ટીન તથા અલગ અલગ બ્રાન્ડની શરાબની નાની-મોટી ૩,૭૫૫૧ની કિંમતની કુલ ૧૦૯૧ બોટલ તથા હ્યુન્ડાઇ વેન્યુ કાર કિં. રૂ. ૭,૦૦,૦૦૦ અને એક ૫૦૦૦નો મોબાઈલ એમ કુલ્લે રૂ. ૧૦,૧૨,૫૫૧ના મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો. આ શરાબનો જથ્થો તેને સહઆરોપી કરણસિંહ જાડેજા (રહે. બેરાજા) પાસેથી ખરીદ્યો હોવાનું પ્રાથમિક પૂછપરછમાં જણાવ્યું હતું.

પટેલ ચોવીસીના આ સમૃદ્ધ ગામમાં શરાબનો આ ગણનાપાત્ર દરોડો પડતાં ચકચાર જાગી છે. ■

# એપ્રિલની ગરમીમાં રાજકોટમાં સાત યુવાનોના હૃદય ધબકતાં બંધ થયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ: ગુજરાતના અમદાવાદ, વડોદરા અને જૂનાગઢ શહેર ઉનાળામાં પડતી ગરમી માટે જાણીતા છે. આ સાથે રણ પ્રદેશ કચ્છનું ભુજ મોટેભાગે સૌથી વધારે ગરમ શહેર રહેતું હોય છે, પરંતુ આ ચાલુ વર્ષે રંગીલું કહેવાતું સૌરાષ્ટ્રનું મુખ્ય શહેર રાજકોટ ગરમીમાં શેકાયું છે. રાજકોટમાં ૧૩૩ વર્ષનો રેકોર્ડ તોડતી ગરમી પડી છે. અમદાવાદ અને વડોદરામાં તપમાન ૪૨-૪૩ ડિગ્રી રહ્યું છે જ્યારે રાજકોટમાં તાપમાનનો પારો ૪૬ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. આ ગરમીની અસર સ્વાભાવિક રીતે રાજકોટવાસીઓના સ્વાસ્થ્ય પર પડી છે અને એપ્રિલ મહિનામાં જ શહેરમાં સાત યુવાન ઉંમરના લોકોનો હૃદયરોગના હુમલામાં જીવ ગયો છે.

એપ્રિલના ૩૦ દિવસમાંથી ૨૭ દિવસ ૪૨ ડિગ્રીથી વધુ તાપમાન નોંધાયું હતું. હોસ્પિટલો પાસેથી મળતી માહિતી અનુસાર ગરમીને લીધે હૃદયરોગના હુમલાના કેસ વધારે નોંધાઈ રહ્યા છે. એક એપ્રિલ મહિનામાં જ ૧૯થી ૪૦ વર્ષના સાત યુવાન હૃદયરોગથી મૃત્યુ પામ્યા છે. ગયા વર્ષ કરતા આ વર્ષે લગભગ હૃદય સંબંધી બીમારીના કેસમાં ૧૦ ટકાનો વધારો થયો હોવાનું ડોક્ટર કહે છે.

વર્ષ ૨૦૨૩-૨૪માં ૫૧૧૬ કેસ હતા જે વધીને ૨૦૨૪-૨૫માં ૬૪૫૫ કેસ નોંધાયા છે. આ આંકડા ૩૧ માર્ચ સુધીના છે. ચાલુ મહિનામાં એપ્રિલ ૨૦૨૫ દરમિયાન યુવાનોમાં હૃદયસંબંધી બીમારીના પ્રમાણમાં વધારો થયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે શહેરમાં તાપમાન મોટેભાગે ૪૨ ડિગ્રી આસપાસ જ નોંધાયું છે. ■

# ભાવનગર પણ ભડકે બળ્યું: તાપમાનનો પારો ઉપર ચડતા લોકો પરેશાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: એપ્રિલ મહિનાથી જ સમગ્ર ગુજરાતમાં ગરમીનું સામ્રાજ્ય હોય તેમ લાગી રહ્યું છે. રાજકોટ બાદ ભાવનગરમાં પણ ગરમીનું મોજું ફરી વળ્યું છે. વૈશાખ માસના આરંભ સાથે ભાવનગર જિલ્લામાં ઉનાળો આકરો બન્યો છે. શહેરમાં તાપમાનનો પારો ૪૦થી ૪૨ ડિગ્રી સતત નોંધાઈ રહ્યો છે, જેનાથી સામાન્ય નાગરિકો પરેશાન છે.

ખાસ કરીને બપોરના સમયે ચામડી દઝાડે તેવી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. ગરમ લૂ ફૂંકાઈ રહી છે અને રાત્રે પણ ઉકળાટભર્યું વાતાવરણ જોવા મળી રહ્યું છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ, લઘુતમ તાપમાન ૨૪.૪ ડિગ્રી અને ભેજનું પ્રમાણ ૪૪ ટકા નોંધાયું છે. લગભગ ૨૫ એપ્રિલ બાદ ગરમીનું મોજું ફરી વળ્યું છે.

સ્થાનિક તંત્રએ નાગરિકોને લૂથી બચવાના વિવિધ ઉપાયો જણાવ્યા છે, પરંતુ રોજબરોજના કામ અને નોકરીધંધા માટે લોકોએ બહાર નીકળવું જ પડે છે. જોકે સતત પાણી પીવું, બહારનું ખાવાનું ટાળવું અને શરીરને ઢાંકવું વગેરે જેવી તકેદારી લોકોએ રાખવી જોઈએ. ■

# પ્રથમ વખત ગુજરાત આવેલું આઈએનએસ સુરત હજીરા પોર્ટ પર બે દિવસ રોકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભારતીય નૌકાદળનું યુદ્ધ જહાજ આઈએનએસ સુરત ચોર્યાસી તાલુકાના હજીરા અદાણી પોર્ટ પર આવી પહોંચ્યું હતું. આધુનિક યુદ્ધ તક્નીકોથી સજ્જ આ લડાયક જહાજનું હજીરા પોર્ટ પર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ જહાજ તમામ ટૅક્નોલૉજીથી સજ્જ છે. સુરતમાં આમ જનતા માટે આ જહાજ નિહાળવા માટે પ્રવેશ વ્યવસ્થા નથી. તા.૧ અને ૨ મે દરમિયાન અદાણી હજીરા પોર્ટ પર માત્ર આમંત્રિતોને જ પ્રવેશ મળશે.

આ સમયગાળા દરમિયાન પોલીસ અધિકારીઓ, સેના પ્રતિનિધિઓ, એનસીસીના વિદ્યાર્થીઓ તેમ જ સામાજિક અગ્રણીઓ અને વિદ્યાર્થીઓને જહાજની અંદરથી મુલાકાત લેવા અને તેના કાર્યોની રૂપરેખા જાણવા મળશે. આવનાર દિવસોમાં સમગ્ર રાજ્યમાંથી લોકો માટે નિયત સમયગાળામાં પ્રવાસ યોજવામાં આવશે, જેમાં લોકો આઈએનએસ સુરતનું આર્કિટેક્ચર, મિસાઈલ લોન્ચિંગ સિસ્ટમ, રડાર, કમ્યુનિકેશન ડેક અને અન્ય વ્યવસ્થાઓને નજીકથી જોઈ શકશે.

આ જહાજમાં અત્યાધુનિક મિસાઈલ સિસ્ટમ, સૌથી આધુનિક રડાર તંત્ર, ઈલેક્ટ્રોનિક વોરફેર સાધનો અને સુપરસોનિક સેન્સર્સ જેવા તદ્દન આધુનિક સાધનો સજ્જ છે. તે દુશ્મન દેશોની કોઈપણ દરિયાઈ હરકત સામે તરત પ્રતિક્રિયા આપી શકે છે. નૌકાદળના અધિકારીએ જણાવ્યું હતું કે, આઈએનએસ સુરત એ માત્ર એક જહાજ નથી, તે ભારતીય નૌકાદળની શક્તિ અને આત્મનિર્ભર ભારતનું જીવંત ઉદાહરણ છે. ■

# જૂનાગઢમાં મહિલા પોલીસ સ્ટેશન સામે જ યુવાને કરી તલવારબાજી

(અમારા પ્રતિનિધિ તરફથી)

જૂનાગઢ: જૂનાગઢ શહેરના કાળવા ચોક વિસ્તારમાં એક યુવકે મહિલા પોલીસ સ્ટેશનની સામે ખુલ્લી તલવાર હવામાં ફેરવી દહેશત ઊભી કરી હતી. ઘટના સોશિયલ મીડિયામાં વાયરલ થતા પોલીસે તેને પકડી પાડ્યો હતો. યુવક માનસિક રીતે અસ્વસ્થ હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે ઘટનાની સઘન તપાસ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. જોકે સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો હતો.

શહેરનો આ વિસ્તાર વ્યસ્ત વિસ્તારોમાંનો એક છે. અહીં સેંકડો લોકોની અવરજવર થાય છે. અહીં શાકભાજી માર્કેટ પણ છે અને મહિલાઓ પણ મોટા પ્રમાણમાં અવરજવર કરતી હોય છે. આવી ઘટના પોલીસ સ્ટેશનની નજીક બની હોવાથી લોકો સવાલો કરી રહ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર યુવાનની ધરપકડ કરી લીધી છે અને તે માનસિક રીતે અસ્વસ્થ છે. તેનો વીડિયો કોઈએ ઉતારી સોશિયલ મીડિયા પર અપલોડ કર્યો હતો. ■

# લાલપુરમાં પણ ફરી વળ્યું બુલડોઝર: ગેરકાયદે દબાણ હટાવાયું

જામનગર: ગુજરાતમાં ઠેરઠેર થયેલા ગેરકાયદે દબાણને હટાવવાની ઝુંબેશ સરકારે હાથ ધરી છે. જામનગરના લાલપુરમાં પણ મોટી કાર્યવાહી કરવામાં આવી છે. અહીં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ લાલપુર તાલુકાના જોગવડ ગામમાં ગેરકાયદે બાંધકામો હટાવવામાં આવ્યા હતા. જોગવડ ગામમાં સરકારી ખરાબાના રેવન્યુ સર્વે નંબર ૨૨૩ અને ૨૩૧માં કેટલાક લોકોએ દબાણ કર્યું હતું. આ દબાણ ૭૧૫ ચોરસ મીટર જેટલી જમીન પર હતું.

તંત્રએ આ દબાણ દૂર કરી જમીનનો કબજો પુનઃ મેળવ્યો છે. આ જમીનની કિંમત અંદાજે રૂપિયા દોઢ કરોડ આંકવામાં આવે છે. કચ્છ, સૌરાષ્ટ્ર સહિત સમગ્ર વિસ્તારોમાં ગેરકાયદે બદાણો હટાવી તેને ખાલી કરાવવામાં આવી રહ્યા છે. ■